

બાડમેરમાં બસ-ટ્રક વચ્ચે અકસ્માત : 12 લોકો ભડથું

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING , SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
For Sellers
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
For Buyers
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidence Through out Buying Process
AMIT SHAH Sales Representative Dir: 647-995-5640 amit4gtahomes@gmail.com
KOMAL SHAH Sales Representative Dir: 647-624-5640 komal4gtahomes@gmail.com
Homekey236@gmail.com
Web: www.amitshah.ca
HomeLife/Miracle Realty Ltd., Brokerage* Off: 416-747-9777

FRIDAY, 12 NOVEMBER, 2021 Vol. 18, No. 46 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

## ફ્રાન્સ, જર્મની, ભારત અને ચીન સહિતના દેશોમાં કોરોનાના સંક્રમણમાં ફરી ઉછાળો

# ફ્રાંસમાં કોરોનાની પાંચમી લહેર સાથે ફફડાટ

### ફ્રાન્સમાં 24 કલાકમાં 11,883 કેસ નોંધાયા, પાંચમી લહેર વધુ ખતરનાક સાબિત થવાની આશંકા

**પેરીસ**

ફ્રાન્સમાં કોરોનાના કેસ એકાએક વધી જવાને કારણે નાગરિકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. સંક્રમણ કાબૂમાં કરવા રાષ્ટ્રપતિએ અપીલ કરી છે કે લોકો વેકિસન લગાવે. આ સાથે જ ૬૫થી વધુ વયના લોકોને બૂસ્ટર ડોઝ આપવા તાકીદ કરાઈ છે. ફ્રાંસમાં કોરોનાના કેસ દિવસેને દિવસે વધી રહ્યા છે. ગુરુવારે સ્વાસ્થ્ય મંત્રી ઓલિવર વેરે કહ્યું કે દેશમાં નવી ચિંતા ઉભી થઈ છે. જેથી આપણે આશા રાખીએ કે સંક્રમણ જલ્દીથી ખતમ થાય. સ્થાનિક મીડિયાને ઈન્ટરવ્યું આપતા તેમણે કહ્યું કે દેશમાં અન્ય પાડોશી દેશોની જેમજ પાંચમી લહેર શરૂ થઈ ગઈ છે. આ લહેરમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ ફ્રાન્સમાં ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં ૧૧,૮૮૩ કેસ નોંધાયા હતા. ઓકટોબર પછી નવેમ્બર શરૂ થતા જ સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે. આ મામલે ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેનુએવલ મેક્રોએ પણ એવું નિવેદન આપ્યું કે દેશમાં કોરોના કેસની સંખ્યા દિવસેને દિવસે વધતી જઈ રહી છે.


અગાઉ અહીયાના રાષ્ટ્રપતિએ એવું નિવેદન આપ્યું હતું કે ૬૫ વર્ષ અને તેનાથી જેની વધારે ઉમર વાળા વ્યકિતઓએ સાવચેતી રાખવી જરૂરી છે. ૧૫ ડિસેમ્બરથી અહીયા ૬૫ વર્ષ કરતા વધુના લોકોને બૂસ્ટર ડોઝ આપવનાની પણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રપતિએ લોકોને આગ્રહ કર્યો છે કે તેઓ લોકો વેકિસન લગાવે. જોકે બૂસ્ટર ડોઝની વાત કરીએ તો જે લોકોનો ઈમ્યુનીટી પાવર ઓછો છે તે લોકોને અહીયા બૂસ્ટર ડોઝ આપવાની વાત કરવામાં આવી છે.

## જર્મનીમાં રેકોર્ડબ્રેક કેસ : એક જ દિવસમાં 50,000થી વધુ દર્દી મળ્યા

**બર્લિન**

જર્મનીમાં ગુરુવારે કોવિડ-19ના 50,196 નવા કેસ સામે આવ્યા હતા. મહામારીની શરૂઆત બાદ આ પ્રથમ વખત એવું બન્યું છે કે જ્યારે જર્મનીએ નવા કેસમાં 50 હજારનો આંક પાર કર્યો છે. ગુરુવારે કોરોનાને કારણે 235 દર્દીના મોત થયા હતા. સેકસોની રાજ્યએ વેક્સિન નહી લેનારા લોકો પર બાર, રેસ્ટોરાં તેમજ જાહેર કાર્યક્રમોમાં સામેલ થવા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. બીજી તરફ જર્મનીના ટોપ વાયરોલોજિસ્ટ ક્રિશ્ચિયન ડ્રોસ્ટને આગામી દિવસોમાં 1 લાખ લોકોના મૃત્યુ થવાની આશંકા વ્યક્ત કરી છે.

ડ્રોસ્ટને ઈમરજન્સી જણાવ્યુ હતું કે, આપણે તાકીદે પગલાં લેવા જોઈએ. તેમણે કોરોનાના UK સ્ટ્રેન પર થયેલી સ્ટડી બાબતે જણાવતા કહ્યું હતું કે વાયરસ સંક્રમિત હોવાની સાથે જીવલેણ પણ થઈ ગયો છે. ડોકટરોનું કહેવું છે કે આ અત્યાર સુધીની સૌથી ખરાબ લહેર હોઈ શકે છે. હાલ જર્મનીમાં સંક્રમણ અને મૃત્યુમાં પણ વધારો નોંધાયો છે.



## બેઈજિંગમાં હાઉસિંગ, મોલ, કોલોનીઓ સીલ

ચીનની બેજિંગમાં સ્થાનિક અધિકારીઓએ એક મોલ અને કેટલીક હાઉસિંગ સોસાયટીને સીલ કરી દીધી છે. છેલ્લા એક મહિનાથી ચીનમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. કોરોના પોઝિટિવ આવેલા એક વ્યક્તિએ ડોંગચેંગમાં આવેલા રાફેલ્સ સિટી મોલની મુલાકાત લીધી હોવાનું બહાર આવતા આખાય મોલને બુધવારે સાંજે સીલ કરી દેવાયો હતો.

## ટેસ્લાના એલન મસ્કે રૂપિયા 8190 કરોડના શેર વેચ્યા

### ટવીટર પર થયેલા પોલમાં મસ્કના નિર્ણયને 58% લોકોએ વધાવ્યો હતો


**કેલિફોર્નિયા**

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ તથા ટેસ્લા તેમજ સ્પેસએક્સના માલિક એલન મસ્કે અંતે તેમની કંપનીમાંથી પોતાના રૂા. 8,190 કરોડના (1.1 અબજ ડોલર)ના શેર વેચી નાખ્યા છે. હાલમાં જ એલન મસ્કને તેમની જંગી મિલ્કતમાંથી ટેસ્લાના શેર મારફત ગરીબ દેશોના લોકોનો ભૂખમરો ભાંગવા માટે નાણા આપવા અપીલ કરી હતી. મસ્કે ટવીટર પર આ અંગે પોસ્ટ કરીને લોકોનો અભિપ્રાય માગ્યો હતો અને મસ્કનાં આ વલણને જોરદાર સમર્થન મળ્યું હતું. 35 લાખ લોકોમાંથી 58 ટકા લોકોએ મસ્કને તેના શેર વેચવા માટે સલાહ આપી હતી. જેના



કારણે મસ્કે 8,190 કરોડના શેર વેચી દીધા છે જો કે તેના નાણાના ઉપયોગ અંગે હજુ એલન મસ્કે કોઈ જાહેરાત કરી હતી પરંતુ મસ્કના આ પગલાથી છેલ્લા ત્રણ દિવસમાં તેની કંપનીના શેરના ભાવમાં કડાકા થતાં મસ્કની મિલ્કત 50 અબજ ડોલર ઘટી ગઈ છે. જે અત્યાર સુધીની સૌથી મોટો કડાકો છે. જો કે માનવામાં આવે છે કે મસ્કે પોતાની કરવેરા સહિતની જવાબદારી પૂરી કરવા માટે આ શેર વેચ્યા છે. એલન મસ્ક દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ છે અને તેની સંપત્તિ 300 અબજ ડોલર થઈ ગઈ છે.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM



SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Serving Greater Toronto Region
Cell: 647-502-8069
Fax: 416-253-9461

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002



1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# મકાન ખરીદવા મોરગેજ-પ્રિ-એપ્રુવલ માટે ધસારો

## કાયમી નિવાસી બનવા જઈ રહેલા 4 લાખ પૈકી 2 લાખ લોકો મકાન ખરીદવાની વેતરણમાં, કોરોનાકાળમાં નબળા પડેલા વ્યાજદરમાં ફેરફાર સંભવ

**ટોરોન્ટો**

કેનેડામાં ઘર ખરીદનારાઓ નીચા મોરગેજ દરનો અંત આવે તે પહેલા મોરગેજ-પ્રીએપ્રુવલ માટે ધસારો કરી રહ્યા છે એવું અનુમાન કેટલાક અર્થશાસ્ત્રીઓ લગાવી રહ્યા છે.

રિયલ એસ્ટેટ અને મોરગેજ સાથે સંકળાયેલા લોકોના જણાવ્યા પ્રમાણે તેના ગ્રાહકો હાલ વ્યાજના જે નીચા દરો છે તેનો લાંબા ગાળા સુધી લાભ કઈ રીતે લઈ શકાય તેની વેતરણમાં છે. કારણ કે, ટોરોન્ટોના હાઉસિંગ માર્કેટમાં આજે તેજીનું વાતાવરણ છે અને નીચી કિંમતે મકાન ખરીદવાનું મુશ્કેલ બનવાનું છે. આજે વેચનારનું બજાર છે અને પરિસ્થિતિ એવી છે કે, તમે ખરીદતી વખતે ભાગ્યે જ સોદાબાજી કરી શકો છો. કારણ કે, લગભગ 4 લાખ લોકો તેને કાયમી નિવાસીનો દરજ્જો મળે તેની રાહ જોઈ રહ્યા છે અને તેમાંથી 2 લાખ લોકો મકાન ખરીદવાની યાદીમાં છે,




એમ ટોરોન્ટો ખાતેના સ્ટ્રેટેજિક મોરગેજ સોલુશન્સ ઈન્કોર્પોરેટના મલિક એસટી જેક જણાવે છે.

તે કહે છે કે, ખરીદનારાઓ મકાનના ભાવોના આંકડા જોઈને પોતે નબળા પડી ગયા હોય તેવું અનુભવે છે અને તેથી પોતાની સ્થિતિ સુધારવા માટે એડી ચોંટીનું જોર લગાડી રહ્યા છે. સંભવિત મકાન ખરીદનારાઓ ગીરનારાઓ તરફથી જે હાલના દરે કામ થઈ રહ્યું છે તે ચાલુ રહે અને મોરગેજ માટેનો દર કમથી કમ 130 દિવસ સુધી સ્થગિત રાખવામાં આવે તેમ ઈચ્છે છે.

દરેક બેન્કના મોરગેજના વ્યાજદર અલગ-અલગ હોય છે. પરંતુ રેટહબ.સીએ દર્શાવે છે કે, દેશની ટોચની પાંચ બેંકો મોરગેજના વ્યાજદર ઓછામાં ઓછા 2.62% અને વધુમાં વધુ 2.94% દર્શાવે છે. ત્રણ વર્ષ માટે મોરગેજના ફિક્સ દર 2.49-3.49% છે. જયારે 5 વર્ષ માટે જુદી-જુદી બેંકોના દર 1.40%-1.75%ની વચ્ચે છે. પરંતુ બેન્ક ઓફ કેનેડાએ સંકેત આપ્યા છે કે, મહા-રોગચાળાને કારણે જે નિયમનો હતા તે હળવા થવાને કારણે હવે વ્યાજના દર વધવાની શક્યતા છે.

# ફાઈઝર બાયોટેકની રસીને કેનેડામાં કોવિડ બુસ્ટર ડોઝ તરીકે માન્યતા

## જુદા-જુદા રાજ્યોએ બુસ્ટર ડોઝ માટે પોટ-પોતાની રીતે અલગ વ્યવસ્થા કરી

**ઓટ્ટાવા**

હેલ્થ કેર કેનેડાએ ફાયઝર બાયોટેકને કોવિડ-19 માટે વેક્સીન બનાવવાની મંજૂરી આપી દીધી છે. 18 વર્ષથી ઉપરના લોકો માટે આ મંજૂરી આપવામાં આવી છે. જો કે, દેશભરમાં ભારે જોખમી આરોગ્ય ધરાવતા લોકોને વેક્સિનનો ત્રીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે. આ ડોઝ એ રીતે તૈયાર કરવામાં આવે છે કે, જેમને કોવિડ-19 વેક્સિનના બે ડોઝ લીધા હોય, તેઓને કાયમી ધોરણે વાઈરસની સામે રક્ષણ આપવામાં મદદ મળી શકે. આ બુસ્ટર ફાયઝર બાયોટેક્નું નિયમિત ઉત્પાદન છે અને 6 મહિનાના ગાળા બાદ તેની વેક્સીન આપી શકાય છે. પહેલા બે ડોઝના ક્લિનિકલ ટ્રાયલના પરિણામો અગાઉની વેક્સિનના બે ડોઝના પરિણામો જેવા જ હતા. હેલ્થ કેનેડાની સમીક્ષામાં જાણવા મળ્યું હતું કે, આ બુસ્ટર ડોઝ કાયમી સલામતી, ક્ષમતા અને ગુણવતાની જરૂરિયાતને સંતોષે છે. જુદા-જુદા રાજ્યોએ બુસ્ટર ડોઝ માટે પોટ-પોતાની રીતે અલગ વ્યવસ્થા કરી છે. ફાયઝર બાયોટેકની વેક્સીન લાંબા ગાળા સુધી વધુ જોખમી બીમારી ધરાવતા લોકોને રક્ષણ આપતી હોવાથી તેનો ઉપયોગ દેશના અનેક ભાગોમાં કરવામાં આવે છે. મોટાભાગના બુસ્ટર ડોઝ જોખમી બીમારી અને વૃદ્ધોની ક્ષમતા વધારવા માટે આપવામાં આવે છે. કેટલાક રાજ્યોએ પોતાના વિસ્તારણાં બધા જ લોકોને બુસ્ટર ડોઝ આપવાનું અભિયાન શરુ કર્યું છે.

# ટોરોન્ટો સીટી કાઉન્સિલ કાફે-ટુ યોજનાને કાયમી મંજૂરી આપશે

**ટોરોન્ટો**

સીટી કાઉન્સિલે કેફે-ટુ અંતર્ગત રેસ્ટોરન્ટ્સ અને બારને ખુલ્લા સ્થળોમાં ભોજનની વ્યવસ્થા આપવાની નવી યોજનાને કાયમી કરતી મંજૂરી આપી છે. ગયા વર્ષે પહેલી વખત આ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો હતો. જેનો હેતુ કોવિડ-19ના મહા-રોગચાળા દરમિયાન નુકસાન ઉઠાવી રહેલા રેસ્ટોરન્ટ્સ અને બારને મદદ કરવા માટે ગ્રાહકોને ખુલ્લી જગ્યાએ ભોજન આપવાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનામાં આજુબાજુના કાફે તથા સીઝનલ કેફેને પણ તક પુરી પાડવામાં આવી છે. કર્મચારીઓએ ગયા મહિને એવી ભલામણ કરી હતી કે, આઉટડૉર ડાયનિંગના કાર્યક્રમને કાયમી મંજૂરી આપવી જોઈએ. એ ભલામણ પર કાઉન્સિલે સક્રિય વિચારણા કરીને તેનો અમલ શરુ કર્યો હતો. બુધવારે ઠરાવ પસાર થયા બાદ મીડિયા સમક્ષ મેયર જ્હોન ટોરીએ જણાવ્યું હતું કે, કેફે-ટુ કાર્યક્રમ 1200 રેસ્ટોરન્ટ્સ અને મુખ્ય શેરીઓના બાર્સને પણ મદદ કરવા માટે ચાલુ કરવામાં આવ્યો હતો. કોવિડના રોગચાળા દરમિયાન આ ક્ષેત્રને ભારે નુકસાન થયું હતું અને તેથી હોટેલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગને આર્થિક ટેકો આપવા માટે આ યોજના શરુ કરવામાં આવી હતી.

# ઓન્ટેરિયોમાં જોખમી સ્થળો પરથી હવે નિયંત્રણો ઉઠાવી લેવા હિલચાલ

## ક્ષમતાની મર્યાદા અને ફિઝિકલ ડિસ્ટન્સિંગનો અમલ થોડા સમય સુધી નાઈટ ક્લબોમાં ચાલુ રખાશે

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોમાં રાજ્યની જાહેર આરોગ્ય સેવા તરફથી જણાવવામાં આવ્યું છે કે, ઓન્ટેરિયો ભારે જોખમવાળા સ્થાનો પર ક્ષમતા સબંધી જે નિયમો લાદવામાં આવ્યા હતા તે ઉઠાવી લેવા માંગે છે અને તેના માટેની ચેતવણીઓ બહાર પાડવામાં આવી હતી તે પણ દૂર કરવામાં આવશે.

ક્ષમતાની મર્યાદા અને ફિઝિકલ ડિસ્ટન્સિંગનો અમલ થોડા સમય સુધી નાઈટ ક્લબોમાં ચાલુ રાખવામાં આવશે. આવા ક્લબોમાં ડાન્સિંગ માટે પૂરતી જગ્યા હોવા છતાં પણ આ નિયમો ચાલુ રહેશે. દાખલા તરીકે લગ્નોનું રિસેપ્શન અથવા સ્ટ્રીપ ક્લ્બ તથા બીજા આવા સ્થળોએ આવનારા લોકોએ વેક્સિનેશનના પુરાવાઓ રજુ કરવા પડશે. મર્યાદા સંબંધી નિયમો 15મી નવેમ્બર સુધી ઉઠાવી લેવામાં આવશે અને રાજ્યના સત્તાવાળાઓ 28 દિવસ સુધી આ સ્થળોએ આ નિયમોનો અમલ કેટલી ચોક્સાઈથી થાય છે. તેની તપાસ થશે. જયારે ઓન્ટેરિયોમાં સલામતી અને ચેતવણી માટેના નિયમોમાં સુધારો થઈ રહ્યા છે અને આવા સ્થળો ફરીથી ખુલ્લી રહ્યા છે ત્યારે આ સ્થળો પર નિયમોનું પાલન કરી રીતે થઈ રહ્યું છે તેના પર ધ્યાન અપાઈ રહ્યું છે. કારણ કે શિયાળાની રજાઓમાં વધુમાં વધુ લોકો ક્લબો અને અન્ય આવા સ્થળોએ વધુ પ્રમાણમાં ભેગા થવા લાગશે.

આરોગ્ય વિભાગના ચીફ મેડિકલ ઓફિસર ડો. કિરેન મુરે જણાવ્યું હતું કે, હવામાન દિવસે દિવસે ઠંડુ થતું જાય છે, ત્યારે ઈન્ફેક્શનના દરમાં પણ વધ-ઘટ થતી રહેશે અને આગામી મહિનાઓમાં તેનું પ્રમાણ વધશે.

# ટોરોન્ટોમાં યુવતીઓ પર બળાત્કાર કેસમાં 70 વર્ષીય વૃદ્ધ આરોપીની આખરે ધરપકડ

## 1994 અને 1996ની વચ્ચે બાળકો સાથે મિત્રતા કરી આરોપી બળાત્કાર કરતો હતો

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો ખાતે રહેતા ઓસાવા નામની એક વ્યક્તિ 1990માં ડઝનબંધ બળાત્કારના આરોપોનો સામનો કરી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે, આ શકમંદ વ્યક્તિએ 1994 અને 1996ની વચ્ચે બાળકો સાથે મિત્રતા કરી બળાત્કાર કરતો હતો.

ટોરોન્ટોના સ્કારબોરો વિસ્તારમાં આ આરોપીએ 9 અને 14 વર્ષની છોકરીઓ પર બળાત્કાર કર્યો હતો. આ શકમંદ હાલમાં 70 વર્ષનો થયો છે અને તેના પર જાતીય સતામણીના 6 કાઉન્ટ, બળાત્કાર કરવાના પ્રયત્ન બદલ 5 કાઉન્ટ અને જાતીય વિકૃતિ બદલ 2 કાઉન્ટના ગુના નોંધવામાં આવ્યા છે. પોલીસે તેને ઓક્ટોબરના અંતમાં પહેલી વખત અદાલત સમક્ષ રજુ કર્યો હતો.



# ટોરોન્ટો BAPS મંદિરે દિવાળીની પરંપરાગત ઉજવણી

## મંદિરમાં સુંદર રગોળીઓ બનાવાઈ, ભગવાનને અન્નકુટ ધરાવાયો, 3 દિવસ સુધી ચાલેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાયું

**ઓન્ટેરિયો**

ટોરોન્ટોના BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, 61 ક્લેરવિલે ડ્રાઈવિન ખાતે 4-7 નવેમ્બર દરમિયાન દિવાળીની ઉજવણી થઈ હતી. BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે દિવાળીની ઘણી પરંપરાઓ મુજબ પૂજા અને ધાર્મિક વિધિ થઈ હતી. મંદિરમાં સુંદર રંગોળીઓ બનાવવામાં આવી હતી. અન્નકુટ, મીઠાઈઓ અને ખોરાકનો શણગારાત્મક ભગવાનને અર્પણ કરાયો હતો.

મુલાકાતીઓ શારીરિક અંતર જાળવી શકે તે માટે તહેવારોના કાર્યક્રમોનું ઘણા દિવસો સુધી આયોજન થયુ હતુ. દરેકની સલામતી માટે, મુલાકાતીઓએ પૂર્વ નોંધણી કરાવવી અને માસ્ક પહેરવાની જરૂર હતી. વધુમાં ઉજવણીનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ તકે સરકારમાંથી વિશેષ મહેમાનો ઉજવણીમાં સામેલ થયા હતા, જેમાં અનિતા આનંદ (સાંસદ, રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રી), અહેમદ હુસેન (એમપી, હાઉસિંગ અને વિવિધતા અને સમાવેશ મંત્રી), એરિન ઓ'ટૂલ (એમપી, કેનેડાના કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા, વિરોધ પક્ષના નેતા),







ડગ ફોર્ડ (ઑન્ટારિયોના પ્રીમિયર) તથા પૂજા જોન ટોરી (ટોરોન્ટોના મેયર), પેટ્રિક બ્રાઉન (બ્રેમ્પટનના મેયર), અપૂર્વ શ્રીવાસ્તવ (ભારતના કોન્સલ જનરલ, ટોરોન્ટો) હાજર રહ્યા હતા.

પ્રીમિયર ડગ ફોર્ડે કહ્યું, "અહીં સુંદર BAPS મંદિરમાં આવવું ખૂબ જ આનંદની વાત છે. તમે જાણો છો કે આ એક અદ્ભુત સમુદાય છે. હું પરિવારનો એક ભાગ અનુભવું છું. કારણ કે તેઓ અમારા પરિવારનો ભાગ છે.

આ પ્રકાશની ઉજવણી છે અને અંધકાર પર પ્રકાશ અને અનિષ્ટ પર સારા તત્વોનું ઔચિત્ય દર્શાવે છે.

# સસ્તા મકાનના વેચાણ માટે ઓન્ટોરિયો વિસ્તારમાં ટાસ્ક ફોર્સ રચવા વિચારણા

## ગત વર્ષ કરતા મકાનની કિંમતમાં 16%નો વધારો થયો, ભાડા પણ 14 ટકા વધ્યા

**ટોરોન્ટો**

મકાનોની કિંમતમાં વધારો અને વેચાણની સંખ્યામાં છેલ્લા એક વર્ષ દરમિયાન આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખતા ઓન્ટોરિયો સસ્તા મકાન માટે એક ટાસ્ક ફોર્સ રચવાના સૂચન પર વિચારણા કરી રહ્યું છે.

સરકારે તાજેતરમાં આર્થિક મંદી 2020-2021નો એક અહેવાલ રજુ કર્યો છે. તેમાં આંકડા અને ઉદાહરણો સાથે રાજ્યોના હાઉસિંગ માર્કેટને કેવી અસર થઈ છે તે સમજાવવામાં આવ્યું છે. ઉપરાંત વેંચાણ અને કિંમત બંનેમાં જે વધારો થયો છે તે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગત વર્ષ દરમિયાન ઓન્ટોરિયોની સરકારને 3.7 બિલિયન ડોલરની આવક જમીન તબદિલીના કરવેરામાંથી જ થઈ હતી. તેથી એવી ધારણા રાખવામાં આવે છે કે, આગામી વર્ષમાં રોકેટગામી ગતિથી આ આવક વધીને 5 બિલિયન ડોલર પર પહોંચશે. ઓન્ટોરિયો માટે 2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન જે

### જમીન તબદિલીના કરવેરામાંથી મળતી આવક પાંચ બિલિયન ડોલર સુધી પહોંચવાની સંભાવના

અનુમાન જાહેર કરવામાં આવ્યું હતું તેના કરતા 759 બિલિયન ડોલરની વધુ આવક થઈ છે. મ્યુનિસિપલ એન્ડ હાઉસિંગ એફેર્સ મિનિસ્ટરના પ્રવક્તા સ્ટીવ ક્લાર્કે જણાવ્યું હતું કે, સરકાર પોતે જ હાઉસિંગ સપ્લાઈ એક્શન પ્લાન તૈયાર કરવાની આશા રાખે છે. અમે જાણીએ છે કે, આ બાબતે હજુ ઘણું બધું કરવાનું બાકી છે અને તેથી જ અમે હાઉસિંગ એફોર્ડેબીલીટી ટાસ્ક ફોર્સની રચના કરી રહ્યા છે. એમ ડિરેક્ટર ઓફ કમ્યુનિકેશન ઝો નોવેલ્સે જણાવ્યું હતું.

આ ટાસ્ક ફોર્સ રચવાનો હેતુ મકાનોનો પુરવઠો વધારવામાં મદદ કરવી અને સસ્તા મકાનો કઈ રીતે બનાવી શકાય તેના પર ધ્યાન આપવાનો છે. હાલની યોજનામાં પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવની સરકાર નવા મકાનોમાં વધુ મૂડી રોકાણ કરે છે. તેમણે નોંધ લીધી છે કે, હાલના સમયમાં ગયા વર્ષ કરતા મકાનની કિંમતમાં 16%નો વધારો થયો છે. જયારે મકાન ભાડામાં 14%નો વધારો થયો છે.

# કેનેડાના બ્રિટીશ કોલંબિયા સિટીમાં ક્લાઇમેટ ચેન્જનો પ્રથમ દર્દી મળ્યો



ઉનાળામાં મહિલાને શ્વાસ લેવામાં તકલીફ થઇ હતી અને તે હીટ સ્ટ્રોકનો ભોગ બની હતી

**ટોરોન્ટો**

જેઓ ગ્લોબલ વોર્મિંગમાં માનતા નથી તેમના માટે ચિંતાજનક સમાચાર છે. કારણ કે કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના એક ડૉક્ટરે કેનેડાની એક 70 વર્ષીય મહિલા 'ક્લાઈમેટ ચેન્જ'થી પીડિત હોવાનું નિદાન કર્યું છે.

કેનેડામાં ક્લાઈમેટ ચેન્જની પ્રથમ દર્દી મળી આવી છે. 70 વર્ષીય મહિલા ક્લાઈમેટ ચેન્જથી પીડિત પ્રથમ દર્દી હોવાનું માનવામાં આવે છે. ઉનાળામાં મહિલાને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી અને તે હીટ સ્ટ્રોકનો ભોગ બની હતી. એવું પહેલી વાર બન્યું છે કે, ડૉક્ટરોએ આ દર્દીની નિદાન વિગતોમાં ક્લાઈમેટ ચેન્જ શબ્દનો ઉપયોગ કરવો પડ્યો છે.

જૂનથી, સેંકડો લોકો ગરમીના મોજામાં મૃત્યુ પામ્યા છે. જૂન મહિનાની ગરમીએ કેનેડિયન ગરમીના રેકોર્ડ તોડી નાખ્યા હતા. બ્રિટિશ કોલમ્બિયામાં લિટનમાં જૂન 29ના રોજ 49.6 ડિગ્રી સેલ્સિયસનું સર્વકાલીન ઉચ્ચ તાપમાન નોંધાયું હતું. જયારે જૂન મહિનામાં જ કેનેડામાં 500 લોકોના મૃત્યુ ગરમીને કારણે થયા હતા.

# સિટી ટોરોન્ટો નવી લાઈન માટે ડ્રાઈવરને લાઇસન્સ નહિ આપે

### કાઉન્સિલની મેનેજમેન્ટની બેઠકમાં આ બાબતનો ઠરાવ 20 વિરુદ્ધ 3 મતે પસાર કરાયો

**ઓન્ટેરિયો**

ટોરોન્ટો સીટી કાઉન્સિલ તેના કર્મચારીઓને નવા રાઈડ હેલિન્ગ ડ્રાઈવરને લાઈસન્સ આપવા બંધ કરવાનું જણાવશે. જ્યાં સુધી ડ્રાઈવર માટેનો તાલીમ કાર્યક્રમ અમલમાં ના આવે અને સલામત સેવાનો બંદોબસ્ત ના કરવામાં આવે ત્યાં સુધી નવા લાઈસન્સ આપવામાં નહિ આવે.

બુધવારે કાઉન્સિલની મેનેજમેન્ટની બેઠકમાં આ બાબતનો ઠરાવ 20 વિરુદ્ધ 3 મતે પસાર કરવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ લાઈસન્સિંગ એન્ડ સ્ટાન્ડર્ડના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર કાર્લ્ટન ગ્રાન્ટે કહ્યું હતું કે, પરિવહન કંપનીઓના ડ્રાઈવરોને કામચલાઉ રીતે લાઈસન્સ આપવાનું બંધ કરવું જોઈએ. લાઈસન્સ આપવાની શરૂઆત ડ્રાઈવરોને માન્યતા આપતા કાર્યક્રમમાં ડ્રાઈવરો ઉતીર્ણ થાય ત્યારબાદ આપવામાં આવશે. અરજદાર ડ્રાઈવરોએ આ ટ્રેનિંગ કોર્સ પૂરો કર્યો છે તેવું પ્રમાણપત્ર પણ રજુ કરવું પડશે.

આ ઠરાવને ટેકો આપનાર મેયર જ્હોન ટેરી અને કાઉન્સેલર ક્રિસ્ટિન વોન્ગ ટેમે કહ્યું હતું કે, આ મુદ્દો લોકોની સલામતીનો છે. તેથી તેને વધુ મહત્વ આપવું જોઈએ. ટોરીએ જણાવ્યું હતું કે, અમારા અધિકારીઓ સહિત કોઈ પણ આ ઠરાવને વિલંબમાં મુકવાનો પ્રયત્ન કરી શકશે નહિ. ગઈ કાલે જ મેં કહ્યું હતું કે, કર્મચારીઓએ રોગચાળા દરમિયાન નોંધપાત્ર ફરજો નિભાવી છે. પરંતુ છેલ્લા અઢી વર્ષ સુધી તાલીમના કાર્યક્રમનો અમલ થઈ શક્યો નહોતો અને આજે પણ તેમાં વિલંબ થઈ રહ્યો છે, તે સ્વીકારી શકાય તેમ નથી.

# આગથી ઓન્ટેરિયોના જંગલમાં નુકસાન, મૂળ નિવાસીઓને ઉત્તર-પશ્ચિમ તરફ ખસેડાયા

## અગાઉ 1995માં 80000 હેક્ટર જમીનમાં ઉભેલી વન્ય સંપદા સળગી ગઇ હતી

**ઓન્ટેરિયો**

જંગલોમાં લાગેલી આગને પરિણામે ઓન્ટેરિયોના મૂળ નિવાસીઓને ઉત્તર-પશ્ચિમમાં ખસેડવાની ફરજ પડી છે. 2021ના આ ઉનાળામાં આગને કારણે જમીનને થયેલા નુકસાને નવો ઈતિહાસ સર્જ્યો છે અને 26 વર્ષ પહેલા થયેલા નુકસાનના આંકડા વટાવી દીધા છે.

ઓન્ટેરિયોના એવિએશન, ફોરેસ્ટ, ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસીસ તરફથી જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ જંગલમાં લાગેલી ભયકંર આગને પરિણામે 2021માં 3000થી વધુ લોકોને કામચલાઉ રીતે અન્ય સ્થળોએ ખસેડવા પડ્યા હતા. ખાસ કરીને આ સીઝનમાં મૂળ વતનીઓને રાજ્યના ઉતર-પશ્ચિમ વિસ્તારમાં ખસેડવામાં આવ્યા હતા.

ઓન્ટેરિયોના જંગલમાં આગ લાગવાને કારણે 7,93,000 હેકટરથી વધુ જમીનને નુકસાન થયું હતું. જે એક આખા ગ્રેટર ટોરોન્ટો વિસ્તારને સમકક્ષ થવા જાય છે અને આ અગાઉ 1995માં જંગલી આગમાં 80000 હેક્ટર જમીનમાં ઉભેલી વન્ય સંપદા સળગી ગઈ હતી. 2021ની શરૂઆતમાં લાગેલી આગમાં 13000 હેક્ટર જમીન બળી ગઈ હતી એમ ઓક્ટોબર મહિનામાં એ.એફ. એફ.એ.એસ. તરફથી જણાવવામાં આવ્યું હતું. છેલ્લા એક દાયકામાં આ રાજ્યના જંગલમાં લાગેલી બે આગમાં જમીનને નોંધપાત્ર નુકસાન થયું હતું. કેનોરા-51 નામની આગમાં 2,00,000 હેક્ટર જમીનમાં નુકસાન થયું હતું અને ત્યારપછી જંગલી આગમાં જમીનને નુકસાન થવાનું પ્રમાણ વધતું જ રહ્યું છે.

રાજ્યના ફાયર ઈન્ફોર્મેશન ઓફિસર ક્રિસ મર્ચન્ટે કહ્યું હતું કે, આ વિસ્તારના પશ્ચિમ વિભાગમાં મેનિટોબાની સરહદ પર નજીક-નજીકમાં જ હવામાન મથકો સ્થાપવામાં આવ્યા છે અને આ મથકો દ્વારા આપવામાં આવેલા આંકડાઓ મુજબ મેં, જૂન અને જુલાઈ મહિનામાં 270 અને 300 મી.મી. વરસાદ પડ્યો હતો. પરંતુ 2021ના આ ત્રણ મહિનાઓમાં હવામાન મથકો દ્વારા જણાવ્યા મુજબ મેનિટોબા ખાતે અપેક્ષા કરતા અડધો વરસાદ પડ્યો છે. કેટલીક જગ્યાએ તો 100 મી.મી. કરતા પણ ઓછો વરસાદ પડ્યો છે તેના પરિણામે દુકાળ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જંગલમાં આગ લાગવાના બનાવો વધવાની સંભાવના પણ સર્જાઈ છે. ઓછામાં પૂરું ભારે પવનો ફુંકાતા જંગલમાં આગ ફેલાવવાની શક્યતા પણ લાગી રહી છે.

તંત્રી સ્થાનેથી

# પંજાબ બાદ હવે ઉડતા ગુજરાત રાજ્યમાં ડ્રગ્સનું મસમોટું નેટવર્ક



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ગુજરાતમાં ડ્રગ્સનું દૂષણ ફેલાઈ રહ્યું હોવાની વાતો વચ્ચે બુધવારનો દિવસ ડ્રગ્સના સમાચારોથી છવાયેલો રહ્યો. એકસાથે ચાર-ચાર ઠેકાણેથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાતાં આખા ગુજરાતમાં ખળભળાટ મચ્યો. ગુજરાતમાં ડ્રગ્સ પકડાવાની પહેલી ઘટનામાં અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાંથી પોલીસે મેથાફેટમાઈન ડ્રગ્સ સાથે બે આરોપીને ઝડપી લીધા. સરખેજ સાણંદ હાઈવે પાસે આ બંને ડ્રગ પેડલર ડ્રગ્સની ડિલિવરી કરવા આવેલા, પણ એ પહેલાં જ ઝડપાઈ ગયા. અમદાવાદના જુહાપુરાના મોહમ્મદ એજાઝ અને શાહનવાઝ ગાગી પાસેથી પોલીસને લગભગ પોણા બે લાખની કિંમતનું સાડા સત્તર ગ્રામ ડ્રગ્સ જ મળ્યું છે પણ આ ઘટના ગંભીર છે. કેમ કે, આ ડ્રગ્સ ડ્રગ્સના બંધાણીઓને અપાવાનું હતું. તેનો મતલબ એ થાય કે, એક મજબૂત ડ્રગ્સ નેટવર્ક કામ કરે છે. બીજી ઘટનામાં સુરતમાંથી સુરત પુણા નિયોલ ચેક પોસ્ટ પાસેથી સાડા છ લાખનું એમડી ડ્રગ્સ ઝડપાયું. રાજસ્થાનથી ડ્રગ્સ લઈને આવતા પેડલરને ઝડપીને પોલીસે તેની પાસેથી ડ્રગ્સ કબજે કર્યું છે.

આ ઘટનાથી એટલુ સ્પષ્ટ છે કે, અમદાવાદની જેમ સુરતમાં પણ સુવ્યવસ્થિત રીતે ડ્રગ્સ નેટવર્ક અસ્તિત્વમાં છે. આ સાથે જ છેક રાજસ્થાનથી પેડલર ડ્રગ્સ લઈને સુરત સુધી આવ્યો, તેનો અર્થ એ થાય કે, સુરતમાં ડ્રગ્સ લેનારાઓ છે અને આ માલ ખપી જાય છે. અમદાવાદ અને સુરત કરતાં મોટી ઘટના સૌરાષ્ટ્રમાં બની છે. જ્યાં એકસામટું ૬૬ કિલો ડ્રગ્સ ઝડપાયું છે. સૌરાષ્ટ્રમાં આવેલા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા નજીકથી ઝડપાયેલા આ ૬૬ કિલો ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં લગભગ રૂપિયા ૩૫૦ કરોડની આસપાસ થાય છે. આ ડ્રગ્સ વાડીનાર અને સલાયા એમ બે સ્થળેથી ઝડપાયું છે.

પોલીસને વાડીનારમાં ડ્રગ્સ ઉતર્યું હોવાની ખબર પડતાં દરોડો પાડ્યો, તેમાં પહેલાં ૪૮ કિલો ડ્રગ્સ ઝડપાયુ હતુ. આ ડ્રગ્સનો જથ્થો જેની પાસેથી મળ્યો તેની પૂછપરછ કરાતાં તેણે સલાયા સુધી ડ્રગ્સ કૌભાંડના છેડા હોવાની કબૂલાત કરી. જે પછી પોલીસ તરત સલાયા પહોંચી તો ત્યાંથી બીજું ૧૮ કિલો ડ્રગ્સ મળી આવ્યું. આમ બંને ઠેકાણે મળીને પોલીસને કુલ ૬૬ કિલો ડ્રગ્સ મળ્યું છે. ગુજરાતમાં એક જ દિવસમાં ચાર ઠેકાણેથી ડ્રગ્સ મળે એ વાત આંચકો આપનારી છે. ગુજરાતમાં ડ્રગ્સનું દૂષણ કઈ હદે પગપેસારો કરી રહ્યું છે તેનો આ પુરાવો છે. આ ચાર ઘટના પછી સફાળી જાગેલી ગુજરાત સરકારે પત્રકાર પરિષદ કરવી પડી. ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ આ પત્રકાર પરિષદમાં પોલીસની પીઠ થાબડી અને પોલીસે જોરદાર કામગીરી કરી તેનાં ગાણાં ગાયાં.

ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જ આપેલી માહિતી પ્રમાણે દ્વારકા-સલાયામાં એક સાથે ૬૬ કિલો ડ્રગ્સ પકડાયું એ દેશના ઈતિહાસમાં સૌથી મોટો પર્દાફાશ છે. સત્તાવાર માહિતી પ્રમાણે ગુજરાતમાં છેલ્લા ૫૫ દિવસમાં ૨૪૫ કરોડથી વધુની રકમનો ૫૭૫૬ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. ઉપરાંત ૯૦થી વધુ આરોપીને પોલીસે જેલભેગા કરી દીધા છે. છેલ્લાં બે મહિનાથી રાજ્ય સરકાર અને પોલીસ વિભાગ દ્વારા ડ્રગ્સના ૫૮ કેસ કરાયા છે. હજુ ડ્રગ્સ પેડલરને પકડવાની કામગીરી ચાલી રહી છે.

ગુજરાતમાં છેલ્લા બે મહિનામાં દરરોજ ડ્રગ્સનો એક નવો કેસ નોંધાયો છે અને બે પેડલર જેલની હવા ખાતા થઈ ગયા છે. સંઘવીએ પોતે ૫૭૫૬ કિલો ડ્રગ્સ પકડાયાનું કબૂલ્યું છે તેનો અર્થ એ થાય કે, ગુજરાતમાંથી છેલ્લા બે મહિનામાં દરરોજ ૧૦૦ કિલો કરતાં વધારે ડ્રગ્સ પકડાયું છે. જે ડ્રગ્સ પકડાયું તેની કિંમત ૨૪૫ કરોડ રૂપિયા છે એ જોતાં રોજનું સરેરાશ સાડા ચાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું કહેવાય. સંઘવીએ પોતે ગુજરાતમાં સતત ડ્રગ્સ પકડાયું છે એ વાતને અતિ ગંભીર ગણાવી છે. પણ કમનસીબે આપણે ત્યાં આ દૂષણ ગંભીરતાથી નથી લેવાયું. આ વાસ્તવિકતા છે અને તેનો સૌથી મોટુ ઉદાહરણ મુંદ્રા ડ્રગ્સકાંડ છે. લગભગ બે મહિના પહેલાં એટલે કે ૧૩ સપ્ટેમ્બરે ગુજરાતના મુંદ્રા પોર્ટ પરથી હેરોઈનનાં બે કન્ટેનર પકડાયાં હતાં. લગભગ ત્રણ હજાર કિલો જેટલા આ ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૨૧ હજાર કરોડ રૂપિયા હોવાનું કહેવાતું હતું. મુંદ્રા પોર્ટ અત્યારે જેમના નામના સિક્કા પડે છે એ અદાણી જૂથ દ્વારા કચ્છમાં વિકસાવાયેલું ખાનગી બંદર છે. આ ખાનગી બંદર પર અફઘાનિસ્તાનના કંદહારથી ડ્રગ્સ લવાયુ હતુ. અફઘાનિસ્તાનની હસન હુસેન લિમિટેડ દ્વારા ભારતમાં મોકલાવાયેલું આ ડ્રગ્સ આંધ્ર પ્રદેશના વિજયવાડાની આશિ ટ્રેડિંગ કંપનીએ મંગાવેલું. વિજયવાડાની કંપનીએ ટેલ્કમ સ્ટોનની આયાતના નામે આ ડ્રગ્સ ભારતમાં ઘૂસાડેલું. આશિ ટ્રેડિંગ કંપની મચવરમ સુધાકરણ અને તેની પત્ની દુર્ગા વૈશાલીની માલિકીની છે. આ કન્ટેનર આવ્યાં ત્યારે ડીઆરઆઈ, કસ્ટમ ડિપાર્ટમેન્ટ તેમજ બીજી એજન્સીઓને શક પડતાં તપાસ થઈ તો તેમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ભારતના ઈતિહાસમાં એજન્સીઓએ પકડેલો આ ડ્રગ્સનો સૌથી મોટો જથ્થો છે. ડ્રગ્સની કિંમત અબજો રૂપિયામાં છે તેના પરથી જ આ કૌભાંડ કેટલું મોટું છે તેની ખબર પડે. ભારતના ઈતિહાસના સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડાયો પછી તેની તપાસ જોરશોરથી થવી જોઈતી હતી. પણ કમનસીબે એવું ના થયું. અફઘાનિસ્તાનથી આવતા ડ્રગ્સનું મોટાભાગે આતંકવાદીઓ સાથે કનેક્શન હોય છે. તેથી કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે આ કેસની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ને સોંપી છે. કમનસીબે આ એજન્સીએ કશું ઉકાળ્યું નહીં અને આ ડ્રગ્સ કૌભાંડના મૂળ લગી પહોંચાડવાના બદલે ફીફાં જ ખાંડ્યાં છે.

મુંદ્રામાંથી પકડાયેલું ત્રણ હજાર કરોડનું ડ્રગ્સ ગુજરાતમાં શું કરવા લવાયુ હતુ તેનો જવાબ હજુ પણ મળ્યો નથી. હવે ગુજરાતમાંથી ઝડપાયેલા ડ્રગ્સના કેસમાં શું થશે તે ખબર નથી પણ ડ્રગ્સના દૂષણને નાથવા હવે સરકારે ગંભીર બનવાની જરૂર છે. ગુજરાત પાસે દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો છે અને આ દરિયાકિનારાનો ઉપયોગ ડ્રગ્સ લાવવા થતો હોવાની શક્યતા પૂરી છે. પાકિસ્તાન આ દરિયાકિનારાનો ઉપયોગ પોતાના બદઈરાદાને પાર પાડવા કર્યા જ કરે છે. અફઘાનિસ્તાનમાં અત્યારે તાલિબાનની સત્તા છે અને તાલિબાન ડ્રગ્સના સૌથી મોટા વેપારી છે. તેથી ભારતમાં ડ્રગ્સને મોકલીને તે મોટો વેપાર કરી શકે છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# સુરતમાં બાપની હેવાનિયત, બે સગી દીકરીઓ પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું

## મોટી દીકરી 14 વર્ષની અને બીજી દીકરી 13 વર્ષની છે, પોલીસે પિતાને ઝડપી પાડ્યો

**સુરત**

સુરતમાં માનવતાને શર્મશાર કરતી ઘટના સામે આવી છે. ઘોર કળિયુગમાં એવી ઘટના બની છે કે તેના અંગે જાણી પગ નીચેથી જમીન સરકી જશે. સુરતના સલાબતપુરામાં સગા પિતાએ પોતાની 13 વર્ષની અને 14 વર્ષની દીકરીને હવસનો શિકાર બનાવી હતી. ત્યારે આ મામલે પોલીસે ગુનો નોંધી નરાધમ પિતાની ધરપકડ કરી છે.

સલાબતપુરા પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી પ્રમાણે પિતા તેના પરિવાર સાથે માન દરવાજા વિસ્તારમાં રહે છે. પરિવારમાં પત્ની ઉપરાંત 2 પુત્રો અને 2 પુત્રીઓ છે. ત્યારે મોટી દીકરી 14 વર્ષની અને બીજી દીકરી 13 વર્ષની છે. નરાધમ બાપે દીકરીઓને ઘરના રૂમમાં બોલાવી જ દુષ્કર્મ આચર્યું હતું.

પોતાની ફૂલ જેવી દીકરીઓ સાથે આ કૃત્ય આચરનાર બાપ સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ એક ઘટનાએ દરેક લોકોને સતર્ક કરી દીધા છે.. આ ઘટના પરથી લાગે છે કે દીકરીઓ પોતાના ઘરમાં જ સુરક્ષિત નથી. 14 વર્ષની દીકરી સાથે દુષ્કર્મ આચરનાર આ હેવાન બાપને કડક સજા મળે તેવું દરેક લોકો ઈચ્છે છે.

મળતી માહિતી પ્રમાણે માતાએ આ વાત ધ્યાને લીધી ન હતી. એટલુ જ નહિ પતિને આવુ ન કરવાની ચેતવણી આપીને છોડી દીધો હતો. ત્યારબાદ હેવાન પિતાની હિંમત ખુલી હતી.

# પોલીસે ડ્રાઇવરનું ઉપરાણું લઈ મારતાં શ્રમિકે પેટ્રોલથી ચોકી સળગાવી દીધી

## ખુરશી, ફ્લોરીંગ બળી ગયું : શ્રમિક-તરુણને ઝડપી લેવાયા

**સુરત**

સુરતમાં ટ્રાફિક ચોકીમાં શનિવારે મોડીરાત્રે કોઈકે આગ લગાડી છે તેવી જાણ ત્યાં હાજર હેડ કોન્સ્ટેબલ હરેશભાઈએ ટ્રાફિક શાખા રીજીયન 1 સેમી સર્કલ 10ના ઈન્ચાર્જ એએસઆઈ ગોવિંદભાઈ જાતરીયાભાઈને કરતા તે ત્યાં દોડી ગયા હતા. તેમણે ચોકી ખોલી જોયું તો પાછળની ભાગની બારીનો કાચ તૂટેલો હતો અને જવલનશીલ પ્રવાહીને લીધેલી લાગેલી આગમાં ચોકીમાં મુકેલી પ્લાસ્ટીકની ખુરશી અર્ધબળેલી હાલતમાં હતી જયારે ફ્લોરીંગનું સનમાઈકા બળી ગયું હતું. સીસીટીવી ફૂટેજના આધારે સલાબતપુરા પોલીસે બ્રિજ નીચે રહેતા શ્રમજીવી સંદીપ મોરે અને એક તરુણને ઝડપી પાડી પુછપરછ કરતા સંદીપે જણાવ્યું હતું કે શનિવારે બપોરે તેની બીઆરટીએસ બસના ડ્રાઈવર જોડે માથાકૂટ થઈ હતી. તે ડ્રાઈવરે ટ્રાફિક ચોકીમાં હાજર પોલીસ જવાનોને ફરિયાદ કરતા પોલીસ જવાનોએ ડ્રાઈવરનું ઉપરાણું લઈ માર માર્યો હતો. આથી તેનો બદલો લેવા તેણે રાત્રે પોલીસ જવાનો ચોકી બંધ કરી ગયા ત્યાર બાદ તરુણ સાથે મળી આગ લગાડી હતી.

# અફીણના વેપારનું મોટું માથું ભગવતીપ્રસાદ સુરત સ્ટેશનેથી ઝડપાયો

**સુરત**

રાજસ્થાનમાં અગાઉ કાયદેસર ગણાતા પરંતુ છ વર્ષ અગાઉ સરકારે પ્રતિબંધ મુકતા ગેરકાયદેસર જાહેર થયેલા અફીણના ડોડાના ભૂકા ( પોપી સ્ટ્રો પાવડર ) ના વેપારમાં મોટું માથું ગણાતા ભગવતીપ્રસાદ બિસ્નોઈને સુરત એસઓજીએ મંગળવારે સાંજે સુરત રેલવે સ્ટેશન બહારથી ઝડપી લીધો હતો. NCB એ દોઢ વર્ષ અગાઉ ઝડપેલા રૂ.1.75 કરોડના અને ચિત્તોડગઢ પોલીસે ઝડપેલા રૂ.1.30 કરોડના અફીણના ડોડાના ભૂકા સંદર્ભે વોન્ટેડ ભગવતીપ્રસાદ બિસ્નોઈ બે મહિના બાદ પુત્રના લગ્ન હોય ખરીદી માટે પરિવાર સાથે ટ્રેનમાં સુરત આવ્યો અને રેલવે સ્ટેશનની બહાર નીકળ્યો તે સાથે જ સુરત એસઓજીએ ઝડપી પાડી તેનો કબજો રાજસ્થાન પોલીસને સોંપ્યો છે.

# સુરતમાં પત્નીને ગળે ટૂંપો આપી હત્યા કર્યા બાદ પતિનો આપઘાતનો પ્રયાસ

## પોલીસને લોહીના ડાઘા મળી આવતા પૂછપરછમાં કરતૂતનો પર્દાફાશ

**સુરત**

અડાજણ એલ.પી. સવાણી રોડ સ્થિત ડીજીવીસીએલ ઓફિસ નજીક માધવપાર્ક સોસાયટીમાં ઘર નં. 30માં રહેતી ગૃહિણી રાજશ્રીબેન રજનીકાંત ચૌહાણ (ઉ.વ. 46) શનિવારે સવારના અરસામાં રહેણાંક મકાનના પહેલા માળે કચરા-પોતા કરી રહી હતી. તે દરમિયાન પતિ રજનીકાંત છીતુભાઇ ચૌહાણે પાછળથી ઘસી આવી દોરી વડે ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારી હતી. ઘરમાં 17 વર્ષનો પુત્ર અને 89 વર્ષના પિતા સૂતેલા હતા પરંતુ તેમને ગંધ સુધ્ધા આવી ન હતી. હત્યા કર્યા બાદ મૃતદેહને ગ્રાઉન્ડ ફ્લોરના ભાગે લઈ આવી સગાસંબંધીઓને જાણ કરી હતી કે રાજેશ્રીએ આપઘાત કરી લીધો છે. જેથી સંબંધીઓ દોડી આવ્યા હતા અને અડાજણ પોલીસ પણ ઘસી ગઈ હતી. જો કે પોલીસને પ્રાથમિક તબક્કે શંકા ગઈ હતી અને ઘરમાં સર્ચ કરતા નીચેના રૂમ ઉપરાંત પગથિયા તથા પહેલા માળે હોલમાં પણ લોહીના ડાઘા હતા. જેથી રજનીકાંતની આકરી પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે પત્ની સાથેના રોજબરોજના કંકાશથી કંટાળી કોટનની દોરી વડે ટુંપો આપી હત્યા કર્યા બાદ આપઘાતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો.

# સુરત કોર્ટનો ઐતહાસિક ચુકાદો: બાળકીના દુષ્કર્મ-હત્યારાને 5 દિવસમા સજા

**સુરત**

સચિન વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની બાળકીનું અપહરણ કરીને તેણી પર પાશવી બળાત્કાર ગુજારી તેનું ગળું દબાવીને હત્યા કરનારા આરોપી હનુમાન ઉર્ફે અજય મંગી નિષાદને કોર્ટે તકસીરવાર ઠેરવીને જીવનના અંતિમ શ્વાસ સુધીની જેલની સજા ફટકારી હતી. આ કેસમાં મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાની ધારદાર દલીલો અને રેકોર્ડ પરના પુરાવાઓ ઉપરાંત કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લીધી હતી. સુરતની કોર્ટના ઈતિહાસમાં આ સૌથી ઝડપી ચુકાદો છે. 12 ઓક્ટોબરે બનેલી ઘટના બાદ પોલીસ ચાર્જશીટ થયા પછી માત્રે ચાર-પાંચ દિવસ કોર્ટમાં સુનાવણી ચાલી અને વેકેશન ખુલતા જ કોર્ટે ચુકાદો પણ આપી દીધો હતો.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$ 9.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

### પેપળુ ગામમાં ભાઈબીજના દિવસે અશ્વો પર સવાર થઈ લોકોએ પરંપરા નિભાવી

# ડીસા-મુડેઠાના ક્ષત્રિયોએ ધર્મની બહેનને આપેલા વચન મુજબ ચુંદડી ઓઢાડાઈ

**ભીલડી**

ડીસા તાલુકાના મુડેઠા ગામના ક્ષત્રિય રાઠોડ દરબારો પોતાની ધર્મની બહેનને ભાઈબીજના દિવસે ચુંદડી આપવાનો કોલ ૭૫૮ વર્ષથી નિભાવી રહ્યા છે. જેમાં ભલાણીપાટી, ખેતાણીપાટી, દુદાણીપાટી, રાજાણીપાટી ચાર પાટીઓ દર વર્ષે અલગ અલગ વારા મુજબ સવા બે મણનુ લોખંડનું બખ્તર પહેરીને ધર્મની બહેનને ચુંદડી આપવાનું વચન પુરું કરવા અશ્વો ઉપર સવાર થઈ ભાઈબીજના દિવસે લાખણી તાલુકાના પેપળુ મુકામે જાય છે અને પેપળુ ગામમાં માન-સન્માન સાથે ઉતારો આપવામાં આવે છે. દર વર્ષની જેમ ભાઈબીજના દિવસે બખ્તર પહેરીને ચુંદડી લઈને લાખણી તાલુકાના પેપળુ ગામે જાય છે અને આ વર્ષોની પરંપરા



આજેય નિભાવી રહ્યા છે. શનિવારે ગ્રામજનોએ વહેલી સવારે બહેનને ચુંદડી આપી પરત આવીને ડિસા તાલુકાના મુડેઠા ગામે  અશ્વ દોડ યોજી હતી. જેમાં ૩૦૦થી વધુ અશ્વોએ અને ૧૦૦થી વધુ ઊંટો ભાગ લીધો હતો.

# ધોળાકુવામાં જથ અથડામણ, બે પક્ષે સામસામે બાઈકો અને કાર સળગાવી

**ગાંધીનગર**

ધોળાકુવા ગામે રહેતા અને ઈન્દ્રોડા પાર્કમાં વોચમેન તરીકે કામ કરતાં ઓમપ્રકાશ હોબલાલ કોરીએ ફરીયાદ નોંધાવી હતી કે ગત તા.૬ નવેમ્બરે સાંજના સુમારે તે ઘરે હતા તે દરમ્યાન તેમના મહોલ્લામાં રહેતા રાજુભાઈ રાવળ, દીલીપભાઈ, અનીલભાઈ દીલીપભાઈ અને ગોપાલ મારવાડી ઘર આગળ આવ્યા હતા અને જેમફાવે તેમ બોલી કહેવા લાગ્યા કે તમે કદવાઓ અહીં કેમ રહો છો ત્યારબાદ લાકડીઓ અને સળીયા વડે ઓમપ્રકાશ ઉપર તુટી પડયા હતા. આ શખ્સોએ ઘર આગળ મુકેલા બે બાઈક સળગાવી દીધા હતા અને મોપેડને નુકશાન પહોંચાડયું હતું. વચ્ચે પડેલા તેમના પિતાને પણ માર માર્યો હતો.

બીજી બાજુ જીજ્ઞાશાબેન રાજુભાઈ રાવળે ફરીયાદ નોંધાવી હતી કે તેમના ઘરની સામે રહેતા ઓમપ્રકાશ તેમજ હોબલાલ, કાંતિભાઈ મઘરુભાઈ, શાંતિભાઈ મઘરૂભાઈએ તેમના પતિ રાજુભાઈને કહેવા લાગ્યા કે અમારા લાકડા કેમ લઈ જાવ છો તેમ કહી ગાળાગાળી કરી લાકડી મારતાં રાજુભાઈને લોહી નીકળવા લાગ્યું હતું અને અન્ય શખ્સોએ ગોપાલભાઈ મારવાડીને પણ માર માર્યો હતો. તેમજ ઘર આગળ પાર્ક કરેલી કારને પણ નુકશાન પહોંચાડયું હતું.

# દિવાળીના પર્વમાં મોઢેરાના સૂર્યમંદિર ખાતે પર્યટકોના ઘોડાપૂર સાથે ભીડ જામી

**ચાણસ્મા**

દિવાળી અને નવા વર્ષના આરંભે બહુચરાજી તાલુકાના મોઢેરા ગામે આવેલ ઐતિહાસિક સૂર્ય મંદિર નીરખવા માટે પર્યટકો ઉમટી પડયા હતા. હાલ દિવાળી વેકેશનને લઈ પ્રાચીન સ્મારકની મુલાકાતે ખૂબ મોટી સંખ્યામાં પરિવારો બાળકો લઈને આવતા ભારે ભીડ જામી રહી છે. શિલ્પ-સ્થાપત્ય કલાને લઈ જગ મશહૂર બનેલુ મોઢેરાનું સૂર્યમંદિર દિન-પ્રતિદિન પ્રવાસીઓમાં વધારે આકર્ષણ જમાવી રહ્યું છે. એક સમયે ગણ્યા ગાંઠયા પ્રવાસીઓ આવતા હતા. પાટણની રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં દરજ્જો મળતાં એક જ પ્રવાસન સર્કીટમાં આ બંને હેરિટેજ સ્મારકો આવતાં હોઈ દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

# સતલાસણા તાલુકા પંચાયતનું શાસન ભાજપ પાસેથી આંચકી લેતી કોંગ્રેસ

**સતલાસણા**

સતલાસણા તાલુકા પંચાયત સિવાય જિલ્લાની તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પર ભાજપે કબજો જમાવ્યો હતો.જયારે સતલાસણા તાલુકા પંચાયતની ૧૬ બેઠકો પૈકી ૮ કોંગ્રેસ, ૭ ભાજપ અને ૧ અપક્ષને ફાળે ગઈ હતી.ત્યારબાદ, ૧૭ માર્ચ ૨૦૨૧ના રોજ પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી યોજાઈ હતી.તે વખતે મોટીભાલુ બેઠક પરથી ચુંટાયેલા કોંગ્રેસના સભ્ય વસંત જોષીની મતદાન અગાઉ નાટકીય ઢબે તાલુકા પંચાયતના દરવાજાથી પોલીસે આઠ વર્ષ જુના ઉચાપત કેસમાં ધરપકડ કરી હતી. જેથી બહુમતી હોવા છતાં કોંગ્રેસે સત્તા ગુમાવતા પ્રમુખ તરીકે ભાજપના લક્ષ્મીકુંવરબા પરમાર અને ઉપપ્રમુખ તરીકે ભારતીબા ચૌહાણ એક અપક્ષ સભ્યના સમર્થનથી ચુંટાઈ આવ્યા હતા. જોકે, કોંગ્રેસે આ મામલે હાઈકોર્ટમાંદાદ માંગી હતી. જેમાં અદાલતે પ્રમુખ અને ઉપપ્રમુખની અગાઉ થયેલી ચુંટણી રદ કરીને નવેસરથી ચુંટણી પ્રક્રિયા કરવાનો આદેશ કર્યો હતો. જેથી મંગળવારે તાલુકા પંચાયતના સભાખંડમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના એક સભ્ય ગેરહાજર રહેતા કોંગ્રેસના પ્રમુખપદના ઉમેદવાર મનીષાબેન દિપકભાઈ પટેલ અને ઉપપ્રમુખના ઉમેદવાર જગાજી ઠાકોર ૮ વિરૂધ્ધ ૭ મતથી ચુંટાઈ આવ્યા હતા.

# યાત્રાધામ બહુચરાજી અને શંખલપુર મંદિરમાં હજારો ભક્તોએ શીશ ઝુકાવ્યા

**બેચરાજી**

બહુચરાજી અને શંખલપુર ખાતે નવા વર્ષના આરંભે હજારો શ્રધ્ધાળુઓએ ઉમટી પડી લાલ ત્રિપુર સુંદરી મા બહુચરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બીજી બાજુ મોટી સંખ્યામાં માઈભક્તો દર્શન કરવા આવી રહ્યા હોવા છતાં માત્ર એક જ ગેટથી પ્રવેશ આપવામાં આવતાં ભારે અવ્યવસ્થા સર્જાઇ હતી અને યાત્રિકો વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો પણ ખડા થયા હતા.  બેસતું વર્ષ, ભાઈબીજ તેમજ ત્રીજને રવિવારના દિવસે હાઈવે પર વાહનોની લાંબી કતારો જામી હતી. ગત વર્ષે કરોનાને લઈ દર્શન નહીં કરી શકેલા હજારો શ્રધ્ધાળુઓ આ વર્ષે કોરોનાનો ડર ભુલી દર્શન માટે પધારતાં ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો ખડા થયા હતા.



# જીપીસીબી દ્વારા VECLને 40 લાખનો દંડ, ક્લોઝર નોટિસ

**વડોદરા**



વડોદરા અને તેની આસપાસના વિસ્તારોના 300થી વધુ ઉદ્યોગોનું પ્રદુષિત પાણીને શુધ્ધ કર્યા વગર જ મહિસાગર નદીમાં ઠાલવતી એજન્સી વડોદરા એન્વાયરો ચેનલ લિમિટેડને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે વધુ એક વખત ક્લોઝર નોટિસ આપીને સંતોષ માની લીધો છે. ક્લોઝર નોટિસની સાથે રૂ.75 લાખ રૂપિયાની વસુલાત પણ કરવામાં આવી છે.

વડોદરા એન્વાયરો ચેનલ લિમિટેડ કંપની દ્વારા રોજનું આશરે 5 કરોડ લીટરથી વધુ પ્રદુષિત પાણી એક ચેનલ મારફતે મહિસાગર નદીમાં ઠાલવવામાં આવી રહ્યું છે. આ ચેનલ (કેનાલ) ઠેર ઠેર તુટેલી હોવાથી પાણી લીકેજ થઇ રહ્યું છે. ચેનલ જે ગામડાઓમાંથી પસાર થયા છે. તે ગામડાઓમાં આ પ્રદુષિત પાણી ખેતરોમાં જતુ હોવાથી દર વર્ષે ખેડુતોને પાક નિષ્ફળ જાય છે અને લાખો રૂપિયાનુ નુકસાન થાય છે. આ ઉપરાંત પાણી ભુગર્ભમાં પણ ઉતરતુ હોવાથી ભુગર્ભ જળ પણ પ્રદુષિત થયા છે. ચેનલ ઠેર ઠેર લીકેજ હોવાથી આ ચોમાસા દરમિયાન પણ ગામડાઓમાં, ખેતરોમાં અને જળાશયોમાં ઉદ્યોગોના ઝેરી કેમિકલયૂકત પ્રદુષિત પાણી ફરી વળ્યા હતા.

આ મામલે જીપીસીબીએ કરેલી તપાસમાં જાણવા મળ્યુ હતુ કે ચોમાસા દરમિયાન ચેનલમાંથી ઠેર ઠેર પ્રદુષિત પાણી આસપાસના વિસ્તારોમાં ફેલાયુ હતુ એટલે જીપીસીબીએ વડોદરા એન્વાયરો ચેનલ લિમિટેડને ક્લોઝર નોટિસ ફટકારી છે. ઉપરાંત પર્યાવરણીય નુકસાન નાવળતર પેટે રૂ.40 લાખ ઉપરાંત 10 લાખની બેંક ગેરંટી તથા રૂ.25 લાખની નવી બેંક ગેરંટી મળી રૂ.75 લાખની વસુલાત કરવામાં આવી છે.

# ત્રણ વડોદરાવાસીનું એવરેસ્ટના બેઝ કેમ્પ સુધી આરોહણ

**વડોદરા**

૫૦મા જન્મ દિવસને યાદગાર બનાવવા અને અલગ રીતે ઉજવણી કરવા માટે ત્રણ વડોદરાવાસીઓએ ૧૭૫૯૮ ફૂટ (૫૩૬૪ મીટર)ઉંચાઈ પર આવેલા માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ સુધી આરોહણ કર્યુ હતુ. માઉન્ટ એવરેસ્ટની ઉંચાઈ ૨૯૦૩૧ ફૂટ(૮૮૪૯ મીટર) મીટર છે.તેના પર આરોહણ કરતા પહેલા પર્વતારોહીઓ બેઝ કેમ્પ પર થોડા દિવસ માટે રોકાતા હોય છે.કેટલાક માત્ર બેઝ કેમ્પ સુધી જતા હોય છે. વડોદરાના રાઘવેન્દ્રસિંહ ઝાલા, મોનિકા જોષી, સંજય પટેલ સહિતના ચાર મિત્રોએ પોતાની ૫૦મી વર્ષગાંઠને યાદગાર બનાવવા માટે બેઝ કેમ્પ સુધી આરોહણ કરવાનુ નક્કી કર્યુ હતુ.જોકે એક મિત્રની તબિયત ખરાબ થતા તેમની જગ્યાએ ૫૭ વર્ષના મનિષા પટેલ જોડાયા હતા. રાઘવેન્દ્રસિંહ કહે છે કે, મારો જન્મ દિવસ ૨૧ ઓક્ટોબર, મોનિકા જોષીનો ૧૭ ઓક્ટોબર અને સંજય પટેલનો ૨૪ નવેમ્બર છે.

# વડોદરામાં કોર્પોરેશન સમિતિની ચૂંટણીનો કોંગ્રેસ દ્વારા બહિષ્કાર

## આયોજન સમિતિ ફક્ત કાગળ પર જ છે, ગયા પાંચ વર્ષમાં સમિતિની એકય બેઠક નથી બોલાવી : કોંગ્રેસ

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન મતવિસ્તારમાં વડોદરા મહાનગરના ચૂંટાયેલા સભ્યો દ્વારા વડોદરા મહાનગર આયોજન સમિતિના 30 સભ્યોની ચૂંટણી તારીખ 25ના રોજ યોજાનાર છે. ગઈ તારીખ 2 ના રોજ ભાજપના 30 સભ્યોએ ફોર્મ ભર્યા હતા. આજે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો અને કોંગ્રેસે ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. આજે કોર્પોરેશનમાં વિરોધ પક્ષ કોંગ્રેસના નેતાએ આવેદનપત્ર સુપરત કરતા આ મુદ્દે રજૂઆત કરી હતી કે ભાજપ દ્વારા છેલ્લા 15-વર્ષથી ચૂટ્ણી યોજી નહોતી. જેથી મહાનગર આયોજન સમિતિની રચના કરવા હાઈકોર્ટ દ્વારા ઓર્ડર થતાં ગઈ વખતે ચૂંટણી યોજાઇ હતી.

પરતું આયોજન સમિતિ ફક્ત કાગળ પર રાખી હતી. છેલ્લા પાંચ વર્ષમાં સમિતિની એક પણ બેઠક ન મળી ન હતી. હવે ફરીથી ચૂંટણી યોજાઇ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આયોજન સમિતિ મહત્વની છે પરંતુ તેની રચનામાં અને બંધારણમાં સુધારાની પણ આવશ્યકતા જણાઈ રહી છે. પાંચ વર્ષ અગાઉ રાજ્ય સરકારે ગુજરાત મહાનગર આયોજન સમિતિ દરેક મુખ્ય શહેરોમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં લોક સુવિધાના કામો નક્કી કરવા તેમજ તેના અમલ માટે સમિતિમાં 45-સભ્યોની નિમણૂક કરવાનું નક્કી કર્યું હતું. જેમાં સમિતિની રચના કરવામાં વિલંબ થતાં મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો, ત્યારબાદ આ સમિતિની રચના પણ કરવામાં આવી હતી, પરંતુ આ સમિતિનું કોઈ વજુદ રહ્યું ન હતું.

પ્રથમ વખત થયેલી ચૂંટણી બાદ 30 કોર્પોરેટર સભ્યોને મતદાન બાદ બીજી બેઠક માટે એજન્ડા સુધ્ધા મળ્યો ન હતો. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવી ચૂંટાયેલી પાંખે સત્તા મેળવ્યા બાદ ફરી એકવાર વડોદરા મહાનગર આયોજન સમિતિની રચના કરવા માટે ચુંટણી 25 તારીખે યોજાવાની છે.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વડોદરામાં 7 અકસ્માત : બાળકી સહિત 7ના મોત

**વડોદરા**

દિવાળીમાં શહેર જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવમાં સાત વ્યક્તિઓના કરૂણ મોત થયા છે.કરજણ ગામ નજીક એસ.ટી.બસની ટક્કરે બાઈક પર જતા પરિવારને ઈજા થઈ હતી.જે પૈકી છ વર્ષની બાળકીનું મોત થયું છે.

આજવારોડ સુગમ પાર્કમાં રહેતો હેમંત કાંતિભાઈ વણકર (ઉ.વ.૨૮) ગત તા.૩ જી એ ઘરેથી બાઈક લઈને પડીકી લ ેવા માટે નીકળ્યો હતો.તે દરમિયાન મોડીરાતે બે વાગ્યે દરજીપુરા એરફોર્સ બ્રિજ ચડતા ગોલ્ડન ચોકડી તરફ જતા સર્વિસ રોડ પર અજાણ્યા વાહને ટક્કર મારતા તેને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી.ઈજાગ્રસ્ત હેમંતને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરાતાં ટૂંકી સારવાર બાદ મોત થયું છે.

આણંદ તાલુકાના નાવલી ગામે રહેતો કિરણ ભરતભાઈ પટેલ (ઉ.વ.૩૩) ગોરવાની એક ખાનગી કંપનીમાં સિક્યુરિટી જવાન તરીકે ફરજ બજાવતો હતો.તે પારૂલબેનનું મોપેડ લઈને તે નીકળ્યો હતો. દરમિયાન રણોલી બ્રિજ ઉપર તાપી હોટલની સામે હાઈવે પર અકસ્માત થતા તેને માથામાં ગંભીર ઈજા થતાં તેનું કમકમાટીભર્યુ મોત થયુ હતું.

મકરપુરા ગામ જશોદા કોલોની પાસે ચંચળબાનગરમાં રહેતા રાજકુમાર લાલબુધનરામ દુકાનમાં નોકરી કરે છે. ગત તા.૬ ઠ્ઠીએ તે મિત્ર સૂરજ લલનપ્રસાદ કોરી સાથે બાઈક પર ધનિયાવી ગામે આવેલા મંદિરે દર્શન કરવા જતો હતો. તે દરમિયાન હાઈવે મહાસાગર હોટલ સામે રોડ ઓળંગતા સમયે એક બાઈક ચાલકે અકસ્માત કરતા સૂરજને મોઢા તથા માથાના ભાગે ઈજા થઈ હતી. જે બાદ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન રાહુલ ઠાકોરભાઈ વસાવા (રહે.આમલિયારા ગામ વસાવા ફળિયુ,તા.વડોદરા)નું મોત થયુ છે.

અનગઢ ગામે રહેતા ૩૭ વર્ષના ગિરીરાજસિંહ રણજીતસિંહ ગોહિલ ગત તા.પાંચમી ના રોજ બપોરે પોતાના પુત્રની સાથે બાઈક પર પત્નીને લેવા માટે કોટણા જતા હતા.તે દરમિયાન સામેથી આવતી એક બાઈકના ચાલકે અકસ્માત કરતા તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી.અને તેમને સારવાર મળે તે પહેલા જ મોત થયુ હતું.

કરજણ તાલુકાના વલણ ગામે રહેતા મુકેશભાઈ મહીડા તેમના પરિવાર સાથે બાઈક પર ઘરેથી કરજણ તરફ આવતા હતા.તે દરમિયાન કરજણ આમોદ રોડ પર પાંજરાપોળ પાસે સામેથી આવતી એસ.ટી.બસે ટક્કર મારતા તેમની છ વર્ષની પુત્રીને ગંભીર ઈજા થઈ હતી.જેનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું છે.

તવરા ગામે એક થ્રી વ્હિલ ટેમ્પાએ ટક્કર મારતા કરમાલીયાપુરા ગામમાં રહેતા ૪૮ વર્ષના ભલુ ઢેરાભાઈ તડવીનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે મૃતકના નાના ભાઈ કાંતિભાઈ તડવીએ વાઘોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

અન્ય બનાવમાં વડોદરા નજીક આલમગીર ગામે અલકાપુરી ફળિયામાં રહેતા ૩૫ વર્ષના મુકેશ ચંદુલાલ સલાટને વરણામા હાઈવે પર પૂરપાટઝડપે જતી એક ક્રેટા કારે અડફેટમાં લેતા મુકેશનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. વરણામા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરામાં કન્સ્ટ્રક્શન સ્કીમમાં 1 કરોડનું રોકાણ કરાવી બે ભાઈની ઠગાઈ

**વડોદરા**

વાઘોડિયા તાલુકાના જેસીંગપુરા ગામે રોયલ લાઈફ નામની પ્રેરણા ડુપ્લેક્સ ફ્લેટ અને કોમર્શિયલ નવી સ્કીમમાં સારો નફો મળશે તેમ જણાવી સમા-સાવલી રોડ પર સંગાથ બંગ્લોઝમાં રહેતા સુનિલ આસનદાસ મખીજા અને તેના ભાઈ દિપકે વડોદરામા રેવારન્ય સોસાયટીમાં રહેતા પ્રશાંત કુમુદચંદ્ર ત્રિવેદીને 10 ટકા ભાગીદાર તરીકે રાખી રૂપિયા એક કરોડનું રોકાણ કરાવ્યું હતું. રોકાણ સામે દર ત્રણ મહિને હિસાબ કરવો અને રૂપિયા ભાગ પ્રમાણે વેચવાનું નક્કી થયું હતું. આ અંગે થયેલા ભાગીદારી કરારનું બન્ને બંને ભેજાબાજ ભાઈઓએ પાલન કર્યું ન હતું અને મિલકતોના વેચાણ દસ્તાવેજ બારોબાર કરીને છેતરપિંડી કરી હતી.

## આણંદના તબીબ-ભાજપના અગ્રણી સામે પોલીસ ફરિયાદથી ભારે ચકચાર

**આણંદ**

આણંદ શહેરના ૮૦ ફૂટ રોડ ઉપર નિર્માણ પામેલ બ્લ્યુ આઈવી હોટેલના મામલે ગત તા. ૨૪મી ઓક્ટોબરના રોજ સ્થાનિકો દ્વારા કરવામાં આવેલ વિરોધ પ્રદર્શનમાં હિન્દુ તથા મુસ્લિમ ધર્મની લાગણી દુભાય તેવી ભાષાનો ઉપયોગ કરવા બદલ મુસ્લિમ સમાજ દ્વારા વિરોધ વ્યક્ત કરી ફરિયાદ નોંધવાની રજૂઆત કરાયા બાદ આખરે આણંદ ડોકટર શૈલેષ શાહ તેમજ ભાજપના અગ્રણી પીન્કલ ભાટીયા વિરૂદ્ધ આણંદ શહેર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા ભારે ચકચાર મચી જવા પામી છે.

વધુમાં આણંદ શહેર પોલીસ દફતરે ઈમામ સકીલભાઈ વ્હોરાએ નોંધાવેલ ફરિયાદ મુજબ આણંદ શહેરનાં ૮૦ ફૂટ રોડ ઉપર નવનિર્માણ પામેલ ‘બ્લ્યુ આઈવી’ હોટલ ગેરકાયદેસર હોવાના આક્ષેપ સાથે ૮૦ ફૂટ રોડ ઉપર રહેતાં ડોકટર શૈલેષ શાહ તથા ભાજપના અગ્રણી પીન્કલ ભાટીયાની આગેવાનીમાં સભાનું આયોજન કરાયું હતું. જેમાં ભાજપના પીન્કલ ભાટીયાએ હોટલના ભાગીદારો મુસ્લિમ અને હિન્દુ હોયતે વિષે વાંધાજનક શબ્દો ઉચ્ચાર્યા હતા. સાથે સાથેધમકીભર્યો મેસેજ પણ ઉચ્ચાર્યો હતો.

## NSUIના પૂર્વ કાર્યકર CRનો રેલવે ટ્રેક ઉપર પડતું મૂકી આપઘાત

**વડોદરા**

વડોદરા શહેરના વડસર વિસ્તારની શ્રમજીવી વસાહત ખાતે રહેતા અને એમ.એસ.યુનિ.માં NSUIનો ભૂતપૂર્વ કાર્યકરે રેલ્વે લાઈન પર પડતું મૂકી આપઘાત કર્યો હતો. દિવાળીની ઉજવણીને લઈ વાસુ પ્રવીણ પટેલ ગત તા. 4 નવેમ્બર દિવાળીના દિવસે જ એકા એક બપોરના દોઢ વાગ્યાની આસપાસ વાસુ વડસર બ્રીજથી માંજલપુર તરફના રેલવે ટ્રેક ઉપર પહોંચ્યો હતો અને રેલવે લાઈન પર પડતું મૂકી આપઘાત કર્યો હતો. આપઘાતના કિસ્સામાં જે રીતે મૃતદેહ મળ્યો છે તેમાં રેલવે ટ્રેક એક બાજુ તેની ગરદન હતી અને બીજી બાજુ મૃતદેહ હતો મૃતદેહ મળ્યો છે તે રીતે જોતાં આપઘાત કર્યો છે કે કેમ તે અંગે શંકા સેવાઈ રહી છે.

## વડતાલ મંદિરમાં નૂતન વર્ષે અન્નકૂટોત્સવ ગામના ભક્તોને 700 મણ પ્રસાદ વહેંચાયો

### સૂકામેવા, મિઠાઈ, બિસ્કિટ, ફળફળાદી સહિતનો ભોગ શ્રીજીને ધરાવાયો

**નડિયાદ**

યાત્રાધામ વડતાલ સ્વામિનારાયણ મંદિરમાં બેસતા વર્ષે ના દિવસે અન્નકૂટોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે મંદિરમા બિરાજમાન લક્ષ્મીનારાયણ દેવ, હરીકૃષ્ણ મહારાજ સહિત આદી દેવોને હજારો મણ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વડતાલમંદિરના મુખ્ય કોઠારી ડૉ.સંતસ્વામીએ જણાવ્યુ હતુ કે મંદિરમાં બિરાજમાન લક્ષ્મીનારાયણદેવ, હરીકૃષ્ણ મહારાજ સહિત આદિદેવોને નૂતનવર્ષ નિમિતે અન્નકૂટનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં દેવોને વિવિધ મિઠાઈઓ ફરસાણ, સૂકોમેવો, ફળફળાદિ, બિસ્કીટ, વિવિધ શાકભાજી, ભીની વાનગીઓ ધરાવવામાં આવી હતી. આમ કુલ ૭૦૦ મણનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટમાં ૯૦૦૦ કિલો મીઠાઈ, ૨૫૦૦ કિલો ફરસાણ, ૨૫૦ કિલો બિસ્કીટ,૧૫૦૦કિલો શાકભાજી સહિત ભીની વાનગીઓ, ૨૫૦ કિલો કાજૂ બદામ સહિત સૂકો મેવો, ૫૦૦ કિલો ફળફળાદિ અને વિવિધ મૂખવાસ સહિત ૭૦૦



મણનો અન્નકૂટ ધરાવાયો હતો. મંદિરના ચેરમેન દેવપ્રકાશદાસજી સ્વામીની દેખરેખ હેઠળ રસોયા મહારાજ સહિત રાજસ્થાની ૧૪ રસોઈયા દ્વારા અન્નકૂટ તૈયાર કરવામાં આવ્યો હતો.

સંતો, ૧૦૦ હરીભક્તો અને ૩૫ વાહનો દ્વારા વડતાલ તાબાના ૯૦૯ મંદિરોમાં અન્નકૂટ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે શ્યામસ્વામીના માર્ગદર્શન હેઠળ એક હજાર હરીભક્તોએ અન્નકૂટ મહોત્સવમાં સેવા આપી હતી.

## ખેડામાં મૂક્તજીવન સ્વામીબાપાને પણ અન્નકુટ ધરાવાયો

**નડિયાદ**

નૂતન વર્ષના મંગલ પર્વ નિમિતે સમગ્ર ચરોતરના દેવમંદિરોમાં ભક્તિભાવપૂર્વક અન્નકૂટ દર્શનનો લાભ ભાવિક ભક્તોએ લીધો હતો. નૂતન વર્ષના મંગલ દિને સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીની આજ્ઞાથી મૂક્તજીવન સ્વામીબાપા પ્રાગ્ટય ધામ ખાતે વિવિધ મિઠાઈઓ, ફરસાણ, સૂકોમેવો, ફળફળાદિ, વિવિધ પ્રકારના જ્યુસ સહિતની ૨૫૦ થી વધુ વાનગીઓ સ્વામિનારાયણ બાપા સ્વામી બાપા સમક્ષ અન્નકૂટ ધરાવવામાંઆવ્યો હતો. વિવિધ પ્રકારના શાકભાજી સહિત ભીની વાનગીઓ પણ ધરાવવામાં આવી હતી. સવારે ૧૦.૦૦ કલાકે અન્નકૂટ દર્શનની મહાઆરતી ઉતારાઈ હતી. અન્નકૂટ દર્શન સાંજે ૬.૦૦ વાગ્યો સંધ્યા આરતી સુધી રાખવામાં આવ્યા હતા. અન્નકૂટ દર્શનનો લાભ લેવા માટે ખેડા ખાતે મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા. અન્નકૂટ દર્શનનો લાભ લઈને સંતો તથાભક્તોએ ધન્યતા અનુભવી હતી.

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West )
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door
Open Last Unit Ours
Phone
647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM

Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone
647-761-1317
647-657-9631
905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM

Mississauga
2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 0A5
Great Punjab Plaza, Next to Malton Gurudwara.
: Phone :
905-673-9631
647-761-1317
647-657-9631
------: MON-FRI : ------
9.30 AM to 8.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



## લારા દત્તાની ડેટિંગ એપ પર પ્રોફાઇલ !

કોઈ ફિલ્મ, સોશિયલ મીડિયા પોસ્ટ અથવા આગામી પ્રોજેક્ટને કારણે નહીં, પણ ભૂતપૂર્વ મિસ યુનિવર્સ અને બોલિવૂડ અભિનેત્રી લારા દત્તા હાલમાં ડેટિંગ સાઇટ પરની તેની પ્રોફાઇલને કારણે ચર્ચાઓમાં છે. આને કારણે લારા દત્તાને ઇન્સ્ટાગ્રામ પર લાઇવ આવવું પડ્યું અને ડેટિંગ સાઇટ પર તેની પ્રોફાઇલ વિશે સ્પષ્ટતા કરવી પડી. વાસ્તવમાં, લારા દત્તાની ડેટિંગ સાઇટ પર પ્રોફાઈલ હોવાની અફવાએ અચાનક જોર પકડ્યું છે. લારા દત્તા પોતે પણ ડેટિંગ સાઇટ પર તેની પ્રોફાઇલ જોઈને આશ્ચર્યચકિત થઇ ગઇ હતી.


# સ્વદેશ

09 FRIDAY, 12 NOVEMBER, 2021


## દિગ્દર્શક કબીરખાનના ઘરે કેટરિના અને વિક્કી કૌશલના રોકા થયા





મુંબઇ : છેલ્લા કેટલાય સમયથી બોલીવૂડના પ્રેમી પંખીડા કેટરિના કૈફ અને વિક્કી કૌશલના પ્રેમ તેમજ લગ્નની ચર્ચા થઇ રહી છે. હવે આ વાતમાં નવા અપડેટ એ છે કે, કેટરિના અને વિક્કીએ દિવાળીના દિવસે રોકા વિધી કરીને પોતાના સંબંધને ઓફિશિયલ તેમજ જાહેર કર્યો હોવાનું બોલીવુડમાં ચર્ચાઈ રહ્યું છે. કહેવાય છે કે, દિગ્દર્શક કબીર ખાનને ત્યાં દિવાળીની પાર્ટી દરમિયાન એક ખાનગી રોકા વિધી થઇ હતી. જેમાં કેટરિના અને વિક્કીના પરિવારજનો હાજર રહ્યા હતા. રિપોર્ટના અનુસાર, મીડિયાકર્મીઓથી બચવા માટે કેટરિના અને વિક્કી પોતપોતાની કારમાં કબીર ખાનને ત્યાં પહોંચ્યા હતા. જ્યાં રોકા વિધી કરવાની હતી. કેટરિનાએ સુંદર લહેંગો પહેર્યો હતો.



## ઉર્વશીએ 60 લાખનો ડ્રેસ પહેર્યો

બોલિવૂડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા પોતાના ફ્રેશન સ્ટેટમેન્ટ માટે જાણીતી છે. ઉર્વશી રૌતેલા મોંઘા મોંઘા આઉટફિટ પહેરતી હોય છે. હાલમાં જ એક્ટ્રેસે સિલ્વર બૉડીકોન એમ્બેલિશ્ડ ડ્રેસ કેરી કર્યો હતો. સોશિયલ મીડિયામાં ઉર્વશી રૌતેલાની તસવીરો વાઈરલ થઈ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, ઉર્વશી રૌતેલાએ ઈન્ટરનેશનલ ડિઝાઈનર માઈકલ સિન્કોએ ડિઝાઈન કરેલો ડ્રેસ પહેર્યો હતો. આ ડ્રેસની કિંમત 60 લાખ રૂપિયા હતી. ઉર્વશીએ ફિલ્મફેર રેડ કાર્પેટ ઈવેન્ટમાં આ ડ્રેસ પહેર્યો હતો. ઉર્વશીએ પોનીટેલ લીધી હતી અને હીરાના ઈયરરિંગ્સ તથા રિંગ્સથી લૂક કમ્પ્લીટ કર્યો હતો. આ ડ્રેસમાં ઉર્વશી પરી જેવી લાગતી હતી. ઉર્વશીના વર્કફ્રન્ટની વાત કરીએ તો તે ફિલ્મ 'દિલ હૈ ગ્રે'માં જોવા મળશે. આ ફિલ્મ તમિળ ફિલ્મ 'થિરુટ્ટુ પાયલ 2'ની હિન્દી રિમેક છે. ઉર્વશી એક્ટર રણદીપ હુડ્ડા સાથે ફિલ્મ 'ઈન્સ્પેક્ટરઅવિનાશ'માં જોવા મળશે. ગુરુ રંધાવા સાથે સોંગ 'ડૂબ ગયા અભી ભી' સોશિયલ મીડિયામાં ટ્રેન્ડ થયું હતું. આ ઉપરાંત ઉર્વશી ઈજિપ્તિયન સુપરસ્ટાર મોહમ્મદ રમઝાનની સાથે 'બ્લેક રોઝ'માં જોવા મળશે.

## સૂર્યવંશી ફિલ્મની 5 દિવસની કમાણી 100 કરોડને પાર

પહેલા દિવસથી એન્ટરટેનમેન્ટ બિઝનેસમાં સતત દોડ પકડી રહેલી સૂર્યવંશીએ 5મા દિવસે પણ પોતાની સ્પીડ કાયમ રાખી છે. ફિલ્મે 5મા દિવસે જ 100 કરોડ રૂપિયાનો બિઝનેસ પાર કરી લીધો છે. મળતી માહિતિ અનુસાર સૂર્યવંશીનું બોક્સ ઓફિસ કલેક્શન 5 દિવસમાં 100 કરોડને પાર થઈ ચૂક્યું છે. ફિલ્મ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સારી એવી કમાણી કરી રહી છે. 5 નવેમ્બરે ફિલ્મે પહેલા દિવસે



26.29 કરોડ, બીજા દિવસે 23.85 કરોડ, ત્રીજા દિવસે 26.94 કરોડ, ચોથા દિવસે 14.51 કરોડ અને પાંચમા દિવસે 11.22 કરોડનું કલેક્શન કર્યું છે. સૂર્યવંશીના બોક્સ ઓફિસનો ગ્રાફ સતત ઘટી રહ્યો છે અને કુલ મળીને 102.81 કરોડની કમાણી કરી ચૂક્યું છે. એવામાં ફિલ્મને ઓવરઓલ ફાયદો મળી રહ્યો છે. વીકેન્ડ સિવાય પણ વીક ડેઝમાં થિયેટર્સમાં સારી કમાણી કરી રહ્યું છે.

## બોલિવૂડના દિગ્ગજ સેલિબ્રિટીઓને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા

દિગ્દર્શક કરણ જોહરને અને અભિનેત્રી કંગના રનૌત દેશના ચોથા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મ શ્રી 2020 એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ મેળવવા માટે આ સેલેબ્સ આજે નવી દિલ્હીમાં આયોજિત એવોર્ડ સમારોહમાં હાજર રહ્યા હતા. ગયા વર્ષે 26 જાન્યુઆરીએ આ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ કોરોના મહામારી અને લોકડાઉનના કારણે હજુ સુધી સન્માન સમારોહનું આયોજન થઈ શક્યું ન હતું. આ સેલિબ્રિટીઓને પરફોર્મન્સ આર્ટ્સના ક્ષેત્રમાં તેમના યોગદાન માટે પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



થોડા સમય પહેલા દિગ્દર્શક કરણ જોહરને પદ્મશ્રી 2020 એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારત સરકારે કંગના રનૌત, એકતા કપૂર અને કરણ જોહરને પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે આમંત્રણ મોકલ્યું હતું. આ સન્માન સમારોહમાં એકતા કપૂરની સાથે તેના પિતા અને પીઢ અભિનેતા જીતેન્દ્ર પણ ઉપસ્થિત રહ્યા હતા.


## સુશાંત કેસઃ NDPS કોર્ટે રિયા ચક્રવર્તીનું બેંક એકાઉન્ટ ડી-ફ્રીઝ કરવાનો નિર્ણય લીધો

અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના નિધનને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ હજુ સુધી આ કેસનું રહસ્ય ઉકેલાયું નથી. જોકે સુશાંત કેસની તપાસ વચ્ચે ડ્રગ્સ કેસમાં જેલમાં બંધ અભિનેત્રી રિયા ચક્રવર્તીને એક વર્ષ બાદ થોડી રાહત મળી છે. NDPS કોર્ટે રિયા ચક્રવર્તીનું બેંક એકાઉન્ટ ડી-ફ્રીઝ કરવાનો નિર્ણય લીધો છે. કોર્ટે રિયા ચક્રવર્તીની તેના બેંક ખાતાઓ ડી-ફ્રીઝ કરવા અને તેના લેપટોપ અને મોબાઈલ ફેન પરત કરવાની અરજીને મંજૂરી આપી છે. કોર્ટે આમ કર્યું છે કારણ કે આમાં ગ્દઝમ્ દ્વારા કોઈ વાંધો દાખલ કરવામાં આવ્યો ન હતો. કોર્ટ દ્વારા રિયાને આદેશ આપવામાં આવ્યો છે કે જ્યારે પણ જરૂર પડશે ત્યારે રિયાએ તેની બેંક વિગતો શેર કરવી પડશે. રિયાએ તેની અરજીમાં કહ્યું હતું કે તે અને તેનો ભાઈ શૌવિક તેમનો ખર્ચ એ જ બેંક ખાતામાંથી ચલાવે છે જે ગયા વર્ષે ફ્રીઝ કરવામાં આવ્યા હતા. અગાઉ, જ્યારે રિયાએ અરજી દાખલ કરી હતી, ત્યારે વિશેષ સરકારી વકીલ અતુલ સરપાંડેએ તેનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે રિયાના ખાતામાં જમા થયેલી રકમ ડ્રગ્સ સાથે સંબંધિત હોઈ શકે છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર  ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton  ON L6S 0B4.


## 2070 સુધીમાં કાર્બન ઉત્સર્જનમાં નેટ-ઝીરો લક્ષ્યાંક હાંસલ કરવા ભારતની જાહેરાત

# કાર્બન ઉત્સર્જન ઘટાડવા વિશ્વનું ભારત પર દબાણ


**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ગત સપ્તાહમાં અમેરિકી રાષ્ટ્રપતિના વિશેષ દૂત જૉન કેરીએ ભારતમાં અલગ અલગ મંત્રીઓ સાથે મુલાકાત કરી જળવાયુ પરિવર્તન તથા ઊર્જાસ્ત્રોતના ઉપયોગ ઉપર ચર્ચા કરી. જેમાં જૉન કેરીએ ખાસ કરીને કાર્બન ઉત્સર્જન પર ભાર મુક્યો. હાલમાં ભારત તથા અમેરિકાએ જળવાયુ તથા સ્વચ્છ ઊર્જા એજન્ડા ૨૦૩૦ની શરૂઆત કરી છે, જે અંતર્ગત બંને દેશોની ભાગીદારીમાં 'ક્લાઈમેટ એક્શન તથા ફાઈનાન્સ મોબિલાઈઝેશન' વાતચીત શરુ થઈ છે.

ભારતે વાતચીત શરૂ થવાની ખુશી વ્યક્ત કરી છે. અમેરિકાનું મુખ્ય લક્ષ્ય ભારતને ૪૫૦ ગિગાવૉટની નવી ઊંચાઈના લક્ષ્યને પ્રાપ્ત કરાવવાનું છે. આ લક્ષ્યને પામવા માટે સ્વચ્છ ઊર્જાના પ્રયોગને વધારવા સાથે વૃક્ષારોપણ જેવા ઉપાય અપનાવવા પડશે. હાલમાં તો ૫૦ ડિગ્રી કે તેથી વધુ ઉપર તાપમાન હોય તેવા દિવસની સંખ્યા વધી ગઈ છે. ચીન દુનિયાનો સૌથી વધુ કાર્બન ઉત્સર્જક દેશ ગણાય છે. ચીન લાંબા સમય પહેલાંથી જ ઘોષણા કરી ચૂક્યું છે કે, તે ૨૦૬૦ સુધી કાર્બન ન્યુટ્રલ બની જશે. વળી ચીને એવું પણ કહ્યું છે કે, ૨૦૩૦ સુધીમાં ચીન કાર્બન ઉત્સર્જનની ચરમ ઉપર પહોંચી જશે. વળી, ચીન નવા કોલસા ઉત્પાદનને લઈને આપત્તિ પણ ઊભું કરી રહ્યું છે.

કાર્બન ઉત્સર્જક દેશ તરીકે બીજું નામ અમેરિકાનું છે. અમેરિકાએ ૨૦૫૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન શૂન્ય કરવાનું લક્ષ્ય રાખ્યું છે. અમેરિકાનું કહેવું છે કે, તે ૨૦૩૫ સુધીમાં તેમના પાવર સેક્ટરને ડી-કાર્બોનાઈઝ કરી દેશે. દુનિયાના ત્રીજા નંબરે કાર્બન ઉત્સર્જક દેશમાં ભારતનું સ્થાન છે. ભારતે આ અંગે સંયુક્ત રાષ્ટ્રને હજી સુધી કોઈ પ્રસ્તાવિત યોજના આપી નથી. પેરિસ સમજૂતી કે કરાર પ્રમાણે પ્રત્યેક પાંચ વર્ષે તે આપવું આવશ્યક છે. સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે, સમજૂતીમાં ભાગ લેનાર ૧૯૧ દેશોમાંથી હજી સુધી ૧૧૩ દેશોએ જ સારી યોજના રજૂ કરી છે.

પેરિસ જળવાયુ સમજૂતીનો ઉદેશ વૈશ્વિક સ્તરે વધેલા તાપમાનને ૨ ડિગ્રી સુધી લાવવાનું છે. અત્યાર સુધીમાં પ્રસ્તુત કરવામાં આવેલી જળવાયુ યોજનાઓની સમીક્ષા થતા એટલું સ્પષ્ટ થયું છે કે, ૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન ૧૬ ટકા વધશે. જેને કારણે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં તાપમાનની તુલનામાં ૨.૭ સેન્ટિગ્રેડનો વધારો સંભવ છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાલમાં તો દુનિયા ૧.૧ ડિગ્રી વધુ ગરમ બની ચૂકી છે. પેરિસ સમજૂતીના લક્ષ્યને પામવું હશે તો ૨૦૩૦ સુધી વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં ૪૫ ટકા ઘટાડો કરવાની આવશ્યકતા છે.



ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઑન ક્લાઈમેટ ચેન્જ દ્વારા તાજેતરમાં બહાર પડાયેલા અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, પૃથ્વીની કેટલીક જળવાયુ પ્રણાલી પહેલાં કરતાં પણ વધુ અસંતુલિત બની છે. ગ્લાસ્ગોમાં જળવાયુ શિખર સંમેલન કોપ(૨૬)થી પણ આશા રાખવામાં આવી રહી છે કે જે દેશોએ હજી સુધી યોજનાઓ તૈયાર કરીને આપી નથી તે તૈયાર કરીને આપી દે, જેને રાષ્ટ્રીય સ્તર ઉપર નિર્ધારિત યોગદાન તરીકે જોવામાં આવે છે. જેથી હાલમાં દુનિયાભરની નજર ભારત ઉપર મંડાયેલી છે.

### પેટ્રોલિયમ અને કોલસાનો બેફામ વપરાશ કરનારા દેશો વિકાસશીલ દેશો પર પ્રદૂષણ બંધ કરવા દબાણ કરવા માંડ્યા, ભારત આજે દુનિયાના કુલ કાર્બન ઉત્સર્જનના 5% માટે જવાબદાર

દિલ્હી યાત્રા દરમિયાન જૉન કેરીએ પણ નેટ ઝીરો એજન્ડાની ઉપર વધુ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, ઊભરતી પ્રાધૌગિકને વિકસિત કરવા તેને વધારવાની આવશ્યકતા છે, જે નેટ ઝીરો ટ્રાન્જિશન માટે મહત્ત્વપૂર્ણ હશે. તેના ઉપર વધુ ભાર દઈને કામ કરવાની આવશ્યકતા છે. જો કે, અમેરિકી દૂતના પ્રવાસ દરમિયાન ભારતના જળવાયુ પરિવર્તન વિભાગના પ્રધાન ભૂપેન્દ્ર યાદવે ન તો નેટ ઝીરો ઉપર કોઈ ટિપ્પણી કરી કે ન તો કાર્બન ઉત્સર્જનને ઘટાડવાના લક્ષ્ય વિશે કંઈ જણાવ્યું. જૉન કેરીએ પોતાની ભારતની મુલાકાતના અંતમાં અક્ષય ઊર્જા વિશે ભારતના ટ્રેક રેકોર્ડની પ્રશંસા કરી હતી. તેઓ પણ નેટ ઝીરો તથા ઉત્સર્જનમાં ઘટાડો કરવા વિશે કંઈ પણ બોલ્યા ન હતા.

અલબત, તેમણે એટલું જરૂર કહ્યું કે હું આશા રાખું છું કે ભારત ટૂંક સમયમાં જ કંઈ એવી યોજનાની ઘોષણા કરશે જેનાથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે. ગત અઠવાડિયે જ ગ્લાસગો ખાતે ચાલી રહેલી ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ કોપ-૨૬ ખાતે વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી હતી કે ભારત વર્ષ ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનને નેટ-ઝીરો કરવાનું લક્ષ્યાંક હાંસલ કરી દેશે. જોકે આ સમયસીમા પર્યાવરણશાસ્ત્રીઓએ નેટ-ઝીરો ઉત્સર્જન માટે આપેલી સમય મર્યાદા ૨૦૫૦ કરતા બે દશક વધારે છે.

વડાપ્રધાને કહ્યું કે ભારતમાં દુનિયાની ૧૭ ટકા વસતી રહે છે. પરંતુ દેશ દુનિયાના કુલ કાર્બન ઉત્સર્જનના પાંચ ટકા માટે જ જવાબદાર છે. ભારત પુનઃપ્રાપ્ય ઉર્જાનો વપરાશ વધારશે અને ૨૦૩૦ સુધી ભારતની કુલ ઉર્જામાંથી અર્ધી ઉર્જા જરૂરિયાત પુનઃપ્રાપ્ય ઉર્જાથી પૂરી થશે. અત્યારે ભારતના કુલ ઉર્જા વપરાશનો ૩૮ ટકા હિસ્સો પુનઃપ્રાપ્ય ઉર્જામાંથી આવે છે. ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઈન્ડેક્સ તૈયાર કરતી વખતે આ વાત પર ખાસ ભાર મૂકવામાં આવે છે કે કોઈ દેશે કોલસાનો વપરાશ ઓછા કરવા સહિત એવા કયા ઉપાયો પ્રયોજ્યા છે જેમાં ઝેરી ગેસોનું ઉત્સર્જન ન થાય. ભારતે છેલ્લા થોડા સમયમાં આ દિશામાં જે કામ કર્યું છે એ તેના નિર્ધારિત લક્ષ્ય કરતા પંદર ટકા વધારે છે. જોકે વૈશ્વિક સ્તરે ઘણાં દેશોએ કોલસા પરની નિર્ભરતા ઓછી કરવાની દિશામાં ગંભીરતા દર્શાવી છે. અત્યાર સુધી જે ૫૭ દેશો સૌથી વધારે કાર્બન ઉત્સર્જિત કરી રહ્યાં હતાં એમાંના ૩૧ દેશોએ કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે બીજા વિકલ્પો અજમાવવાની શરૂઆત કરી દીધી છે.

જોકે ભારત સહિતના અનેક વિકાસશીલ દેશો માટે આમ કરવું આસાન નથી. આજે પણ દેશના અનેક ગામડાઓમાં ઉબડખાબડ રસ્તાઓ અને કાચી પગદંડીઓ છે. આવા ગ્રામ્ય વિસ્તારોમાં સૂરજ ઢળતા જ અનેક સમસ્યાઓની શરૂઆત થાય છે. આવા ગામડાઓમાં વીજળી વિના રહેતા લોકો કેરોસીનથી ચાલતા લેમ્પના અજવાળે કામ કરે છે. રાંધવા માટે કોલસાનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં, બળતણના કારણે તેમના સ્વાસ્થ્યને પણ માઠી અસર થાય છે. આછી રોશની અને ધુમાડાથી ભરેલું ઘર લોકોને બીમાર કરી દે છે.

પાયાનું સમાધાન એ જ છે કે ૧.૩ અબજની વસતી ધરાવતા દેશમાં દરેક ઘર સુધી વીજળી પહોંચે. આજે ભારતની લગભગ આઠ ટકા વસતી વીજળીની ગ્રીડથી વંચિત છે. આજે ભારત ભલે દુનિયાની સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થાઓમાં સામેલ હોય પરંતુ અનેક લોકોને ૨૪ કલાક વીજળી મળતી નથી. ભારતમાં માત્ર ઘરેલુ સ્તરે જ નહીં પરંતુ ઔદ્યોગિક સ્તરે પણ મોટા પ્રમાણમાં કોલસાનો વપરાશ થાય છે. એ સંજોગોમાં કોલસાનો ઉપયોગ બંધ કરવો અશક્ય છે. હકીકતમાં ક્લાયમેટ ચેન્જ માટે ઔદ્યોગિક દેશો જ જવાબદાર છે. આ દેશોએ સમસ્યાના સમાધાનમાં સૌથી આગળ રહેવું જોઈએ અને પોતાની જવાબદારી નિભાવવી જોઈએ.

# વધારે પડતા ડ્રાયફ્રૂટ્સ ન ખાઓ, થઈ શકે છે સ્વાસ્થ્યને નુકસાન

તહેવારોમાં લોકો મીઠાઈઓ, નમકીન અને ડ્રાયફ્રુટ્સ ખુલ્લા દિલથી ખાય છે અને તહેવારોનો આનંદ માણે છે. પરંતુ કોઈ પણ વસ્તુનું વધુ પડતું સેવન આપણા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે એમાં ડ્રાય ફ્રુટ્સ પણ આવી ગયા. એટલે તહેવારોની મજા ભલે લો પણ પોતાની જીભ પર કાબુ પણ રાખવો જરૂરી છે. ઘીમાં તળેલા ડ્રાયફ્રુટ્સ વધુ પડતા ન ખાવા જોઈએ. ડ્રાય ફ્રુટ્સ વધારે ખાવાના ઘણા ગેરફાયદા છે.



## વધારે ડ્રાય ફ્રુટ્સ ખાવાથી થઈ શકે છે સમસ્યાઓ

**પેટની સમસ્યાઓ :** ડ્રાયફ્રૂટ્સ ફાઈબરનો સારો સ્ત્રોત છે, પરંતુ તેને વધુ માત્રામાં ખાવાથી પેટમાં ગેસની સમસ્યા, કબજિયાત કે ઝાડા થવાની સમસ્યા પણ રહે છે. અખરોટનું સેવન ચોક્કસ મર્યાદામાં કરો જેથી પેટની સમસ્યા ન વધે. જો તમે તળેલા કાજુ ખાઓ છો, તો વધારે પડતા ખાવાથી નુકસાન થઈ શકે છે.

**વજન વધી શકે છે :** ડાયેટમાં ડ્રાયફ્રૂટ્સનો સમાવેશ કરવાથી વજનનું સંતુલન જળવાઈ રહે છે. પરંતુ જો તમે ડ્રાય ફ્રુટ્સ વધારે પડતા ખાઓ તો તેનાથી વજન વધી શકે છે. વધુ પડતા ડ્રાયફ્રુટ્સ શરીરમાં કેલરીની માત્રામાં વધારો કરે છે જે આપણા શરીર માટે સારું નથી.

**શુગર લેવલ વધે છે :** કાજુ, બદામ, પિસ્તા અને કિસમિસ જેવા ડ્રાયફ્રૂટ્સમાં નેચરલ શુગર હોય છે, પરંતુ જો વધારે પડતા ડ્રાય ફ્રુટ્સ ખાવાથી તેમાં હાજર ફ્રુક્ટોઝ શરીરમાં વધુ થઈ જાય છે, વધારે પડતું ડ્રાય ફ્રુટ્સનું સેવન કરવાથી શુગર લેવલ વધી શકે છે.

**અપચાની સમસ્યા :** જો ડ્રાય ફ્રુટ્સ વધારે ખાવામાં આવે તો તે પાચનતંત્ર પર પણ અસર કરે છે. તેનાથી અપચો, ઉલ્ટી અને પેટમાં દુઃખાવો થઈ શકે છે.

# શું ફેસબુક ફેસ રેકગ્નિશન ફીચર્સને બંધ કરશે?



ફેસબુકની નવી-રીબ્રાન્ડેડ પેરેન્ટ કંપની મેટાએ તેની દાયકા જૂની "ફેસ રેકગ્નિશન" સિસ્ટમને બંધ કરવાની અને ટેક્નોલોજીના ઉપયોગને મર્યાદિત કરવાનો નિર્ણય લીધો છે. જેમાં અત્યાર સુધીના એક અબજ કરતાં વધુ યુઝર્સના ચહેરાની ઓળખ સીસ્ટમ માંથી કાઢી નાખવાનો નિર્ણય કર્યો છે.

જે ફેસ રેકગ્નિશન ફીચર્સ આગામી અઠવાડિયામાં બંધ થવાની ધારણા છે તેનો અર્થ એ થશે કે જે યુઝર્સ એ અગાઉ આ સેટિંગ પસંદ કર્યું છે તેઓ હવે મેમરીઝ, ફોટા અને વીડિયોમાં આપમેળે ઓળખાશે નહીં અથવા તેઓ દેખાઈ શકે તેવા ફોટા અને વીડિયોમાં તેમના નામ સાથે સૂચવેલા ટેગ્સ જોઈ શકશે નહીં. વધુમાં કંપનીનું AAT (Automatic Alt Tool) કામ કરશે નહી જે પહેલા ફોટા અથવા વિડીઓ પરથી આપમેળે લોકોને ઓળખી બતાવતું હતું અને તેમાં હવે ફોટામાં ઓળખાયેલા લોકોના નામનો સમાવેશ થશે નહીં.

ફેસ રેકગ્નિશન ફીચર્સના કારણે યુઝર્સની પ્રીવસી છીનવાય રહી હોવાથી ફેસબુક આ ફીચર્સને બંધ કરવાનો નિર્ણય કરી રહી છે. Amazon પણ ફેસ રેકગ્નિશન ફીચર્સની ગોપનીયતા જળવાય રહે તે માટે સરકાર પાસે ચોક્કસ કાયદાની માંગણી કરી રહ્યું છે.

મેટા જણાવે છે કે અન્ય યુઝર્સને ફેસ રેકગ્નિશન ફીચર્સમાં લોકોએ પ્રોફાઈલ લોક કરેલા એકાઉન્ટ તથા નાણાંકીય સંબંધ ધરાવતા એકાઉન્ટના યુઝર્સના ફેશ રેકગ્નિશનનો સમાવેશ થશે નહી. મેટાએ ડીપફેસને જાળવી રાખવાની અપેક્ષા દર્શાવી છે. જે તેની ફોટો-ટેગીંગ ચહેરાની ઓળખ પ્રણાલીને શક્તિ આપે છે જે એક અત્યાધુનિક અલ્ગોરિધમ છે.

ફેસબુકે 2010 માં ચહેરાની ઓળખને ફેસ રેકગ્નિશન ટેમ્પલેટ પર આધારિત નામો સાથે ફોટા અને વિડિયોને આપમેળે ટેગ કરવાના માધ્યમ તરીકે રજૂ કરી હતી. તે યુઝર્સના પ્રોફાઈલ પિક્ચર્સ તેમજ ફોટા અને વિડિયોમાંથી બનાવે છે. લોંચ વખતે યુઝર્સ પાસે આ ફીચર્સને બંધ કરવા માટે કોઈ વિકલ્પ ન હતો. જે સપ્ટેમ્બર 2019માં ફેસબુકના સેટિંગ્સમાં મુકવામાં આવ્યો. ત્યારે પણ 640 મિલિયન યુઝર્સ કરતા વધુ યુઝર્સએ ફેસ રેકગ્નિશન ફીચર્સને પસંદ કરી ચાલુ રાખ્યો હતો.

ફેસબુકને બાયોમેટ્રિક માહિતીના ઉલ્લંઘન માટે કોર્ટમાં લઈ જવામાં આવી હતી. જેના સમાધાન રૂપે 650 મિલિયન ડોલર ચુકવવા પડ્યા હતા. જેના કારણે ફેસબુક હવે મેટા ના નામે રીબ્રાંડ થઈ ચુક્યું છે. જેના કારણે ભવિષ્યમાં યુઝર્સની પ્રીવસીમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે.

@beinghumanmj

**કવયિત્રી : હિના મોદી શીર્ષક : હાથમાં**

**છે હાથમાં કલમ એ ચલાવી શકી નહીં,લખવા મથું છું એ જ ઉતારી શકી નહીં.**
**હર પળ ઝબોળી રાખી કલમ રક્તમાં છતાં, આંખેથી અશ્રુબિંદુ વહાવી શકી નહીં.**
**લૂંટાવ્યો પ્રેમ તો ય કિનારો મળ્યો નહીં, મધદરિયે ભવની નાવ ચલાવી શકી નહીં.**
**ગરકાવ થઈ શકી નહીં ગઝલોનાં સાગરે, ઊર્મિની લાશ એમાં ડુબાડી શકી નહીં.**


કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ
અમો સેવા આપીએ છીએ.

કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ,
વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન,
બેબી શાવર, જેવા કાર્યો માટે
સંપર્ક કરો.
શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits

Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Every Tuesday 5-6 PM
Adult Yoga Class
Every Saturday 9-10 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કલંકિત પ્રકરણો બાદ કુલપતિ-કુલનાયકની સત્તામાં કાપ

**રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કરાર આધારીત અધ્યાપકોની ભરતીના વિવાદ સહિતનાં અનેક કલંકિત પ્રકરણઓથી યુનિ.ની આબરૂ ખરડાતા કુલપતિ અને કુલનાયકની સતા ઉપર કાપ મુકવામાં આવ્યો હોય તે રીતે રાજય સરકારની મંજુરી વિના કોઈપણ પ્રકારના મહત્વના નિર્ણયો નહી લેવાની તાકીદ કરવામાં આવી છે. રાજય સરકારનાં આદેશ બાદ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી તથા નવી કોલેજોની મંજુરી આપવા સહિતની બાબતો તેમજ આર્થિક ખર્ચા કરવા અંગેના નિર્ણયો પર પાબંદી આવશે.

સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ છેલ્લા કેટલાંક સમયથી ચર્ચાસ્પદ રહ્યું છે. યુ.જી.સી.ની નેક કમીટીનો એ ગ્રેડ ગુમાવ્યા પછી અનેક પ્રકરણોમાં યુનિ.નો વહીવટ વિવાદાસ્પદ રહ્યો છે. નેક કમીટીના આગમન સમયે ટ્રેકટરના ફેરાનું માટી કૌભાંડ બહાર આવ્યા પછી યુનિ.માં કરવામાં આવેલા આડેધડ ખર્ચાઓનો વહીવટ ચર્ચાસ્પદ બન્યો હતો. તાજેતરમાં સિન્ડિકેટ સભ્યોની ભલામણથી કરાર આધારીત અધ્યાપકોની ભરતીની પ્રક્રિયા રાજય સરકારના આદેશ બાદ રદ કરવામાં આવ્યા પછી પીએચડીની છાત્રાના શારીરિક શોષણનું પ્રકરણ યુનિ.માં ગાજતું રહ્યું હતું.

કુલપતિ પ્રો.નીતિન પેથાણી અને કુલનાયક ડો. વિજય દેશાણી વચ્ચેના આંતરીક મતભેદોને લીધે યુનિ.નો વહીવટ દિન-પ્રતિદિન ખાડે ગયો હોવાની ફરિયાદો બાદ રાજય સરકાર દ્વારા યુનિ.માં પદાધિકારીઓની સતાઓ નિયંત્રિત કરવાની જે સુચના આપવામાં આવી છે. તેને લીધે દિવાળી પછી નવું સત્ર શરૂ થાય તે પહેલાં જ શૈક્ષણિક અને વિના શૈક્ષણિક કર્મચારીઓની ભરતી રાજય સરકારની મંજુરી વિના નહી કરવાની સુચના આપવામાં આવી છે.

# લગ્ને-લગ્ને કુંવારા ! અમદાવાદમાં 5 યુવતીને ફસાવનારો યુવક ઝડપાયો

## ચોથી પત્ની ફોટો લઈને પાંચમી પત્નીના ઘરે પહોંચતા ભાંડો ફૂટ્યો

**અમદાવાદ**

સોલા વિસ્તારમાં લગ્ન કરીને યુવતીના વાહન અને દાગીના વેચીને જલસા કરનાર એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. આ યુવકે એક, બે નહીં પરંતુ 5 યુવતીઓને પોતાનો શિકાર બાવી હોવાનું સામે આવ્યું છે. 2016માં ખાનગી કંપનીમાં મહિલાનો પરિચય પ્રબજોત પંજાબી સાથે થયો હતો. યુવતીના પ્રથમ પતિ સાથે છૂટાછેડા થઈ જતાં 2018માં પ્રબજોતે પોતે કુંવારો હોવાનું કહીને યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. આટલું જ નહીં, પ્રબજોત ફરિયાદી યુવતી સાથે મંદિરમાં ફૂલહાર કરીને તેની સાથે લિવઈનમાં રહેવા લાગ્યો હતો. આ દરમિયાન એક દીકરીનો જન્મ પણ થયો હતો. મહિલાએ કોર્ટ મેરેજની વાત કરતાં આરોપી ઘર છોડીને ફરાર થઈ ગયો હતો. આરોપીની અગાઉની એક પત્ની તેનો ફોટો લઈને ફરિયાદી મહિલાના ઘરે પહોંચતા પ્રબજોતનો ભાંડો ફૂટી ગયો હતો. મહિલાએ આક્ષેપ કર્યો છે કે, પ્રબજોત પરિણીત હોવા છતાં પોતાને કુંવારો ગણાવીને લગ્ન કર્યા. આટલું જ નહીં, પોતે શરૂ કરેલા કાફે અને કાર વેચીને તેના રૂપિયા ચાઉ કરી લીધા છે.

# ન્હાવા પડેલો યુવાન અને ભાણેજ વહુ પાણીના ખાડામાં ડૂબી ગયા

**રાજકોટ**

કણકોટ ન્યારી રોડ પર સાકેત બંગ્લોઝ નામની સાઈટ પર કામ કરતા નેપાળી પરીવારના આઠેક સભ્યો ભાઈબીજના દિવસે બપોરે આસારામ બાપુના આશ્રમ નજીક નવી બનતી સાઈટ માટે ખોદવામાં આવેલા પાણી ભરેલા ખાડામાં ન્હાવા ગયા હતા. જયાં ઉંડાઈ સુધી જતા રમેશ ડુબવા લાગ્યો હતો. તેને બચાવવા તેની ભાણેજ વહુ મથુરાબેન પાછળ જતા તે પણ ડુબવા લાગી હતી.

આ દ્રશ્ય જોઈ મથુરાબેનનો પતિ મદન ગયો હતો. પરંતુ પાણી ઉંડુ જણાતા તત્કાળ બહાર નિકળી ગયો હતો. આ ઘટનાને પગલે નેપાળી પરીવારના સભ્યોએ બુમાબુમ કરી હતી. જે સાંભળી ત્યાંથી પસાર થયેલા વાહન ચાલકોએ પહોંચી ખાડામાં જઈ તપાસ કરતા રમેશ અને મથુરાબેનનો મૃતદેહ જ હાથ લાગ્યો હતો. જાણ થતા તાલુકા પોલીસ સ્થળ પર પહોંચી હતી. જરૂરી કાર્યવાહી બાદ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સિવિલમાં ખસેડયા હતા. આ ઘટના બની ત્યારે મૃતક રમેશની પત્ની, મથુરાબેનનો પતિ અને બંનેના બાળકો હાજર હતા. પરીવારના બે-બે સભ્યોના મોતથી ગરીબ નેપાળી પરીવાર પર આભ તુટી પડયુ હતું.

# પાક. મરીનનો આતંક : જખૌ નજીક ઓખાની બોટ ઉપર ફાયરિંગ થતાં માછીમારનું મોત

## ગોળીબારથી બચી જલપરી બોટ સાથે ઓખા બંદરે પહોંચી છ ખલાસીએ જાણ કરી

**ભુજ**

ઓખાના આર.કે. બંદરની શિરાજી જેટી ખાતોથી ગત તા.૨૫મીના રોજ રાત્રે આઠ વાગ્યે ‘જલપરી’ નામની એક બોટ મારફતે સાત ખલાસીઓ માછીમારી કરવા માટે નીકળ્યા હતા. જેની વિધિવત્ નોંધ પણ કરવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગામના રહીશ એવા જેન્તીભાઈ નાનજીભાઈ રાઠોડની માલિકીની ‘જલપરી’ માછીમારી બોટમાં તમામ સાત ખલાસીઓ અરબી સમુદ્રમાં ભારતીય જળસીમામાં બોર્ડરાથી આશરે વીસ નોટીકલ માઈલ દુર દેશની જળસીમામાં જ માછીમારી કરી રહ્યા હતા, ત્યારે તા.૬ ના રોજ બપોરે ત્રણાથી ચાર વાગ્યા દરમ્યાન પાકિસ્તાન મરીન વિભાગની બે બોટો આવી અને તેમાં રહેલા શખ્સો દ્વારા ‘જલપરી’ બોટના માછીમારો ઉપર આડાધડ ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. ફાયરિંગમાં આ બોટમાં રહેલા માછીમાર એવા મહારાષ્ટ્ર રાજ્યના થાણે વિસ્તારના રહીશ એવા શ્રીધર રમેશભાઈ ચામડેને ગોળી લાગવાના કારણે બોટમાં જ તેમનું કરૂણ મૃત્યુ નિપજયુ હતું. જ્યારે વહાણના ટંડેલ એવા દીવ જિલ્લાના વણાકબારા ખાતે રહેતા દિલીપભાઈ નટુભાઈ સોલંકી (ઉ.વ. ૩૪) ને લમણામાં ગોળી લાગતા તેઓ પણ ઈજાગ્રસ્ત થયા હતા. પાકિસ્તાન દ્વારા અંધાધૂંધ ગોળીબારાથી બચી અને જલપરી બોટ સાથે અન્ય છ ખલાસીઓ ગઈકાલે રવિવારે બપોરે ઓખા જેટી પર પરત પહોંચ્યા હતા.

# અમદાવાદ સિટીમાં ત્રીજી લહેરની દહેશત વચ્ચે ડેન્ગ્યુ-ચિકનગુનિયાના કેસ વધ્યાં



**અમદાવાદ**

ગુજરાતમાં હાલ મોડી રાત્રે ઠંડીના ચમકારો-દિવસે ગરમીથી ડબલ સિઝન અનુભવાય છે અને તેના પગલે વાયરલ ફિવરના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. દિવાળીની રજાઓના ચાર દિવસ દરમિયાન અમદાવાદમાં વાયરલ ફિવર, ચિકનગુનિયા, ડેન્ગ્યુના કેસમાં ગત વર્ષની સરખામણીએ ૩૦%નો વધારો થયો છે. બીજી તરફ સિવિલ હોસ્પિટલ ખાતે જનરલ ઓપીડીએ ૩ હજારનો આંક વટાવી દીધો છે. કોરોના કેસ માં સતત ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ બીજી તરફ જનરલ ઓપીડીમાં સતત વધારો થઈ રહ્યો છે. દિવાળીનો પર્વ હતો તહેવાર પહેલા ઓપીડી ઓછી હતી. પરંતુ તહેવાર પૂર્ણ થતાં ફરી એક વખત સિવિલ હોસ્પિટલમાં ઓપીડી વધી ગઈ છે. ૮ નવેમ્બરના આંકડા પર નજર કરીએ તો જનરલ ઓપીડી ૩૧૪૮ જ્યારે બાળકોની ઓપીડી ૨૪૯ નોંધાઈ હતી. ડોકટરોના મતે, ‘હાલમાં ડબલ સિઝનને પગલે આ કેસમાં હજી થોડો સમય વધારો રહેશે. વાયરલ ફિવર વધવા પાછળનું મુખ્ય પરિબળ અત્યારનું હવામાન જ છે.

# ગુજરાતમાં ટૂંક સમયમાં વિધાનસભા ચૂંટણી આવશેઃ સાંસદ મનસુખ વસાવા

**નર્મદા**

રાજ્યમાં આવનારા દિવસોમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવાની છે, તેને લઈને અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યા છે. ત્યારે ગુજરાતના સાંસદ મનસુખ વસાવાએ હાલ એક મહત્ત્તવપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. મનસુખ વસાવાએ હાલ વિધાનસભાની ચૂંટણીને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે આજે જણાવ્યું છે કે ગુજરાતમાં ખૂબ ઓછા સમયમાં વિધાનસભા ચૂંટણી આવશે. આગામી ૫થી ૬ મહિનામાં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવશે. આ સાથે જ તેમણે ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને મોટા સંકેત આપી દીધા છે. ગુજરાતના સાંસદ મનસુખ વસાવાએ ઉમેર્યુ હતું કે, સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડીશું. અને નર્મદા જિલ્લાની તમામ બેઠકો ભાજપ જીતશે. થોડા સમય પહેલા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વહેલી આવી રહી છે તેવી અટકળો પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું હતું. પરંતુ આજે ફરી એકવાર વિધાનસભાની ચૂંટણીને લઈને એક નિવેદન સામે આવ્યું છે. રૂપાણીની વિદાય પછી નવી સરકારનું આગમન થતાં જ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી વહેલી થશે તેવી અટકળો વહેતી થઈ હતી.

# સુરતનો મહેતા પરિવાર કરોડોની સંપત્તી ત્યાગીને સંયમી જીવન અપનાવશે

**સુરત**

સુરતનો સાધન સંપન્ન પરિવાર એકસાથે સંયમના માર્ગે ચાલી નીકળવા માટે તૈયાર છે. સુરતમાં યોજાનારા ૭૪મા સામૂહિક દીક્ષા મહોત્સવમાં વિપુલભાઈ પત્ની અને બે યુવાન સંતાનો સાથે દીક્ષા ગ્રહણ કરવાના છે. ૭૪મા સામૂહિક દીક્ષા મહોત્સવમાં ૭૪ દીક્ષાર્થીઓમાં કુલ આઠ પરિવારો છે. તેમાંનો ડાયમંડ બિઝનેસ સાથે સંકળાયેલા ૫૬ વર્ષીય વિપુલભાઈ રસીકલાલ મહેતાનો આલિશાન ફ્લેટ હાલ સાદગી અને સાત્વિકતાનો પર્યાય બની ગયો છે. ૫૧ વર્ષીય પત્ની સીમાબેન અને બે પુત્રો પ્રિયેન (૩૦ વર્ષ) અને રાજ (૨૦ વર્ષ) સંયમના માર્ગે ચાલવા માટે અધીરા બન્યા છે.

# ભાવનગરમાં પ્રેમ લગ્નનો કરૂણ અંજામ પત્નીની હત્યા કરી આપઘાતનો પ્રયાસ

**ભાવનગર**

ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારના પ્રેસ ક્વાર્ટરમાં સાસરી ધરાવતા ચાર્મીબેન પ્રવિણભાઈ નાવડીયા (ઉ.વ.૨૦) એ દોઢ વર્ષ પૂર્વે વિશાલ ભુપતભાઈ વાઘેલા (ઉ.વ.૨૩) સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. લગ્નજીવન દરમિયાન પારિવારીક ઝઘડાઓ ચાલતા હોય જેને લઈ ચાર્મીબેને થોડા સમય પૂર્વે પોલીસ મથકમાં અરજી પણ આપી હતી. દરમિયાન સાસરીયુ છોડી તેઓ સરીતા સોસાયટી શેરી નં.૬ પિયરમાં રીસામણે રહેતા હતાં. દરમિયાન પતિ વિશાલ વાઘેલાએ તેની સાસરી સરીતા સોસાયટીમાં ધસી જઈ ચાર્મીબેન સાથે દિવાળીના દિવસે જ ઝઘડો કરી ઉપરા-છાપરી છરીના ઘા ઝીંકી દઈ કરપીણ હત્યા કરી નાખી હતી. ત્યારબાદ વિશાલે પોતાની જાતે જ ગળાના ભાગે, પેટ અને પડખાના ભાગે છરીના આડેધડ ઘા મારી આત્મહત્યાનો પ્રયાસ કરતા તેને ગંભીર હાલતે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. રક્તરંજીત ઘટનાની જાણ થતા બોરતળાવ પો.સ્ટે.ના પી.આઈ. સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળ પર દોડી ગયો હતો અને વિશાલ વાઘેલા સાથે રહેલ તેના મિત્રને ડિટેઈન કર્યો હતો.

# ગુજરાત રાજ્યમાંથી ૧૦ દિવસમાં ૧૫ હજારથી વધુ નાગરિકો વિદેશ પ્રવાસે

**અમદાવાદ**

છેલ્લા ૧૦ દિવસમાં ગુજરાતમાંથી જ અંદાજે ૧૫ હજારથી વધુ લોકો વિદેશમાં ફરવા માટે ગયા છે. કોરોનાને પગલે વિદેશ સાથેની મોટાભાગની ડાયરેક્ટ ફ્લાઈટ છેલ્લા ૧૮ મહિનાથી બંધ છે. હાલ અમદાવાદથી વિદેશ માટે જે ડાયરેક્ટ ફ્લાઈટ છે તેમાં દુબઈ, અબુધાબી અને લંડનનો સમાવેશ થાય છે. દિવાળીની રજાઓમાં ગુજરાતમાંથી મોટાભાગના લોકોએ વિદેશમાં ફરવા માટે દુબઈ, અબુધાબી ઉપર પસંદગી ઉતારી છે. અમદાવાદ એરપોર્ટથી હાલ દુબઈ માટે દરરોજની ૩, અબુધાબી અને લંડન માટે ૧-૧ ફ્લાઈટ રવાના થાય છે. ૧૦ દિવસથી દુબઈ, અબુધાબીની મોટાભાગની ફ્લાઈટ હાઉસફૂલ જઈ રહી છે.

# રમખાણો અંગે SITએ યોગ્ય તપાસ વિના રિપોર્ટ બનાવ્યો છે, મોદીને ક્લીન ચિટ સામે ઝાકીયા જાફરીની રજૂઆત

**અમદાવાદ**

ગુજરાતના વર્ષ ૨૦૦૨ના રમખાણોના કેસમાં તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એસ.આઈ.ટી. (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) દ્વારા અપાયેલી ક્લીન ચિટને ઝાકીયા જાફરી દ્વારા સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકારી છે. જેમાં આજની સુનાવણી દરમિયાન ઝાકીયા જાફરી તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે એસ.આઈ.ટીયએ યોગ્ય તપાસ વિના ક્લોઝર રિપોર્ટ ફાઈલ કર્યો છે. ઝાકીયા જાફરી તરફથી આજે સીનિયર એડવોકેટ

**કોમી રખમાણો જ્વાળામુખીના લાવારસ જેવા હોય છે અને વેરના બીજ રોપે છે : કપિલ સિબલ**

કપિલ સિબલે રજૂઆત કરી હતી કે રમખાણોની તપાસ માટે નીમવામાં આવેલી એસ.આઈ.ટી.ના રેકર્ડ દર્શાવે છે કે તેમણે યગ્ય રીતે તપાસ હાથ ધરી નહોતી. તેમણે કોઈના ફોન જપ્ત કર્યા નહોતા અને કોલ ડેટા રેકર્ડ પણ ચેક કરવામાં આવ્યા નહોતા. સિબલે તેમનું અંગત ઉદાહરણ આપતા કહ્યું હતું કે આઝાદી પહેલાં તેમણે પાકિસ્તાનમાં રમખાણો દરમિયાન તેમના નાના-નાની ગુમાવ્યા હતા. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે કોમી રમખાણો જ્વાળામુખીની લાવારસ જેવા હોય છે. લાવારસ જેમ જમીન પર આવી ફળદ્રુપ જમીન બનાવે છે તેવી જ રીતે રમખાણો પણ ભવિષ્યના રમખાણો અને વેરના બીજ માટે રોપે છે. રમખાણોની તપાસમાં તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય ૬૩ વ્યક્તિઓને અપાયેલી ક્લીન ચિટને અહેસાન જાફરીના પત્ની ઝાકીયા જાફરીએ સુપ્રીમ કોર્ટમાં પડકારી છે.

**કલાસીફાઈડ / Classified**

**HELPER WANTED**

Elderly Couple, London, Ontario, seeking Gujarati lady for live in help. Cook Gujarati food, provide general help. Free room and board. Salary to be negotiated. **Please call 519-438-4966**

**હેલ્પર જોઈએ છે**

વૃદ્ધ દંપતિ માટે લંડન ઓન્ટેરિયો ખાતે ગુજરાતી ભોજન બનાવી શકે અને સાથે સાથે સામાન્ય મદદ પણ કરી શકે તેવી મહિલા જોઈએ છે. રૂમ અને બોર્ડ આપવામાં આવશે. પગાર માટે નેગોસિએટ કરી શકો છો. ફોન : ૫૧૯-૪૩૮-૪૯૬૬

# વાઈબ્રન્ટ ગુજરાતમાં શિક્ષણનો દશ વર્ષનો રોડ મેપ સરકાર લોન્ચ કરશે

## નવી પોલીસીથી સરકાર ઉચ્ચ શિક્ષણમાં વિદેશી વિધાર્થીઓ-રોકાણને આકર્ષશે

**અમદાવાદ**

કોરોનાને પગલે આ વર્ષે ૨૦૨૧માં જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજી શકાઈ નથી ત્યારે હવે સરકાર ૨૦૨૨માં વાઈબ્રન્ટ યોજવા માટે તડામાર તૈયારીઓમાં લાગી ગઈ છે અને આ વાઈબ્રન્ટ સમીટમાં સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આગામી દર વર્ષ માટેનો રોડ મેપ લોન્ચ કરવામા આવશે.આ રોડ મેપ બનાવવા માટે હાલ યુનિ.ઓના કુલપતિઓની નિમાયેલી કોર કમિટીને કામગીરી સોંપી દેવાઈ છે.

કેન્દ્ર સરકારે નવી એજ્યુકેશન પોલીસી લાગુ કરી દીધા બાદ હવે ગુજરાતમાં તેનો ત્વરીત અમલ કરવા માટે સરકારે આયોજનો શરૂ કરી દીધા છે અને જે અંતર્ગત કમિટીઓની રચના બાદ આગામી શૈક્ષણિક વર્ષથી કોર્ષ-પરિણામ પેટર્ન સહિતની કેટલીક મહત્વની બાબતોનો તમામ યુનિ.ઓમાં સમાનપણે અમલ કરવાની યોજના છે.આ ઉપરાંત સરકાર દ્વારા ગુજરાત યુનિ.અને જીટીયુના કુલપતિ તેમજ ઉચ્ચ શિક્ષણના અધિકારીઓ સાથેની એક કોર કમિટી પણ તાજેતરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નક્કી કરવાઆ આવી છે. આ કમિટીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ સાથે ગુજરાત ઉચ્ચ શિક્ષણ વિકાસ ,વિસ્તાર અને વ્યાપ કઈ રીતે થશે તે માટે દસ વર્ષનો રોડ મેપ તૈયાર કરવાની પણ કામગીરી સોંપવામા આવી છે. આ કમિટી સરકારને દસ વર્ષનો રોડ મેપ તૈયાર કરીને આપશે.આમ નવી એજ્યુકેશન પોલીસીનો સંપૂર્ણ અમલ થતા ૨૦ વર્ષ લાગે તેમ છે પરંતુ ૩ વર્ષથી લઈને દસ વર્ષમાં સરકાર સંપૂર્ણ અમલ કરવા માંગે છે.આ રોડ મેપને આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સરકાર દ્વારા લોન્ચ કરવામા આવશે.

આ રોડ મેપના આધારે સરકાર દ્વારા રાજ્યની યુનિ.ઓમાં રાજ્ય બહારના અને વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા પણ સ્ટડી ઈન ગુજરાત કેમ્પેઈન હેઠળ વધારવા માંગે છે.

# વેક્સિનનો બીજો ડોઝ લેવામાં ગુજરાતીઓ બેદરકાર બન્યા

**અમદાવાદ**

ગુજરાતમાં તહેવારોમાં મોજશોખ કર્યા બાદ ૪ મહિના પછી પહેલીવાર એક દિવસમાં કોરોનાના ૪૨ કેસ નોંધાયા છે. તહેવારોમાં આપેલી છૂટછાટ બાદ ફરી કોરોનાના કેસ વધી રહ્યા છે. જેમાં એક દિવસમાં સૌથી વધુ અમદાવાદમાં ૧૬ કેસ નોંધાયા છે. એટલું જ નહીં પણ છેલ્લા કેટલાક દિવસોથી નવા નોંધાતા કેસ સામે ડિસ્ચાર્જ થતાં દર્દીઓનું પ્રમાણ ઘટી ગયું છે. એટલે જ અમદાવાદમાં એક્ટિવ કેસની સંખ્યામાં વઘારો નોંધાઈ રહ્યો છે. નવા કેસ બાદ કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૧૫ પર પહોંચી ગઈ છે. આ તરફ ગુજરાતમાં અનેક લોકોએ વેક્સીનનો બીજો ડોઝ લીધો ન હોવાનુ સામે આવ્યું છે. જો વિસ્તારથી વાત કરીએ તો એક દિવસમાં અમદાવાદમાં ૧૬, સુરતમાં ૫, વલસાડમાં ૫, વડોદરામાં ૪, જૂનાગઢ, મોરબી, રાજકોટમાં કોરોનાના ૨-૨ કેસ નોંધાયા છે. આ આંકડાઓ પરથી લાગે છે કે, તહેવારોમાં જે રીતે લોકો બિન્દાસથી ફર્યા, બજારોમાં ભીડ ઉમટી અને પ્રવાસન સ્થળો ફૂલ થયા માટે કોરોનાના કેસ ફરી વધી રહ્યા છે. કેમ કે, છેલ્લા ઘણા સમયથી નિયંત્રણો હળવા કર્યા છે, જે બાદ લોકો જાણે કોરોના જતો રહ્યો હોય તેમ ફરી રહ્યા છે. માટે ફરી કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. તો બીજી તરફ, દિવાળી બાદ રસીકરણ ધીમું થતા સુરતમાં તંત્ર એક્શનમાં આવી ગયું છે. સુરતમાં રસીકરણને વેગ આપવા ૧૧૦ ટીમ બનાવી છે. સુરતમાં ૭ લાખ લોકોએ રસીનો બીજો ડોઝ હજી સુધી લીધો નથી.

# ચરોતર પંથકમાં 764માંથી 281 પાતાળ કુવાઓ સદંતર બંધ થઈ ગયા

**વલ્લભવિદ્યાનગર**

આણંદ અને ખેડા જિલ્લામાં ખેતીકાર્યોમાં સિંચાઈની સુવિધા માટે જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા ૭૬૪ પાતાળકુવાઓ કાર્યરત કરાયા હતા. જોકે સમયાંતરે પાણીમાં ખારાશ, યાંત્રિકી ખામી, જળસ્તર નીચા જવા સહિતના કારણોને લઈને ૨૮૧ ટયુબવેલ બંધ થઈ જતાં હાલમાં ૪૮૩ પાતાળકુવાઓ જ કાર્યરત છે. જે કુવા ખેડૂત મંડળીઓને ૫ હજારના વાર્ષિક ટોકન ભાડાપટ્ટેથી આપીને વહીવટ ચલાવવામા આવે છે. ચરોતરમાં સિંચાઈ માટે કેનાલ કે અન્ય કોઈ જળસ્ત્રોતોની સુવિધા નહીં ધરાવતા વિસ્તારોમાં તંત્ર દ્વારા કેટલાક સમય પૂર્વે ખેતીકાર્યો, સિંચાઈની સુવિધા માટે મોટી સંખ્યામા પાતાળકુવાઓનુ નિર્માણ કરવામા આવ્યુ હતું.

# મોંઘાભાવની વીજ ખરીદીમાં સરકારી કંપનીઓએ ૪૪૫ ટકાનો વધારો કર્યો

**અમદાવાદ**

ખાનગી વીજ ઉત્પાદન કંપનીઓને વીજળીના તગડાં ભાવ મળી રહે તે માટે ગુજરાત સરકારની વીજ કંપનીઓએ તેમના ઉત્પાદનમાં છેલ્લા એક વર્ષમાં ૫૦ ટકાથી વધુનો ઘટાડો કરી દીધો છે. આમ કરીને તેમણે ખાનગી ઉત્પાદકોને મોંઘાભાવે સરકારી કંપનીઓને વીજળી વેચવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડદ્વારા ૯૮૯૧ મિલિયન યુનિટ એટલે કે અંદાજે ૯૮૯.૧૦ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવતું હતું તે ઘટાડીને ૪૮૨૪૦ મિલિયન યુનિટ કરી દેવામાં આવ્યું છે. ગુજરાત સરકારની વીજ કંપનીઓની ઉત્પાદન ક્ષમતા હોવા છતાંય તેમણે ૫૦૬.૭૦ કરોડ યુનિટ વીજળી ઓછી પેદા કરી હતી. તેની સામે ઈન્ડિયન એનર્જી એક્સચેન્જમાંથી ૧૦૬૫૦ લાખ યુનિટ એટલે કે ૧૦૬.૫૦ કરોડ યુનિટ વીજળીની ખરીદી કરાવામાં આવતી હતી તે વધારીને ૫૮૦.૩૦ કરોડ યુનિટ જેટલી કરી દીધી હતી. આમ એનર્જી એક્સચેન્જમાંથી ખરીદવામાં આવતી મોંઘાભાવની વીજળીની ખરીદીમાં ૪૪૫ ટકાનો વધારો કરી દીધો હતો.

# વડોદરામાં દારૂની મહેફિલ માણતા અમદાવાદ ભાજપના મંત્રીની ધરપકડ

**વડોદરા**

વડોદરાના આજવા રોડ ખાતે આવેલા ડવડેક એપાર્ટમેન્ટના કે-2 ટાવરના છઠ્ઠા માળે દિવાળીની રાત્રે પાયલ રાજપૂતની બર્થ-ડે હોવાથી દારૂની પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં અમદાવાદ ભાજપના મંત્રી તથા અન્ય મિત્રો પણ જોડાયા હતા. દારૂની ચાલતી મહેફિલની જાણ પોલીસને થતા સ્થળ પર પહોંચી જઈ દારૂની મહેફિલમાં રંગમાં ભંગ પાડ્યો હતો. દારૂની મહેફિલ માણતા નરેન્દ્ર ગજેન્દ્રભાઈ ગોસાઈ (રહે. મેમનગર અમદાવાદ), નિરવ રાજેન્દ્રકુમાર શર્મા (રહે. બોડકદેવ) મિતેષ અમૃતભાઈ રબારી (ભાજપ મંત્રી ,રહે. હર્ષીદ પાર્ક, વસ્ત્રાલ) અને પાયલ રાજપૂતની ધરપકડ કરી હતી.

# સુરતમાં બાળાને પીંખી નાંખનાર હેવાનને પોર્ન વીડિયો વાળો મેમરી કાર્ડ વેચનાર ઝબ્બે

## વડોદની જય અંબે નામની દુકાનના સંચાલકને ત્યાં પોલીસના દરોડા

**સુરત**

વડોદ ગામ વિસ્તારમાં રહેતા બિહારી પરિવારની ઘરના આંગણામાં રમી રહેલી અઢી વર્ષની માસૂમ પ્રિયંકા (નામ બદલ્યું છે) નું ઘરના આંગણામાંથી અપહરણ કરી દુષ્કર્મ કર્યા બાદ હત્યા કરનાર નરપિશાચ પડોશી એવા બે સંતાનના પિતા ગુડ્ડુકુમાર મધેશ યાદવ (ઉ.વ. 35 રહે. ભગવતીનગર, ગોકુલધામ આવાસની સામે, વડોદ અને મૂળ ખૈરા મઠીયા, જિ. જહાંનાબાદ, બિહાર) હાલ રિમાન્ડ હેઠળ છે. રિમાન્ડ દરમિયાન માસૂમનું અપહરણ કરી કયા રસ્તેથી પાંડેસરા જીઆઈડીસીની આર્મો ડાઈંગ મીલની પાછળ અવાવરૂ જગ્યા પર લઈ જઈ જઘન્ય કૃત્ય આચાર્યુ અને ત્યાર બાદ પાંડેસરા શાસ્ત્રી નગરમાં રહેતા મિત્રને ત્યાં કયા રસ્તેથી ગયો હતો તે તમામ બાબતનું રી-કન્સ્ટ્રક્શન કર્યુ હતું. આ ઉપરાંત નરાધમ ગુડ્ડુના મોબાઈલમાંથી મળેલા 149 પોર્ન વિડીયો અંગેની તપાસ અંતર્ગત પોલીસે વડોદ ગામના આર્શીવાદ નગરમાં પ્લોટ નં. 122માં આવેલી જય અંબે નામની દુકાનમાં દરોડા પાડયા હતા. જયાંથી દુકાનદાર લક્કી ઉર્ફે સાગર વિજય શાહ (રહે. 608, હરિઓમનગર, ગુ. હા. બોર્ડ, પાંડેસરા) ની આઈપીસી 292 હેઠળ ધરપકડ કરી પોર્ન વિડીયો વાળો મેમરી કાર્ડ, કોમ્પ્યુટર અને કાર્ડ રીડર કબ્જે લીધું હતું. ઉલ્લેખનીય છે કે લક્કી ઉર્ફે સાગર ગુગલ અને યુ-ટ્યુબ પરથી પોર્ન વિડીયો ડાઉનલોડ કરી મેમરી કાર્ડમાં કોપી કરી તે કાર્ડ 300 રૂપિયામાં વેચતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

# ભુજ-અમદાવાદ વચ્ચે સરકાર ટૂંક સમયમાં જ હવાઈ સેવા શરૂ કરશે

**ભુજ**

કચ્છનો ઔદ્યોગિક તથા પ્રવાસન સ્થળ તરીકે ખુબ વિકાસ થયો છે ત્યારે કચ્છ બહારના શહેરો સાથે લોકોની આવન-જાવનમાં પણ ભારે વધારો થયો છે. પરંતુ કચ્છથી મોટા શહેરો સુધી હવાઈ સેવા ઉપલબ્ધ ન હોવાથી ઝડપી પરીવહન ઈચ્છતા લોકોને ભારે સમસ્યાનો સામનો કરવો પડે છે. ત્યારે ગુજરાત સરકાર ભુજ થી અમદાવાદ વચ્ચે હવાઈસેવા વિસ્તારવા જઈ રહી છે. જો આ સેવા શરૂ થઈ તો ખાસ કરીને પ્રવાસન ઉદ્યોગ, ઔદ્યોગિક જગત તથા કચ્છ સાથે સંબંધ ધરાવતા એનઆરઆઈને મોટો ફાયદો કરશે. મળતી માહિતી મુજબ હાલે કંડલાથી અમદાવાદથી હવાઈ સેવા ચાલુ છે. જે મોટા દિવસોમાં મોટાભાગે ફુલ જ હોય છે. ઉપરાંત પશ્ચિમ કચ્છના લોકોને ત્યાં સુધી લંબાવવું પડતું હોવાથી લોકો હેરાન થતા હોય છે. ત્યારે જો ભુજ થી અમદાવાદ પ્લેન શરૂ થઈ જાય તો પશ્ચિમ કચ્છમાં આવતા એનઆરઆઈ તથા પ્રવાસીઓને સગવડતા ઉપરાંત સમયનો પણ બચાવ થાય તેમ છે. મળતી માહિતી મુજબ સરકાર અમદાવાદ અને સુરત બંને શહેરોને સાંકળતા વિવિધ રૂટ શરૂ કરનારી છે. જેમાં અમદાવાદ- ભુજ , સુરત-ભાવનગર, સુરત- અમરેલી, સુરત- રાજકોટ અને સુરત- અમદાવાદ નો સમાવેશ થાય છે.

# તામિલનાડુમાં વરસાદથી 5નાં મોત, 7 રાજ્યો એલર્ટ

## ઉત્તર ભારતમાં ઠંડી વચ્ચે દક્ષિણ ભારતમાં વરસાદથી જનજીવન ઠપ્પ : માછીમારોને સમુદ્રમાં ન જવા હવામાન વિભાગની સલાહ

**ચેન્નઈ**

ચેન્નઈમાં મુશળધાર વરસાદના કારણે સ્થિતિ સતત કથળી રહી છે અને વરસાદ સંબંધિત ઘટનોમાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં છે. દક્ષિણના આ રાજ્યોમાં છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. બીજીબાજુ હવામાન વિભાગે સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે યલો એલર્ટ જારી કરતાં કહ્યું છે કે આ રાજ્યોમાં ૧૧મી નવેમ્બર સુધી ભારે વરસાદની સંભાવના છે.



હવામાન વિભાગ મુજબ પૂર્વોત્તર ચોમાસાના કારણે ૯થી ૧૨ નવેમ્બર સુધી આંધ્ર પ્રદેશ અને તામિલનાડુના દરિયા કિનારાના ક્ષેત્રોમાં ભારે વરસાદની સંભાવના છે. તામિલનાડુના મદુરાઈ જિલ્લામાં ભારે વરસાદના કારણે સ્કૂલ અને કોલેજ બંધ થઈ ગયા છે. ભારે વરસાદને પગલે તંત્રે એલર્ટ જાહેર કરી છે. મદુરાઈમાં એનડીઆરએફની બે ટીમ તૈનાત કરાઈ છે. વધુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી એમકે સ્ટાલિન સાથે વાત કરી હતી અને કેન્દ્ર સરકારની શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી હતી.

દરમિયાન હવામાન વિભાગે તામિલનાડુ અને આંધ્ર પ્રદેશની સાથે મહારાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારો, પુડુચેરી, કેરળ, કર્ણાટકમાં પણ ૧૧મી નવેમ્બર સુધીમાં ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે સમુદ્ર કિનારાના વિસ્તારોમાં માછીમારોને સમુદ્રમાં અંદર સુધી ન જવાની સલાહ આપી છે. ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યોમાં ઠંડીના આગમન છતાં હવામાન વિભાગે મહારાષ્ટ્રના બે જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરી છે.

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈની સાથે અન્ય ઉપનગરોમાં શુક્રવારે હળવો વરસાદ થવાની આગાહી કરી હતી. અરબ સાગર ઉપર લોઅર પ્રેશરના કારણે મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો હતો, જે આગામી ૨૪ કલાકમાં ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે. ત્યાર પછી ડિપ્રેશન ભારતના પશ્ચિમી કિનારાથી દૂર જતું રહેશે.

# કાનપુરમાં ઝિકા વાયરસના 16 કેસ નોંધાતાં દર્દીનો કુલઆંક 100ને પાર

**કાનપુર**

હજી કોરોના એક અને કોરોના ૨નો કેર પૂરો થયો ન હતો ત્યાં કોરોનાનો 'ડેલ્ટા વેરિયન્ટ' પણ ફેલાતાં તબીબો ખરેખરા મુંઝાઈ રહ્યા હતા. ત્યાં વળી ઝિકા પ્રસરી રહ્યો છે. કાનપુરમાં આજે (બુધવાર તા. ૧૦ નવેમ્બર) ઝિકાના વધુ ૧૬ કેસો નોંધાતા દર્દીઓનો કુલ આંક ૧૦૬ સુધી પહોંચી ગયો છે.

આ અંગે કાનપુરના એક વરીષ્ઠ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે આ રોગ જ્યાં વધુમાં વધુ પ્રસરેલો લાગે છે તેવા વિસ્તારોમાંથી લોહીના નમૂના લેવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પત્રકારોને વધુ માહિતી આપતાં આરોગ્ય વિભાગના અધિકારીએ કહ્યું હતું કે છેલ્લી ગણતરી પ્રમાણે કુલ ૧૦૬ કેસો ઝિકા દર્દીઓના મળ્યા છે. તેમાં નવા કેસમાં, ૯ પુરૂષો અને ૭ મહિલાઓ સમાવિષ્ટ છે. આ મહિલાઓ પૈકી બે તો સગર્ભાવસ્થાની એડવાન્સ્ડ સ્ટેજમાં છે. આ ઝિકા વાયરસનું એપી સેન્ટર (કેન્દ્ર બિંદુ) ચાકેરી વિસ્તારમાં આવેલું છે. ત્યાં જ તે બંને સગર્ભા મહિલાઓ ઝિકાગ્રસ્ત જોવા મળી છે. તેમનાં ગર્ભનું અલ્ટ્રાસોનિક સાઉન્ડથી પરીક્ષણ પણ કરાયું છે.

# જમ્મુમાં ટાર્ગેટ કિલિંગથી કેન્દ્ર એક્શનમાં CRPFના 7500 જવાનો તૈનાત કરાશે

## શ્રીનગરમાં રોજ 15,000 લોકો અને 8,000 વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે

**નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીર ખાતે આતંકવાદીઓ દ્વારા સામાન્ય નાગરિકોની સતત થઈ રહેલી હત્યાઓને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે મહત્વનું પગલું ભર્યું છે. હકીકતે ગૃહ મંત્રાલયે જમ્મુ કાશ્મીરમાં સીઆરપીએફની 5 એડિશનલ કંપનીઝ મોકલવાનો નિર્ણય લીધો છે. આ કારણે રાજ્યમાં હવે સુરક્ષા દળોની કુલ કંપનીઝની સંખ્યા 55 થઈ જશે.

ઉચ્ચ અધિકારીઓના કહેવા પ્રમાણે અત્યાર સુધી જમ્મુ કાશ્મીરમાં બીએસએફની 25 અને સીઆરપીએફની 25 કંપનીઝ તૈનાત હતી. આ નિર્ણય ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં સુરક્ષા મુદ્દે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો હતો. અમિત શાહે ઓક્ટોબર મહિનાના અંતમાં જમ્મુ કાશ્મીરની મુલાકાત લીધી હતી. જે રાજ્યમાંથી કલમ 370 નાબૂદ કરાયા બાદની શાહની પ્રથમ વખતની મુલાકાત હતી.

છેલ્લા 48 કલાકમાં આતંકવાદીઓ દ્વારા એક પોલીસ કર્મચારી સહિત 2 હત્યાઓ કરવામાં આવી ત્યાર બાદ સીઆરપીએફ દ્વારા 5 કંપનીઝ તૈનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ તૈનાતી એક સપ્તાહમાં પૂર્ણ થઈ જશે. મતલબ કે, વધુ 7500 જવાનો તૈનાત કરવામાં આવશે જેઓ આતંકવાદીઓ વિરૂદ્ધ ઓપરેશન્સમાં મહત્વની ભૂમિકા ભજવશે.

# ધમકીભર્યા પત્ર મળતાં યુપીમાં એલર્ટ: મેરઠ સહિત 9 રેલવે સ્ટેશન્સને ઉડાવવાની ધમકી

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશના મેરઠ ખાતે સિટી રેલવે સ્ટેશન પર મંગળવારે બપોરે 3:30 કલાકે પોસ્ટ દ્વારા ધમકીભર્યો પત્ર પહોંચ્યો હતો. આ પત્રમાં મેરઠ સહિત અનેક જિલ્લાઓમાં રેલવે સ્ટેશન્સને 26 નવેમ્બરના રોજ અને 6 ડિસેમ્બરના રોજ ધાર્મિક સ્થળોને બોમ્બ વડે ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીભર્યા પત્રના અનુસંધાને જીઆરપી દ્વારા રેલવે સ્ટેશન પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મેરઠ સિટી રેલવે સ્ટેશન અધીક્ષકના નામથી મોકલવામાં આવેલા પત્રમાં લખ્યું હતું કે, હું મારા જિહાદીઓના મૃત્યુનો બદલો જરૂરથી લઈશ. ખુદા મને માફ કરી દેજો, અમે હિંદુસ્તાનને તબાહ કરી દઈશું. 26 નવેમ્બરના રોજ ગાઝિયાબાદ, હાપુડ, મેરઠ, મુઝફ્ફરનગર, અલીગઢ, ખુર્જા, કાનપુર, લખનૌ,



શાહજહાપુર સહિત અનેક રેલવે સ્ટેશન્સને બોમ્બ વડે ઉડાવી દેવામાં આવશે. વધુમાં 6 ડિસેમ્બરના રોજ અયોધ્યાના હનુમાનગઢી, રામજન્મભૂમિ, ઈલાહાબાદ, ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને સહારનપુર સહિત યુપીના અનેક મંદિરોને બોમ્બ વડે ઉડાવી દેવામાં આવશે.

# ગોરખપુરમાં પાક. ઝંડો ફરકાવનારા 4 લોકો સામે દેશદ્રોહનો કેસ દાખલ

**લખનઉ**

ગોરખપુર જિલ્લાની ચૌરીચૌરા નગર પંચાયત મુંડેરા બજારના વોર્ડ નંબર-10 સ્થિત નિરાલાનગરના એક મકાનની છત પર પાકિસ્તાનનો ઝંડો ફરકાવવાના આરોપસર તાલીમ, પપ્પૂ, આશિક અને આરિફ નામના 4 લોકો વિરૂદ્ધ દેશદ્રોહની કલમ અંતર્ગત કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે એક આરોપીને કસ્ટડીમાં લીધો છે. બબાલ અને હંગામા બાદ પોલીસે તે વિસ્તારની સુરક્ષા વધારી દીધી છે. આ તરફ આરોપીઓના પરિવારજનોના કહેવા પ્રમાણે તે ઝંડો ધાર્મિક હતો અને આ મુદ્દો કારણ વગર ચગાવવામાં આવી રહ્યો છે. બ્રાહ્મણ કલ્યાણ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પંડિત કલ્યાણ પાંડેની ફરિયાદ પ્રમાણે ચૌરીચૌરા ક્ષેત્રમાં વોર્ડ નંબર 10ના નિવાસી તાલિબે પોતાના મકાનની છત પર પાકિસ્તાનનો ઝંડો લહેરાવ્યો હતો. કોઈએ તેનો ફોટો પાડીને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો. વાયરલ ફોટો જોઈને વિશ્વ હિંદુ પરિષદ (વિહિપ) નેતા અમિત વર્મા, આરએસએસના વીરેન્દ્ર સહિત તમામ ભાજપના નેતાઓ અને કાર્યકરો પહોંચી ગયા હતા. તે સિવાય આજુબાજુના લોકો પણ ભેગા થઈ ગયા હતા અને સૌ નારાબાજી કરવા લાગ્યા હતા.

# 100 વર્ષ પહેલા ચોરી થઈ કેનેડા પહોંચેલી અન્નપૂર્ણાની મૂર્તિ ભારત પાછી લવાઈ

**નવી દિલ્હી**

૧૦૦ વર્ષ પહેલા ચોરી થઈને કેનેડા પહોંચી ગયેલી માતા અન્નપૂર્ણાની પ્રાચીન મૂર્તિ ભારત લાવી 15 નવેમ્બરે કાશી વિશ્વનાથ મંદિરમાં ધામધૂમપૂર્વક સ્થપાશે. વિદેશ રાજ્ય મંત્રી મિનાક્ષી લેખીએ કહ્યુ કે, આ મૂર્તિની બનારસ સુધીની યાત્રા શરુ થઈ ગઈ છે. બીજી તરફ યુપી સરકારના અધિકારીએ કહ્યુ હતુ કે, ગુરુવારે મૂર્તિ યુપી પહોંચી હતી. હવે 4 દિવસની યાત્રા કાઢી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના હસ્તે કાશી વિશ્વનાથ મંદિરમાં સ્થપાશે. મંત્રી જી કિશન રેડ્ડીએ કહ્યું છે કે, ૧૯૪૭થી ૨૦૧૪ સુધીમાં સરકાર માત્ર ૧૩ મૂર્તિઓ પાછી લાવી હતી અને આ સરકાર સાત વર્ષમાં ૬૭ મૂર્તિઓને વિદેશથી પાછી લાવી છે

# જમ્મુ-કાશ્મીરમાં સેનાએ 1 વર્ષમાં 112 આતંકવાદીઓને ઠાર માર્યા

## 135 આતંકવાદીઓની ધરપકડ કરી, બેનું આત્મસર્પણ

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરમાં સેના આતંકીઓનો ખાત્મો બોલાવવા માટે સતત ઓપરેશન ચલાવી રહી છે. સેના સતત આતંકવાદીઓને મુંહતોડ જવાબ આપી રહી છે. જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક મહિનાથી આતંકવાદી પ્રવૃત્તિમાં વધારો નોંધાયો છે. સેના પર પાકિસ્તાની આતંકવાદીઓના હુમલા પણ વધ્યાં છે.

સીઆરપીએફએ ચાલું વર્ષમાં અત્યાર સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં અલગ-અલગ વિસ્તારમાં કુલ 112 આતંકવાદીઓને ઠાર માર્યા છે. રાજ્યમાં આંતકવાદી હુમલાનો વધારો થઈ રહ્યો છે. સુરક્ષાદળો સાથે પણ આતંકવાદીની મુઠભેડની ઘટના વધી રહી છે. ભારતીય સેનાએ આ વર્ષે કેટલાય આતંકવાદીઓને ખીણ પ્રદેશમાં ઠાર માર્યા છે. સીઆરપીએફએ તાજેતરમાં જારી કરેલા આંકડામાં જણાવ્યું હતું કે રાજ્યમાં અલગ-અલગ જગ્યાએ એન્કાઉન્ટરમાં કુલ 135 આતંકવાદીઓને ઠાર માર્યા છે. સીઆરપીએફએ જણાવ્યું કે આ દરમિયાન 135 આતંકવાદીઓ પકડાય ગયા અને બે આતંકવાદીઓ આત્મ સમર્પણ કર્યું છે.

# વકફ બોર્ડની જમીનના કેસમાં પુણેમાં સાત સ્થળોએ ઈડીના દરોડા

**નવી દિલ્હી**

મહારાષ્ટ્રના વકફ બોર્ડની જમીનના કેસમાં કેન્દ્ર સરકારની એજન્સી ઈડી દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ઈડી દ્વારા પૂણેમાં સાત સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.આ મામલો વકફ બોર્ડની જમીન ગેરકાયદેસર રીતે વેચવાને લગતો છે અને આ બોર્ડ મહારાષ્ટ્ર સરકારના મંત્રી નવાબ મલિકના મંત્રાલય હસ્તક આવે છે. ઈડીની કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે આર્યન ખાન ડ્રગ્સ કેસને લઈને નવાબ મલિક સતત એનસીબીના અધિકારી સમીર વાનખેડે સામે નિવેદન આપી રહ્યા છે અને પૂર્વ સીએમ ફડનવીસ સાથે પણ તેમનો શાબ્દિક જંગ ચાલી રહ્યો છે.

# બાડમેરમાં બસ-ટ્રક વચ્ચે અકસ્માત : 12 લોકો ભડથું

## અકસ્માતમાં 32 ઘાયલ થયા, વડાપ્રધાન મોદીએ મૃતકોના પરિવારજનોને રૂ. 2 લાખ અને ઘાયલોને રૂ.50,000ના વળતરની જાહેરાત કરી

જયપુર : રાજસ્થાનના બાડમેર જિલ્લામાં બુધવારે થયેલા માર્ગ અકસ્માતમાં ૧૨ લોકોનાં મોત થયા છે અને અન્ય ૩૨ લોકો ઘાયલ થયા છે. બાડમેર જિલ્લાના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ દીપક ભાર્ગવના જણાવ્યા અનુસાર બાડમેર-જોધપુર નેશનલ હાઈવે પર ભાંડિયાવાસ ગામ પાસે સર્જાયેલા બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી જેના કારણે બંને વાહનોમાં આગ લાગી ગઈ હતી.જેના પગલે ૧૨ લોકોનાં મોત થયા હતાં અને ૩૨ લોકો ઘાયલ થયા હતાં.

ભાર્ગવના જણાવ્યા અનુસાર દસ લોકોના મૃતદેહ ઘટના સ્થળેથી જ મળી અવ્યા હતાં. જ્યારે એક વ્યકિતનું મોત હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયું હતું. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને જોધપુરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોતે આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરતા જણાવ્યું છે કે બાડમેરના જિલ્લા અધિકારી સાથે આ દુર્ઘટના અંગે ફોન પર વાત થઈ છે. જિલ્લા વહીવટી તંત્રને રાહત અને બચાવ કાર્યના નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. ઘાયલનો શ્રેષ્ઠ સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવ્યું છે.

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યુ છે. માદીએ વડાપ્રધાનના રાષ્ટ્રીય રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોના પરિવારજનોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.



# ખુર્શીદે હિંદુત્વની વિચારધારાને IS સાથે સરખાવતા મોટો વિવાદ

**નવી દિલ્હી**

કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદના એક પુસ્તકને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. આ પુસ્તકમાં સલમાન ખુર્શીદે હિંદૂત્વની વિચારધારાને ખતરનાક ગણાવી હતી. સનરાઈઝ ઓવર અયોધ્યા નામના પુસ્તકમાં સલમાન ખુર્શીદે હિન્દુસ્તવ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ દરમિયાન તેમણે હિન્દુત્વની સરખામણી બોકો હરામ અને આઈએસઆઈએસ સાથે કરી હતી.

સલમાન ખુર્શીદે પોતાના પુસ્તકમાં કહ્યું છે કે હિન્દુત્વ સાધુ સંતોની સમાનતા અને પ્રાચીન હિન્દુ ધર્મને અલગ કરી રહી છે. જે દરેક રીતે આતંકી સંગઠન આઈએસ અને બોકો હરામ જેવા જેહાદી ઈસ્લામિક સંગઠનો જેવી જ છે. સાથે તેમણે હિન્દુ ધર્મના વખાણ પણ કર્યા હતા અને કહ્યું હતું કે હિન્દુ ધર્મ બહુ જ ઉચ્ચ સ્તરીય ધર્મ છે. જેના માટે મહાત્મા ગાંધીએ જે પ્રેરણા આપી છે તેનાથી વધીને કઈ જ ન હોઈ શકે. જો તેમાં કોઈ નવુ લેબલ લગાવી દે તો તેને હું કેમ માની લઉ? કોઈ ધર્મનું અપમાન કરે તો હું પણ બોલીશ. હિન્દુત્વની રાજનીતી કરનારા ખોટા છે તેવી જ રીતે આઈએસ પણ ખોટુ છે.

# ફડણવીસના અંડરવર્લ્ડ સાથે સંબંધ, બોગસ નોટોના રેકેટને છાવરતા હતા : નવાબ મલિક

**મુંબઈ**

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે મૂકેલા આરોપોના જવાબમાં રાજ્યના મંત્રી નવાબ મલિકે ફડણવીસ પર તેમના કાર્યકાળમાં અંડરવર્લ્ડ સાથે સંબંધો ધરાવતા લોકોને બચાવવા અને બનાવટી નોટોના રેકેટને છાવરતા હોવાનો આરોપ મૂક્યો હતો. મલિકે જણાવ્યું હતું કે, ફડણવીસ બનાવટી નોટોના રેકેટમાં ઝડપાયેલા

ઈમરાન અસલમ શેખ નામના આરોપીને બચાવી રહ્યા હતા. તે ઉપરાંત ફડણવીસના અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમના સાથી રિયાઝ ભાટી સાથે ગાઢ સંબંધો હતા. મલિકે જણાવ્યું હતું કે, નવેમ્બર 2016માં નોટબંધીની જાહેરાત થયા બાદ બનાવટી નોટો ઝડપાઈ પરંતુ એક વર્ષ સુધી રાજ્યમાં આ મામલામાં કોઈ કેસ નોંધાયો નહોતો. રેવન્યૂ ઈન્ટેલિજન્સે ઓક્ટોબર 2017માં રૂપિયા 14.56 કરોડની બનાવટી નોટો ઝડપી હતી પરંતુ ફડણવીસના ઈશારે તેની તપાસ નબળી પાડી દેવાઈ હતી. ફક્ત રૂપિયા 8.80 લાખની બનાવટી નોટો બતાવવામાં આવી હતી અને તેના કારણે ઈમરાન આલમ શેખને જામીન મળી ગયા બાદ કેસમાં આગળ કોઈ તપાસ કરાઈ નહોતી. ઈમરાન ભાજપના નેતા હાજી અરાફત શેખનો નાનો ભાઈ છે. મલિકના હાઈડ્રોજન બૉંબના દાવા પર ભાજપના નેતા આશિષ શેલારે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, હાઈડ્રોજન બૉંબની શેખી મારનારા ફૂલઝડી પણ ફોડી શક્યા નથી. મુન્ના યાદવ, હાજી અરાફત અને હૈદર આઝમ ભાજપના કાર્યકરો છે પરંતુ તેમની સામે એકપણ કેસ નથી.

# સોનીપતની કુંડલી સિંધુ બોર્ડર ખાતે વધુ 1 ખેડૂતનું મોત, ફંદા સાથે લટકતું શબ મળ્યું

**નવી દિલ્હી**

દિલ્હીની સરહદો પર કૃષિ કાયદાઓના વિરોધમાં ખેડૂતોનું આંદોલન સતત ચાલુ છે. ત્યારે આ બધા વચ્ચે સોનીપતની કુંડલી સિંધુ બોર્ડર પરથી બુધવારે પ્રદર્શનમાં સામેલ એક ખેડૂતનો મૃતદેહ ફાંસીના ફંદા સાથે લટકતો મળી આવ્યો હતો. મૃતક ખેડૂતનું નામ ગુરપ્રીત સિંહ હોવાનું કહેવામાં આવ્યું છે. તેઓ પંજાબના ફતેહગઢ સાહિબના રહેવાસી હતા.

તેઓ રૂડકી ગામના રહેવાસી હતા અને તેમની હત્યા થઈ છે કે, આત્મહત્યા કરી હતી તે હજુ સ્પષ્ટ નથી થઈ શક્યું.



કુંડલી થાણા પોલીસે બંને એન્ગલ ધ્યાનમાં રાખીને તપાસ હાથ ધરી છે. પોલીસે મૃતદેહને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું કારણ જાણી શકાશે. કૃષિ કાયદાઓ વિરૂદ્ધના ખેડૂત આંદોલનને એક વર્ષ પૂરૂ થવામાં છે. તેવામાં ખેડૂત સંગઠનોએ 29મી નવેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના શીતકાલીન સત્ર દરમિયાન ટ્રેક્ટર માર્ચ યોજવાનો નિર્ણય લીધો છે. હકીકતે ખેડૂત એકતા મોરચા અંતર્ગત ખેડૂત સંગઠનોની એક બેઠક યોજાઈ હતી. તેમાં ખેડૂત આંદોલનની આગળની રણનીતિ અંગે ચર્ચા થઈ હતી. આ બેઠકમાં રાકેશ ટિકૈત, દર્શનપાલ સિંહ અને ગુરનામ સિંહ સહિત અનેક દિગ્ગજ ખેડૂત નેતાઓ સામેલ થયા હતા.

# ભારત કેનેડા, મલેશિયા ચીન, યુકે સહિતના લોકોને ઈ-વિઝા નહીં આપે

**નવી દિલ્હી**

સરહદ પર ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતે મોટો નિર્ણય લીધો છે. ભારતે ચીનના નાગરિકોને ઈલેક્ટ્રોનિક ટુરિસ્ટ વિઝા (ઈ-વિઝા) નહીં આપવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત કેનેડા, યુનાઈટેડ કિંગડમ, ઈરાન, મલેશિયા, ઈન્ડોનેશિયા અને સાઉદી અરબના નાગરિકોને પણ હવે ભારત ઈ વિઝા નહીં આપે. જો કે તાઈવાન, વિયેતનામ, સિંગાપુર અને અમેરિકા સહિત ૧૫૨ દેશોના નાગરિકો હજુ પણ ઈ વિઝા લઈ શકશે.

આ અગાઉ ભારતે ૧૭૧ દેશોના નાગરિકોને ઈ-વિઝાની સુવિધા આપી હતી. કહેવાય છે કે પીપલ્સ લિબરેશન આર્મી સાથે લદાખમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત સરકારે આ નિર્ણય લીધો છે. ગત એક વર્ષમાં લદાખ ઉપરાંત અરૂણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ ચીન અને ભારતના સૈનિકો આમને સામને જોવા મળ્યા હતા. ભારતે ૨૦૧૫-૧૬માં ચીની પર્યટકો માટે પ્રાયર રેફરલ કેટેગરી (ઈંઝ) નિયમોમાં ઢીલ આપી હતી અને ચીને ઈ-વિઝા મેળવનારા ૧૭૧ દેશોમાં સામેલ કર્યું હતું. ચીન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઈરાક, સૂડાન ઉપરાંત પાકિસ્તાની મૂળના વિદેશી પીઆરસી હેઠળ આવતા હતા.

# નેપાળના આર્મી ચીફ પ્રભુ રામ શર્માનું રાષ્ટ્રપતિ કોવિંદના હસ્તે સન્માન

**નવી દિલ્હી**

નેપાળની સેનાના ચીફ પ્રભુ રામ શર્માને ભારતીય સેનાના જનરલનો માનદ હોદ્દો આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. મંગળવારે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા કાર્યક્રમમાં નેપાળના આર્મી ચીફ પ્રભુ રામ શર્માને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભારતીય સેનાના જનરલનો માનદ હોદ્દો આપ્યો હતો. નેપાળના આર્મી ચીફ ચાર દિવસ માટે ભારતની યાત્રાએ આવ્યા છે.પ્રભુ રામ શર્મા આ જ વર્ષે નેપાળની સેનાના ચીફ બન્યા છે.આ પહેલા મદ્રાસ યુનિવર્સિટીમાં તેઓ વોર અને સ્ટ્રેટેજી વિષયમાં એમફિલની ડિગ્રી મેળવી ચુકયા છે.આ સિવાય ભારતમાં તેમણે સેનામાં ટેકનિકલ અધિકારી તરીકે પણ ટ્રેનિંગ મેળવેલી છે.

# ટ્રક-રિક્ષા વચ્ચે અકસ્માત : છઠ્ઠ પુજા કરી પાછા ફરી રહેલા 10 લોકોના મોત

**કરીમગંજ**

દેશભરમાં છઠ્ઠ પૂજાના માહોલ વચ્ચે આસામના કરીમગંજમાં સર્જાયેલા એક અકસ્માતમાં છઠ્ઠ પૂજા કરીને પાછા ફરી રહેલા 10 લોકોના મોત થઈ ગયા છે. મળતી વિગતો પ્રમાણે એક ઓટો રીક્ષા અને સિમેન્ટ ભરેલી ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી અને આ ઘટના ત્યારે બની હતી જ્યારે છઠ્ઠ પૂજા કરીને લોકો ગઈકાલે મધરાતે રીક્ષામાં બેસીને પાછા ફરી રહ્યા હતા. મૃતકોની ઓળખ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

મરનારા ચાના બગીચામાં કામ કરનારા લોકો હોવાનુ મનાય છે.જાણકારી પ્રમાણે ટ્રકની ઝડપ ઘણી વધારે હતી અને તેના કારણે રીક્ષાને જોરદાર ટક્કર વાગી હતી.

નવ લોકોના સ્થળ પર મોત થયા હતા અને એક વ્યક્તિએ હોસ્પિટલમાં જીવ ગુમાવ્યો હતો.મરનારામાં મોટાભાગના મહિલાઓ અને બાળકો છે. નજરે જોનારાઓનુ કહેવુ છે કે, ડ્રાઈવર ખતરનાક રીતે ટ્રક ચલાવી રહ્યો હતો અને તે ટ્રકનુ નિયંત્રણ કરી શક્યો નહોતો. અને ટ્રક રીક્ષા સાથે અથડાઈ હતી. ટ્રક ડ્રાઈવર સ્થળ પરથી ફરાર થઈ ગયો છે.

# ભારતમાં કોરોનાના 13 હજાર નવા કેસ નોંધાયા, 340 દર્દીઓના મોત

**નવી દિલ્હી**

ગુરુવારે દેશમાં કોરોના વાયરસના ૧૩ હજાર ૯૧ નવા કેસ નોંધાયા છે.જ્યારે ૩૪૦ના મોત થયા હતા. હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા એક લાખ ૩૮ હજાર ૫૫૬ છે, જે છેલ્લા ૨૬૬ દિવસમાં સૌથી ઓછી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, દેશમાં ગુરુવારે કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ત્રણ કરોડ ૪૪ લાખ ૧ હજાર ૬૭૦ થઈ હતી. તે જ સમયે, સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ઘટીને ૧ લાખ ૩૮ હજાર ૫૫૬ થઈ હતી. જ્યારે આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪,૬૨,૧૮૯ થઈ ગઈ હતી.

# સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે ભૂગર્ભ પ્રવૃત્તિ કરી : જેઓ કૉંગ્રેસ સામે એક લાખ મતની સરસાઈથી જીત્યા હતા

### વિકાસ રૂંધાશે

તા. ૭મી ઑગસ્ટ, ૧૯૫૬ના રોજ આવા દ્વિભાષી રાજ્યની ભલામણ દિલ્હીથી જાહેર થતાં ગુજરાત સ્તબ્ધ થઈ ગયું. કેન્દ્રની આ જાહેરાતના ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાત પડયા. ગુજરાતને પોતાનો વિકાસ સાધવાની જે તક ઊભી થઈ હતી તે છીનવાઈ જતી હોય તેમ લાગ્યું. ગુજરાતની પ્રજા ગુસ્સામાં હતી. ત્યારે મુંબઈમાં કનૈયાલાલ માણેકલાલ મુનશીના પ્રમુખપદે એક સંમેલન મળ્યું. તેમાં એવી લાગણી વ્યક્ત થઈ કે મુંબઈ રાજ્યથી ગુજરાતનો વિકાસ રૂંધાશે. બીજી બાજુ મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી બી. જી. ખેર અને ગૃહપ્રધાન મોરારજી દેસાઈએ એવી જાહેરાત કરી કે, ડાંગની ભાષા મરાઠી છે. આવી જાહેરાતથી ગુજરાતની પ્રજાને વધુ આઘાત લાગ્યો. આમ તો ૧૯૫૧માં સર પુરુષોત્તમ દાસની આગેવાની હેઠળ મહાગુજરાતની એક સીમા સમિતિ રચવામાં આવી. વલ્લભ વિદ્યાનગરમાં મળેલી આ સમિતિમાં અરવલ્લી પહાડથી આબુ પ્રદેશ ડુંગરપુર, વાંસવાડા, પૂર્વમાં ખાન દેશ અને દક્ષિણમાં ડાંગ અને ઉમરગામ સુધીનો પ્રદેશ ગુજરાત છે તેમ સૂચવાયું હતું.

દ્વિભાષી રાજ્યનો વિરોધ કરવા અને અલગ ગુજરાત રાજ્યની માગણી કરવા તા. ૨૯-૧૨-૧૯૫૬ના રોજ અમદાવાદના ખાડિયા વિસ્તારની ઔદિચ્ય વાડીમાં મહાગુજરાતની ચળવળ માટે જનતા પરિષદની રચના થઈ. જનતા પરિષદના નેતૃત્વમાં આ લડત સ્વયંભૂ હતી. મહાગુજરાત જનતા પરિષદના પ્રમુખ તરીકે ઈંદુલાલ યાજ્ઞિકની વરણી થઈ.

### કરસનદાસ પરમાર

મહાગુજરાતનું આંદોલન અનેક નાટયાત્મક ઘટનાઓ, કર્ફ્યુ, ગોળીબાર, હિંસા, શહીદોના લોહીથી લથપથ છે. આ લડતમાં જે અનેક નેતાઓએ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું તે બધાને ગુજરાત આજે ભૂલી ગયું છે. મહાગુજરાતના આંદોલનના અનેક નેતાઓ પૈકી એક હતા કરસનદાસ પરમાર જેમણે બ્રહ્મકુમાર ભટ્ટ અને જયંતી દલાલની સાથે રહી મહાગુજરાત માટે ભારે સંઘર્ષ કર્યો. ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનના ઈતિહાસ વિભાગના ઍસોસિયેટ પ્રોફેસર ડૉ. વિજયા યાદવે વિસ્તૃત અભ્યાસ કરીને 'મહાગુજરાત જંગનું વિરલ વ્યક્તિત્વ'ના શીર્ષક હેઠળ એક સંશોધનાત્મક પુસ્તક લખ્યું છે. જેમાં ગુજરાત રાજ્યની ચળવળની ઘટનાઓથી માંડીને તેનાં કારણો, પ્રસંગો, પરિણામોની વિસ્તૃત ચર્ચા કરી છે.

ડૉ. વિજયા યાદવે કરેલા ઉલ્લેખ પ્રમાણે કરસનદાસ પરમારે ભારતની બીજી લોકસભાની ચૂંટણીમાં મહાગુજરાત જનતા પરિષદના ઉમેદવાર તરીકે ઝંપલાવ્યું હતું અને ૧,૧૦,૦૦૦ મતોની ભારે સરસાઈથી જીત મેળવી હતી અને કૉંગ્રેસને સખત આઘાત આપ્યો હતો.


ગુજરાત રાજ્ય માટે જંગ ખેડનાર અનેક વિરોધની વચ્ચે ગુજરાતને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો અપાવનાર કરસનદાસ ઉકાભાઈ પરમાર બહુમુખી પ્રતિભાશાળી રાજદ્વારી વ્યક્તિત્વધરાવતા રાજપુરુષ હતા.

### ગાંધીજીની અસર

કે. યુ. પરમારના હુલામણા નામથી કરસનદાસ પરમાર ગુજરાતમાં પ્રસિદ્ધ છે. માતાપિતા ની ધર્મભાવના, નિષ્ઠાભાવના, સાલસતા, વ્યવહાર કુશળતા જેવા સંસ્કારો વારસામાં મળ્યા હતા. કરસનદાસ પરમારે પ્રાથમિકથી મૅટ્રિક સુધીનું શિક્ષણ દામુભાઈ શુક્લની નવચેતન સ્કૂલમાંથી લીધું. વધુ અભ્યાસ અર્થે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. અહીંના એક વર્ષના અભ્યાસમાં તેમના રાષ્ટ્ર પ્રત્યે દેશદાઝ અને ગુલામી માનસમાંથી મુક્ત થવાની ભાવનાનું સિંચન થયું. તેમના વ્યક્તિત્વ ઉપર ગાંધીજીનાં ભાષણો, પ્રાર્થનાઓ, ગાંધીજી અને તેમના કાર્યકરોના વ્યક્તિત્વનો પ્રભાવ વિશેષ પડયો. 'એમનો બોલ એટલે સ્વાતંત્રયનો શબ્દ' કરસનદાસે સમગ્ર ગુજરાતનો પ્રવાસ ખેડીને આઝાદીનું ગુંજન ચારેકોર ફરતું કર્યું. અમદાવાદને આઝાદીનું મહત્ત્વનું કેન્દ્ર બનાવ્યું હતું.

### સ્વાતંત્રયસેનાની પણ...

કરસનદાસ પરમાર, જયંતી પટેલ અને બ્રહ્મકુમાર ભટ્ટ સાથી મિત્રો હતા. આ ત્રણેયની ત્રિપુટી લાલ, બાલ, પાલ જેવી ગણાતી હતી. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં કરસનદાસની ભૂમિકા મહત્ત્વની રહી. બ્રહ્મકુમાર ભટ્ટને વિદ્યાર્થી આગેવાન યુવા નેતા બનાવવામાં સતત સહયોગ આપતા. તેમને ભાષણ બનાવવા મદદ કરતા. ક્યારેક તૈયાર કરી આપતા. વર્તમાનપત્રો ઉપર પ્રતિબંધ આવતા લડત ચલાવવા માટે જાહેર બૉમ્બ પ્રવૃત્તિ, ભાંગફોડ પ્રવૃત્તિ, ભૂગર્ભ પ્રવૃત્તિ માટે વર્તમાનપત્રોની જરૂર હતી. પ્રવૃત્તિના સમાચારો છૂપી રીતે પહોંચાડવામાં કરસનદાસ પરમાર પણ હતા. પૂરા ખંતથી કરસનદાસ પરમાર જુસ્સાભેર અને ગૌરવભેર આઝાદીની લડતમાં ભાગ લઈ આઝાદીની લડતના સ્વાતંત્રયસેનાની બન્યા.



પ્રકરણ-૧૫

**દ્વિભાષી રાજ્યનો વિરોધ કરવા અને અલગ ગુજરાત રાજ્યની માગણી કરવા તા. 29-12-1956ના રોજ અમદાવાદના ખાડિયા વિસ્તારની ઔદિચ્ય વાડીમાં મહાગુજરાતની ચળવળ માટે જનતા પરિષદની રચના થઈ. જનતા પરિષદના નેતૃત્વમાં આ લડત સ્વયંભૂ હતી. મહાગુજરાત જનતા પરિષદના પ્રમુખ તરીકે ઇંદુલાલ યાજ્ઞિકની વરણી થઈ.**

### જય ભીમ મંડળ

તેમણે બી.એ. ઓનર્સની ડિગ્રી મુંબઈ યુનિવર્સિટીમાંથી મેળવી ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં તે સમયે શિક્ષણનું સ્તર ખૂબ જ નીચું હતું. એ સંજોગોમાં ગ્રામ્ય વિસ્તારમાંથી સૌ પ્રથમ ગ્રૅજ્યુએટ થનાર કરસનદાસ પરમાર હતા. ગ્રામ્ય વિસ્તારના સમાજ માટે શિક્ષણના દ્વાર ખોલી આપનાર ગુજરાતના પ્રથમ ગ્રામ્યજન કરસનદાસ પરમાર હતા. કસ્ટમ ઍન્ડ સેન્ટ્રલ એક્સાઈઝમાં ૧૯૪૬થી ૧૯૫૬ સુધી નોકરી કરી. જય ભીમમંડળની સ્થાપના ઈ.સ. ૧૯૫૧માં કરી. જે આજે સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે. કરસનદાસ પરમારની પ્રથમ નિમણૂક સિદ્ધપુર પાટણમાં થઈ અને ૧૯૫૦માં અમદાવાદની હિમાદ્રી મિલમાં બદલી થઈ. સિદ્ધપુર પાટણના વસવાટ દરમિયાન તેઓએ સમાજનું સામાજિક, આર્થિક સ્તર ઊંચું લાવવાના પ્રયાસો કર્યા. તે માટે તેનો અહેવાલ તૈયાર કરી મુંબઈ સરકારને મોકલી આપ્યો હતો. પાટણમાં હસ્તકલા કારીગરીનાં આર્થિક રાહતની ભલામણ મુંબઈ સરકારને કરી હતી તેનો લાભ પણ કારીગરોને મળ્યો હતો.

### જેલવાસ ભોગવ્યો

કરસનદાસ પરમાર મહાગુજરાત આંદોલનના અગ્રગણ્ય નેતા હતા. તેઓએ આજના ગુજરાતની રચનામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. મહાગુજરાત રાજ્યની રચના માટે તેમણે બલિદાન અને આત્મસમર્પણ આપવા માટે પ્રજાને હાકલ કરી ત્યારે તેઓ પ્રખર નેતા ઈંદુલાલ યાજ્ઞિકનો જમણો હાથ ગણાતા હતા. મહાગુજરાત જનતા પરિષદની રચનાના ૩૦ સભ્યોમાંના તેઓ એક હતા. કરસનદાસ પરમાર સાદગીને વરેલા હતા. મજૂરોના હમદર્દ હતા. ગરીબોના મિત્ર હતા. મહાગુજરાતની ચળવળ દરમિયાન જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓ છેક છેલ્લે સુધી ગરીબો અને પછાત વર્ગની સાથે હમદર્દ બનીને રહ્યા. આજે તેઓ હયાત નથી, પરંતુ 'ગુજરાત' આજે એક અલગ ગૌરવશાળી રાજ્ય છે ત્યારે તેની ચળવળના પાયામાં જે અનેક વ્યક્તિઓએ સંઘર્ષ કરેલો છે તેમાં એક હતા કરસનદાસ પરમાર.

### ઈંદુચાચાના સાથી

મહાગુજરાતની આ ચળવળમાં બીજા જે નેતાઓનું મહત્ત્વપૂર્ણ પ્રદાન હતું તેમાં પ્રબોધ રાવળ, હરિહર ખંભોળજા, સનત મહેતા અને ડૉ. વાસુદેવ ત્રિપાઠીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સંખેડાની આટ્ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના પૂર્વ પ્રિન્સિપાલ એસ. એમ. શાહ અને નારણ પી. મોદીએ પણ આ ચળવળના હિસ્સેદાર હોવાને લીધે જેલવાસ ભોગવ્યો હતો. આ બધાનો મહાગુજરાતની ચળવળમાં અનન્ય ફાળો હતો.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### ધ્રુવ પ્રદેશનું સફેદ રીંછ



માંસાહારી પ્રાણીઓમાં સૌથી મોટું પ્રાણી ધ્રુવ પ્રદેશનું સફેદ રીંછ છે. ધ્રુવ પ્રદેશના ઠંડા વાતાવરણમાં જીવતા રહેવા માટે કુંદરતે તેના શરીર પર ૧૦ સેન્ટિમીટર જાડું ચરબીનું પડ આપ્યું છે. આ રીંછ ૬૫૦ કિલોગ્રામ વજનનું હોય છે. ઊભુ થાય ત્યારે તે ૧૧ ફૂટ ઊંચુ હોય છે. ધ્રુવ પ્રદેશના ઠંડા દરિયાના પાણીમાં તરતી હિમશિલાઓ પર તે રહે છે. સફેદ રીંછ તરવામાં કુશળ હોય છે. ઘટ્ટ વાળ હોય છે એટલે બરફ પર સહેલાઈથી દોડી શકે છે. જરૂર પડે ત્યારે તે ૨૫ કિલોમીટરની ઝડપે દોડી શકે છે. આ રીંછ મોટી માછલીઓનો શિકાર કરે છે. ઠંડા પ્રદેશમાં જીવતા રહેવા કુદરતે સફેદ રીંછમાં ઘણી કરામતો ગોઠવી છે. શરીરની ગરમી બહાર નીકળી ન જાય તે માટે તેના કાન સાવ નાના રાખ્યા છે. એટલે તે ઓછું સાંભળી શકે છે. બદલામાં તેનું નાક વધુ શક્તિશાળી બનાવ્યું છે.

### જીભ વિશે જાણવા જેવું



કદની દ્રષ્ટિએ જીભ શરીરનો સૌથી મજબુત સ્નાયુ છે આપણા શરીરમાં જીભ એક જ સ્નાયુ એવો છે કે જેનો એક છેડો ખુલ્લો છે અને બીજો છેડો ગળામાં જોડાયેલો છે. જીભ ઉપર થયેલી ઇજા સૌથી વધુ ઝડપથી મટી જાય છે, ફિંગર પ્રિન્ટની જેમ દરેક વ્યકિતની જીભની સપાટીની છાપ પણ અલગ અલગ હોય છે. જીભ ઉપર ૩૦૦૦ કરતાંય વધુ સ્વાદગ્રંથિઓ હોય છે. આપણે કેટલાંક શબ્દો બોલવામાં જીભનો ઉપયોગ ફરજિયાત છે. મગર પોતાની જીભ બહાર કાઢી શક્તો નથી. કાચિંડાની જીભ તેના શરીરની લંબાઈ કરતા વધુ લાંબી હોય છે. દેડકો મચ્છર જેવા ઊડતાં જંતુઓને જીભના લપકારાથી ઝડપી લે છે.સાપની જીભને બે ફાંટા હોય છે. જિરાફની જીભ ઉપર વાળ હોય છે. એટલે તે કાંટાવાળા ઝાડ પાન ખાઈ શકે છે. જીભ ઉપરની સ્વાદગ્રંથિઓ દર દસબાર દિવસે નાશ પામીને નવી ઉત્પન્ન થયા કરે છે.

# T-20 વર્લ્ડ કપ: ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ વચ્ચે રવિવારે ફાઈનલ મુકાબલો

## ન્યૂઝીલેન્ડે ઇંગ્લેન્ડને પાંચ વિકેટે પરાજય આપ્યો



અબુધાબીઃ ઓપનર ડેરિલ મિચેલે નોંધાવેલા આક્રમક ૭૩ રનની મદદથી ન્યૂઝીલેન્ડે અહીં આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપની પ્રથમ સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને પાંચ વિકેટે હરાવીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. જ્યાં તેનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે રવિવારે મુકાબલો થશે. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મોઈન અલીની અડધી સદી વડે ઈંગ્લેન્ડે ચાર વિકેટે ૧૬૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૧૯ ઓવરમાં પાંચ વિકેટના ભોગે ૧૬૭ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. આ સાથે ન્યૂઝીલેન્ડે ૨૦૧૯ના વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડે આપેલા પરાજયનો હિસાબ સરભર કર્યો હતો. ન્યૂઝીલેન્ડની ટીમ ત્રીજી વખત ICC ઈવેન્ટની ફાઈનલમાં પહોંચ્યું છે. મેન ઓફ ધ મેચ બનેલા મિચેલે ૪૮ બોલની ઈનિંગમાં ચાર બાઉન્ડ્રી અને ચાર સિક્સર ફટકારી હતી.




ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રસાકસી ભર્યો જંગ જોવા મળશે

## પાકિસ્તાનને હરાવી ઓસ્ટ્રેલિયા ફાઈનલમાં પહોંચ્યું



દુબઈ : પ્લેયર ઓફ ધ મેચ બનેલા મેથ્યૂ વેડે ૧૯મી ઓવરમાં સતત ત્રણ છગ્ગા ફટકારી દેતાં ઓસ્ટ્રેલિયાએ અહીં રમાયેલી આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપની બીજી સેમિફાઈનલમાં વિજય તરફ આગેકૂચ કરનાર પાકિસ્તાનને પાંચ વિકેટે હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રવિવાર ફાઈનલ મુકાબલો રમાશે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને રનચેઝ કરનાર ટીમ મેચ જીતે છે તે પરંપરાને જાળવી રાખી હતી. પાકિસ્તાને ચાર વિકેટે ૧૭૬ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ છ બોલ બાકી રાખીને પાંચ વિકેટે ૧૭૭ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. ઓસ્ટ્રેલિયાને ૪૬ બોલમાં ૮૧ રનની જરૂર હતી અને ટાર્ગેટ હાંસલ કરવો મુશ્કેલ જણાતો હતો પરંતુ સ્ટોનિસ અને મેથ્યૂ વેડે ટીમને વધુ નુકસાન પહોંચાડયા વિના વિજય અપાવી દીધો હતો.

## અરુંધતીના બદલે લવલીનાની પસંદગી કરનાર ભારતીય બોક્સિંગ ફરીથી વિવાદોમાં

**નવી દિલ્હી**

નેશનલ ચેમ્પિયન અરુંધતી ચૌધરીએ ભારતીય બોક્સિંગ ફેડરેશનના એક નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ટ્રાયલ વિના ઓલિમ્પિક બ્રોન્ઝ મેડાલિસ્ટ લવલીના બોરગોહેનની પસંદગી કરીને ફેડરેશને વધુ એક વખત વિવાદ સર્જ્યો છે. ડિફેન્ડિંગ યુવા વર્લ્ડ ચેમ્પિયન અરુંધતીનું માનવું છે કે તેની કેટેગરીમાં ટ્રાયલ નહીં યોજીને ફેડરેશન તેને અન્યાય કરી રહ્યું છે. ફેડરેશને ૭૦ કિલોગ્રામ વેઈટ કેટેગરીને બાદ કરતાં બાકીની ૧૧ કેટેગરીમાં નેશનલ ચેમ્પિયનને ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદ કર્યા છે. ૧૯ વર્ષીય મહિલા બોક્સર ચૌધરીએ કરેલી અરજી અંગે બુધવારે સુનાવણી થઈ હતી જેમાં હાઈ કોર્ટે ફેડરેશન પાસે ખુલાસો માગ્યો છે.

## રોહિત શર્મા ટી-૨૦માં ભારતનો નવો કેપ્ટન, ન્યૂઝિલેન્ડ સામેની શ્રેણીમાં કોહલીને આરામ

**મુંબઈ**

ભારતીય ક્રિકેટ બોર્ડે અપેક્ષા પ્રમાણે ટી-૨૦ના ફોર્મેટમાં કોહલીની વિદાય બાદ રોહિત શર્માને ટીમ ઈન્ડિયાનો નવો કેપ્ટન બનાવી દીધો છે. રોહિતની કેપ્ટન તરીકેની ઈનિંગનો ન્યૂઝિલેન્ડ સામે ૧૭મી નવેમ્બરથી શરુ થનારી ત્રણ ટી-૨૦ની શ્રેણીથી પ્રારંભ થશે. જ્યારે વિરાટ કોહલીને ન્યૂઝિલેન્ડ સામેની ટી-૨૦ શ્રેણીમાં આરામ આપવામાં આવ્યો છે. ટી-૨૦ વર્લ્ડ કપમાં સુપર-૧૨માંથી બહાર ફેંકાયેલી ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટમાં પણ ધરખમ પરિવર્તન થયું છે. રવિ શાસ્ત્રીએ કોચ તરીકે વિદાય લીધી છે અને હવે તેનું સ્થાન રાહુલ દ્રવિડ લેશે.

ભારતીય ક્રિકેટ બોર્ડે વાઈસ કેપ્ટન તરીકે યુવા વિકેટકિપર બેટ્સમેન કે.એલ. રાહુલને તક આપી છે. રવિન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડયાને પડતા મૂકાયા છે.

ભારતીય ટીમ : રોહિત શર્મા (કેપ્ટન), કે.એલ. રાહુલ (વાઈસ કેપ્ટન), ગાયકવાડ, શ્રેયસ ઐયર, સૂર્યકુમાર, રિષભ પંત (વિ.કી.), ઈશાન કિશન (વિ.કી.), વેંકટેશ ઐયર, યઝવેન્દ્ર ચહલ, આર.અશ્વિન, અક્ષર પટેલ, અવેશ ખાન, ભુવનેશ્વર કુમાર, દીપક ચાહર, હર્ષલ પટેલ, મોહમ્મદ સિરાજ.

## પાકિસ્તાનનો આસિફ અલી અને આયરલેન્ડની ડેલાની ICC પ્લેયર ઓફ ધ મન્થ બન્યા

**દુબઈ**

પાકિસ્તાનના બેટ્સમેન આસિફ અલી અને આયરલેન્ડ વિમેન્સ ટીમની ઓલરાઉન્ડર લૉરા ડેલાનીને ઓક્ટોબર મહિના માટે આઈસીસીના અનુક્રમે બેસ્ટ મેન્સ તથા વિમેન્સ પ્લેયર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આસિફે બાંગ્લાદેશના શાકિબ અલ હસન અને નામિબિયાના ડેવિડ વાઈસેને પાછળ રાખીને મેન્સ કેટેગરીનો એવોર્ડ પોતાના નામે કર્યો હતો. વિમેન્સમાં લૉરા ડેલાનીએ પોતાની જ સાથી ખેલાડી ગેબી લુઈસ અને ઝિમ્બાબ્વેની મેરી આન મુસોન્ડાને પાછળ રાખી દીધી હતી. આસિફે અફઘાનિસ્તાન સામેની મેચમાં છેલ્લી બે ઓવરમાં પાકિસ્તાનને 24 રનની જરૂર હતી ત્યારે 19મી ઓવરમાં ચાર છગ્ગા ફટકારીને ટીમને વિજય અપાવી દીધો હતો.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 …
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more …
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

URGENT, URGENT, URGENT ….. LISTING REQUIRE: ANY SIZE MOTELS IN ONTARIO
MANY Qualified Buyers are Ready to sign the OFFER and CLOSE the Deal in 1 to 3 months.
Closing in 3 Weeks if the Seller willing to Hold a Mortgage. Call me ASAP if interested to SELL quickly.

Small to Mid-Size Motels Northern Ontario
Price: $800,000 to $2,500,000

14 Room Motel Near Ottawa SOLD
18 Room Motel Near Pembroke SOLD
27 Room Motel in Thunder Bay SOLD

Other 15 to 50 Room Motels Coming up for sale
Franchise & Non Franchise
Price: $1 M to $5 M 35% to 50% down payment require
Mortgage through one of the banks or private financing

Recently SOLD Motels Near
Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke, Ottawa, Thunder Bay

JOB AVAILABLE : For the Motel located in Northern Ontario
• Housekeeper for room cleaning and general work in the motel, accommodation available for the couple / small family
• Working Partner Willing to invest min $200K, stay & operate/manage the motel offering Partnership + Salary to operate

BUYERS: Call for arranging a personal meeting to discuss your specific requirement, investment & mortgage options.
You must have about 35% down payment & willing to sign buyer representation agreement.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100

# કોરોનાની મહામારી બાદ બ્રિટનમાં પોલ્ટ્રી યુનિટમાંથી H-5 બર્ડ ફ્લૂ કેસ મળી આવ્યા

## એવિયન ઈન્ફ્લુએન્ઝા પ્રીવેન્શન ઝોન જાહેર થયો, સંક્રમણ રોકવા પક્ષીઓને મારી દેવાશે

**લંડન**

દુનિયા હજુ કોરોના મહામારીની સામે લડી રહી છે ત્યારે આ સમયે બ્રિટનમાં વધુ એક નવી મુસીબત આવી છે. મધ્ય ઈંગ્લેન્ડમાં એક પોલ્ટ્રી યૂનિટમાં ખૂબ જ ખતરનાક એચ5 બર્ડ ફ્લૂના કેસ મળ્યા છે. દેશના કૃષિ મંત્રાલયની તરફથી આ માહિતિ આવી છે. તમામ સંક્રમિત પક્ષી વારવિકશાયરમાં અલસેસ્ટરની પાસે એક પોલ્ટ્રી ફાર્મમાં છે. સંક્રમણ રોકવા માટે તમામ પક્ષીઓને મારી દેવાશે.

બર્ડ ફ્લૂનો આ પ્રકોપ એવા સમયે સામે આવ્યો છે જ્યારે બ્રિટને રાષ્ટ્રવ્યાપી એવિયન ઈન્ફ્લુએન્ઝા પ્રીવેન્શન ઝોન જાહેર કર્યો છે. તેના આધારે ફાર્મ અને પક્ષીની દેખરેખ કરનારા લોકોને માટે બાયોસિક્યોરિટીના પ્રતિબંધને કડક કરવાનું કહેવાયું છે. આ પહેલા પણ H5N1 સ્ટ્રેનની જાણકારી ઉત્તરી વેલ્સના એક વ્યક્તિના ઘરે રાખેલી મરઘીમાં જોવા મળી હતી. મધ્ય ઈંગ્લેન્ડમાં પણ આ H5N1 સ્ટ્રેનની જાણકારી મળી છે.

બર્ડ ફ્લૂનો વાયરસ છેલ્લા કેટલાક સમયથી યૂરોપમાં ફેલાયો છે. ફ્રાન્સ, જર્મની, ઈટલી, નેધરલેન્ડ, ડેનમાર્કમાં પણ બર્ડ ફ્લૂનો કેસ વધ્યા છે. ફ્રાન્સના અધિકારીએ બર્ડ ફ્લૂના પ્રકોપની વચ્ચે તમામ બહારના પોલ્ટ્રી ફાર્મના જાનવરોને ઘરે રાખવાનો આદેશ આપ્યો છે. સંક્રમિત અને પ્રવાસી પક્ષીઓથી બચવા માટે ખેડૂતોને આ શિયાળામાં જાળી લગાવવા અને પોલ્ટ્રીને સીમિત કરવાનું કહેવાયું છે. ફ્રાન્સના મંત્રાલયે કહ્યું કે ઈટાલીમાં 19 ઓક્ટોબરથી અત્યાર સુધીમાં કુલ 6 બર્ડ ફ્લૂના કેસ આવ્યા છે.

# ચાર અંતરિક્ષ યાત્રીને સ્પેશ સ્ટેશન માટે રવાના કરાયા

**વોશિંગ્ટન**

એલન મસ્કની કંપની સ્પેસએક્સએ ગુરૂવારે અમેરિકી અંતરીક્ષ એજન્સી નાસા સાથે મળીને ૪ અંતરીક્ષ યાત્રીઓનું ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ)નું મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. આ ક્રૂએ પૃથ્વીની કક્ષા પાર કરી તે સાથે જ ૬૦ વર્ષોના ઈતિહાસમાં ૬૦૦ લોકોનો અંતરીક્ષમાં પહોંચવાનો રેકોર્ડ બની ચુકયો છે. મજેદાર વાત એ છે કે, સોવિયેત સંઘ (રૂસે) ૧૯૬૧માં અંતરીક્ષમાં પહેલી વ્યક્તિ મોકલી હતી ત્યારે ૬૦૦મી વ્યક્તિ એક જર્મન નાગરિક છે જેને અમેરિકા તરફથી મોકલવામાં આવ્યો છે.

સ્પેસએક્સ તાજેતરમાં જ ૪ અંતરીક્ષ યાત્રીઓને પોતાના અંતરીક્ષ યાન દ્વારા પૃથ્વી પર પાછા પણ લાવ્યું છે. જાણવા મળ્યા મુજબ આ ટીમમાં જે અંતરીક્ષયાત્રીઓને સામેલ કરવામાં આવ્યા છે તેમાં એક અનુભવી સ્પેસવોકર (અંતરીક્ષમાં યાનમાંથી બહાર નીકળીને અભ્યાસ કરી ચુકેલી વ્યક્તિ) અને ૨ યુવાનો સામેલ છે. નાસાએ તેમને પોતાના આગામી ચંદ્ર મિશન માટે પણ પસંદ કર્યા છે. આ સ્પેસએક્સનું કુલ ૫મું માનવ મિશન છે. નાસાના અહેવાલ પ્રમાણે જર્મનીના મથાયસ માઉરર અંતરીક્ષમાં પહોંચનારા ૬૦૦મા વ્યક્તિ તરીકે પસંદગી પામ્યા છે.

# નોર્થ કોરિયામાં ભૂખમરાનુ સંકટ ખેતરોમાંથી પાકની થઈ રહેલી ચોરી

**પ્યોંગયાંગ**

તાનાશાહ કિમ જોંગના દેશ ઉત્તર કોરિયામાં ભૂખમરાનુ સંકટ વધારે ઘેરુ બની રહ્યુ છે અને એટલે સુધી કે લોકો ખેતરોમાં જઈને પાક ચોરવા માંડ્યા છે.

આ પ્રકારની ચોરી અટકાવવા માટે ઉત્તર કોરિયાની સરકારે હવે ખેતરોમાં જો કોઈ ચોરી કરતુ હોય તો ગોળી મારી દેવાનો આદેશ આપ્યો છે.ખેતરોની સુરક્ષા માટે ઉત્તર કોરિયાની સેનાના જવાનોને ડ્યુટી સોંપવાની ફરજ પડી છે.

એક મીડિયા રિપોર્ટ પ્રમાણે ઉત્તર કોરિયાની ઘણી જરુરિયાત ચીન પૂરી કરતુ હોય છે પણ કોરોનાના કારણે જાન્યુઆરી 2020થી ઉત્તર કોરિયાએ સરહદો સીલ કરીને ચીન સાથે વેપાર સ્થગિત કરી દીધો હતો.બોર્ડર હજી પણ બંધ છે અને બીજી તરફ ઉત્તર કોરિયામાં ક્લાઈમેટ ચેન્જના કારણે ખેતી પર વ્યાપક અસર પડી છે.ગયા વર્ષે આવેલા પૂરથી પણ ખેતીને ભારે નુકસાન થયુ હતુ.આમ બંને બાજુથી માર પડવાના કારણે દેશમાં ખાવા પીવાની વસ્તુઓની તંગી ઉભી થઈ છે. હવે દેશમાં લોકો ભૂખમરાથી મોતને ભેટી રહ્યા છે. ખેતરોમાં જઈને ઉભા પાકની ચોરી કરવા માટે મજબૂર બન્યા છે.

# કોવેક્સિન-કોવિશિલ્ડને 96 દેશોની માન્યતા ભારતમાં 109 કરોડથી વધુ ડોઝ અપાયા

**વોશિંગ્ટન**

કોરોના વાઈરસની સામે નાગરિકોને રક્ષણ પુરૂ પાડવા માટે ભારતમાં બે રસી તૈયાર કરવામાં આવી છે. જેમાં એક સ્વદેશી કો-વેક્સિન છે જેને હૈદરાબાદની ભારત બાયોટેક કંપનીએ બનાવી છે. જ્યારે બીજી રસી કોવિશીલ્ડ છે જેને ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનિકા અને ભારતની સીરમ ઈન્સ્ટીટ્યુટે સાથે મળીને બનાવી છે. અત્યાર સુધી આ બંને રસીને દુનિયાભરના 96 દેશે માન્યતા આપી છે. ભારત બાયોટેકની કોરોના વેક્સિન કોવેક્સિનને WHO




તરફથી ઈમરજન્સી યુઝ લિસ્ટ (EUL)માં સામેલ કર્યા બાદ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે WHOએ અત્યાર સુધીમાં 8 રસીને EUL (ઈમરજન્સી યુઝ લિસ્ટ)માં સમાવેશ કર્યો છે. આપણને ખુશી છે કે તેમાથી બે રસી ભારતીય છે- કોવેક્સિન અને કોવિશીલ્ડ. વિશ્વના 96 દેશોએ આ બંને રસીને માન્યતા આપી છે.

દેશમાં અત્યાર સુધીમાં 109 કરોડથી વધુ કોરોના રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ‘હર ઘર દસ્તક’ હેઠળ આરોગ્ય કર્મચારીઓ રસીકરણ અભિયાનને અંજામ આપવા માટે તમામ ઘરોની મુલાકાત લઈ રહ્યા છે. 96 દેશોએ કોવેક્સિન અને કોવિશિલ્ડને માન્યતા આપી છે.

# સિએરા લિયોનમાં ઓઈલ ટેન્કરમાં વિસ્ફોટ થતાં 115થી વધુનાં મૃત્યુ, 100 ઈજાગ્રસ્ત

**ફ્રી ટાઉન**

સિએરા લિયોનની રાજધાની ફ્રી ટાઉનમાં શુક્રવાર મોડી રાતે બીજા વાહનથી ટક્કર પછી એક ઓઈલ ટેન્કરમાં થયેલા વિસ્ફોટમાં લગભગ 115થી વધુ લોકોના મોત થયા હતાં અને અન્ય ૧૦૦થી વધુ ઘાયલ થયા હતાં.

હોસ્પિટલના જણાવ્યા અનુસાર ઘાયલો પૈકી કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃત્યુઆંક હજુ પણ વધી શકે તેમ છે. સાક્ષીઓના જણાવ્યા અનુસાર કેટલાક મૃતદેહો મૃતકોના પરિવારજનો દફનાવવા માટે લઈ ગયા હતાં.

પૂર્વ ફ્રી ટાઉનમાં સડક પર બળી ગયેલ કારો અને મોટર સાયકલો મળી આવી હતી. નાયબ આરોગ્ય પ્રધાન અમરા જાંબેએ જણાવ્યું હતું કે વિભિન્ન હોસ્પિટલ અને ક્લિનકોમાં ૧૦૦થી વધુ ઘાયલો સારવાર લઈ રહ્યાં છે.



પીડિતોમાં દુર્ઘટનાગ્રસ્ત ટેન્કરમાંથી લીક થઈ રહેલા ઓઈલને લૂંટવા માટે આવેલા લોકો પણ સામેલ છે. ઉલ્લેખનીય છ કે આ અગાઉ પણ આફ્રિકાના દેશોમાં ટેન્કર દુર્ઘટનાઓમાં અનેક લોકોના મોત થયા છે. ઓઈલ લૂંટવા માટે આવેલા લોકો વિસ્ફોટના શિકાર બની ગયા હતાં.

# અફઘાનિસ્તાનના પાડોશી દેશોનું તાલિબાન સામે ભારતને સમર્થન

**કાબુલ**

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલના નેતૃત્વમાં દિલ્હીમાં યોજાયેલા ક્ષેત્રીય સુરક્ષા ડાયલોગ પર ચીન અને પાકિસ્તાન નજર રાખી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તા બાદ ભારતની એક મોટી રણનીતિથી પાકિસ્તાન અને ચીન બન્ને અલગ થલગ પડી ગયા છે. ક્ષેત્રીય સુરક્ષા ડાયલોગમાં અફઘાનિસ્તાનના સાત મહત્વના પાડોશી દેશોનું ભારત આવવું તે દર્શાવે છે કે ભારત અફઘાનિસ્તાન માટે અતી મહત્વનું છે.

ક્ષેત્રીય સુરક્ષા ડાયલોગે એ શીખવી દીધુ છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાની સત્તામાં ભારતનો દ્રષ્ટીકોણ દુનિયાના લોકતાંત્રીક દેશોને અનુકુળ છે. ભારતની આ પહેલથી ચીન અને પાકિસ્તાનની ભારે મજાક ઉડી છે. ભારત, રશિયા, ઈરાન અને પાંચ સેન્ટ્રલ એશિયન દેશોએ બુધવારે સંયુક્ત રીતે કહ્યું છે કે વૈશ્વિક આતંકવાદ માટે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ ન થવો જોઈએ. આ દેશોના ટોચના અધિકારીઓની બેઠકમાં નિર્ણય લેવાયો છે કે અફઘાનિસ્તાનમાં એક લોકશાહી વાળી સરકાર રચાવી જોઈએ. પાકિસ્તાન અને ચીન તાલિબાનને સમર્થન આપતા રહ્યા છે જ્યારે રશિયાએ આ મામલે હવે ભારતને સમર્થન આપ્યું છે.

# યુએસમાં ભારતીય મૂળના સોફ્ટવેર એન્જિનિયરને આજીવન કેદની સજા

**લોસ-એંજલસ**

૨૦૧૯ની સાલમાં અમેરિકામાં સતત એક સપ્તાહ દરમ્યાન પોતાની પત્ની અને ત્રણ સંતાનોની હત્યા કરવાનો ગુનો કબુલ કરનાર ભારતીય મૂળના સોફટવેર એન્જિનિયર શંકર નાગપ્પા હંગુડને કોઈપણ જાતના પેરોલ વિનાની આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ હત્યાકેસની તપાસ કરનાર અધિકારીએ કહ્યું હતું કે કેલિફોર્નિયામાં આવેલા તેના એપાર્ટમેન્ટમાં હંગુડે એક સપ્તાહના સયગાળા દરમ્યાન તેની પત્ની અને ત્રણ સંતાનોને મોતને ઘાટ એમ કહીને ઉતારી દીધા હતા કે તે પરિવારના સભ્યોને આર્થિક રીતે કોઈ ટેકો કરી શકે તેમ નથી એમ કેસીઆર ટીવીમાં બુધવારે પ્રસારિત થયેલા

# પાક.માંથી પ્રથમ વિશ્વ યુદ્ધના 3.20 લાખ ભારતીય સૈનિકોનો રેકોર્ડ મળ્યા

**ઈસ્લામાબાદ**

બ્રિટિશ ઈતિહાસકારોએ પ્રથમ વિશ્વ યુદ્ધમાં લડેલા 3.20 લાખ ભારતીય સૈનિકોનો રેકોર્ડ લાહોરના એક સંગ્રહાલયમાંથી શોધી કાઢ્યો છે. આ સંશોધને પ્રથમ વિશ્વ યુદ્ધમાં ભારતીય સૈનિકોના વ્યાપક યોગદાનને ફરી એક વખત સાબિત કરી આપ્યું છે. તેમાં પંજાબ અને તેની આસપાસના સૈનિકોના નામ નોંધાયેલા છે. આ દસ્તાવેજો સંગ્રહાલયમાં છેલ્લા 97 વર્ષથી કોઈની નજરે ચઢ્યા વગર પડ્યા રહ્યા હતા. તેને ડિજિટાઈઝ કરીને વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી રહ્યા છે. ભારતીય મૂળના કેટલાક બ્રિટિશ પરિવારોએ રેકોર્ડમાં નોંધાયેલા સૈનિકો અને તેમના પિતા, ગામ અને રેજિમેન્ટના નામો દ્વારા પોતાના પૂર્વજોની ઓળખ મેળવી છે. તે સૈનિકો આરબ દેશો, પૂર્વીય આફ્રિકા, ગૈલીપોલી વગેરે ખાતેના યુદ્ધોમાં સામેલ થયા હતા. કેટલાય પરિવારોએ તેમની 100-100 વર્ષ જૂની તસવીરો અને તેમના દિલચસ્પ કિસ્સાઓ પણ શેર કર્યા હતા. બ્રિટિશ અને આયરિશ સૈનિકોના વંશજો આ જ રીતે રેકોર્ડ દ્વારા પોતાના પૂર્વજોને શોધતા આવ્યા છે.

# યુરોપની કોર્ટે ગૂગલની 2.4 અબજ યુરોનો દંડ ભરવા સામેની અપીલ ફગાવી

**લંડન**

યુરોપિયન યુનિયનની એક ઉચ્ચ કોર્ટે ૨.૪ અબજ યુરો(૨.૮ અબજ ડોલર)નો દંડ ભરવા વિરુદ્ધ ગૂગલે દાખલ કરેલી અપીલને ફગાવી દીધી છે. ગૂગલ પર આરોપ મૂકવામાં આવ્યો છે કે તેણે જાહેરાતના નિયમોનો ભંગ કર્યો છે. કંપની પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેણે પોતાની એન્ડ્રોઈડ મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમથી વિરોધીઓને બ્લોક કર્યા હતાં. ૨૭ દેશોના સભ્ય યુરોપિયન યુનિયને ૨૦૧૭માં જાહેરાતના નિયમોનો ભંગ કરવા બદલ દંડ ફટકાર્યો હતો. યુરોપિયન યુનિયને દંડ ભરવા સામે દાખલ કરેલી ગૂગલની અપીલ ફગાવી દઈને દંડને યોગ્ય ઠેરવ્યો છે.

# તમારા ચહેરા મુજબ કરો ઘરેણાંની પસંદગી

લાંબી ગરદનમાં કૉલર સેટ અને લાંબી બુટ્ટી શોભે છે. ટૂંકી ગરદન પર ગળામાં હાંસડી ટાઈપનો સેટ અને કાનમાં લટકતી બુટ્ટી અને ટૉપ્સ સારાં લાગશે આજકાલ ડિઝાઈનર કપડાંની સાથે ડિઝાઈનર જ્વેલરીનો ક્રેઝ વધી રહ્યો છે. જ્વેલરી પસંદ કરતી વખતે તમે ક્યાં કપડાંની સાથે એ પહેરવાના છો એ જોવું જરૂરી છે, પરંતુ સાથે તમારો ચહેરો કેવો છે એ પણ અગત્યનું છે. દરેક પ્રકારની જ્વેલરી બધાને સૂટ નથી થતી. ડિઝાઈન જ્વેલરી ફેસ-કટ પ્રમાણે ન હોય તો દેખાવ બરાબર નથી લાગતો. તમારા દેખાવ ને  ફેસ-કટ પ્રમાણે જ્વેલરી પહેરી હશે તો ચહેરો ખીલી ઊઠશે. ચહેરાનો શોપ કેવો છે એના પરથી તમને કેવી જ્વેલરી સૂટ થશે એ નક્કી કરવું.

## સાંકડો ચહેરો

આ પ્રકારના ફેસ પર ગળામાં પાતળી ચેઈન અને મોટું પેન્ડન્ટ સારું લાગશે. કાનમાં મોટા ટોપ્સવાળા હૅન્ગિંગ્સ સારા લાગે છે.

સ્ત્રીઓ તેમની ચહેરાની જેટલી કાળજી રાખે છે એટલી ગરદનની નથી રાખતી હોતી. ગરદનને ખૂબસૂરત બનાવવા તથા એના પરની કાળાશ દૂર કરવા નિયમિત કાળજી રાખવી પડે છે.

ગરદનને રોજ ક્લેન્ઝિંગ મિલ્કથી સાફ કરો. ત્યાર બાદ નરિશિંગ ક્રીમથી ગરદનનો મસાજ કરવો. એનાથી ત્વચા નિખરશે.

ગરદનનો  નો મસાજ બન્ને હાથે ઉપરથી નીચેની તરફ કરવો એટલે કે હડપચીથી શરૂ કરીને નીચેની તરફ આવવું.

સામાન્ય રૂક્ષ ત્વચા હોય અને પચીસી વટાવી ગયાં હો તો નિયમિત ફેસિયલ કરાવવું. ચહેરા તેમ જ ગરદન પર પણ ફેસિયલ કરવું.

ગરદનની ત્વચા ચહેરાની ત્વચા કરતાં ઘેરી હોય તો ગરદનને તડકાથી રક્ષણ આપવું. તડકામાં બહાર



નીકળતી વખતે ગળે સ્કાર્ફ બાંધવો.

ગરદનની ત્વચાનો રંગ હળવો કરવા ગરદન પર સ્ક્રબનો ઉપયોગ કરવો. એને હળવે હાથે રગડીને પાણીથી ધોઈ નાખવું. સ્ક્રબ બનાવવા માટે બદામને થોડીવાર પાણીમાં પલાળી રાખી એની છાલ ઉતારવી. બરાબર સુકાઈ જાય એટલે એને મિક્સરમાં વાટી એનો પાઉડર બનાવવો અને બૉટલમાં ભરી દેવો.



રોજ સવારે બે નાના ચમચા બદામના પાઉડરમાં થોડું દૂધ મિક્સ કરી પેસ્ટ બનાવીને ગરદન પર લગાવવી. આ એક ઉત્તમ સ્ક્રબ બનશે. સનબર્ન દૂર કરવા ગરદનને ઠંડા દૂધથી ધોવી અને થોડી વાર પછી દહીં લગાવી અડધો કલાક રહેવા દેવાથી ફાયદો થશે.

તમારું પૉસ્ચર બરાબર રાખો. માથું સીધું રાખો અને માથા પર બુક રાખીને ચાલવાનો પ્રયાસ કરો. એનાથી



ગરદનની ત્વચા સખત રહેશે અને ઢીલી લબળી પડેલી નહીં લાગે.

## ગોળ ચહેરો

મોઢું ગોળાકાર હોય તો બહુ લાંબી નહીં અને સાવ ટૂંકી નહીં એવી બટ્ટી સારી લાગશે. ગળામાં હાંસડી જેવો સેટ યોગ્ય લાગશે. જ્વેલરીની ડિઝાઈન ગોળાકાર ન હોય એ ધ્યાનમાં રાખવું.

## લાંબો ચહેરો

જેમનો ચહેરો લાંબો હોય છે તેમના ગાલ ચપટા હોય છે. જો ચહેરાનો આકાર ઈંડા જેવો હોય અને ગળું લાંબુ હોય તો ગળામાં એક ટૂંકો નાજુક હાર અને એની સાથે બીજો લાંબો હાર વધુ યોગ્ય લાગશે. લટકણિયાં પહેરવાનાં ટાળવાં.

## ચોરસ ચહેરો

આ પ્રકારના ચહેરા પર દરેક પ્રકારના સેટ સૂટ થાય છે, પરંતુ જ્વેલરીની ડિઝાઈનમાં સ્કવેર શેપ ન હોય એની કાળજી રાખવી.

## ભારે ચહેરો

આ પ્રકારના ચહેરા પર ગળામાં લાંબો સેટ હોય અને મોટું પેન્ડન્ટ હોય તો સારું લાગે છે. કાનમાં નાની બુટ્ટી અને ટૂંકા હૅન્ગિંગ હોય એવી જ્વેલરી સારી લાગશે. ભરાવદાર ચહેરા પર નાજુક ચેઈન કે નાજુક પેન્ડન્ટ પહેર્યું હશે તોય ન પહેર્યા બરાબર લાગશે.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE REAL ESTATE GROUP
CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!


- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a  single realtor
- Over 15 years of combined experience

JUST LISTED
York & Bremner, Toronto


1 Bed, 1 Bath, Locker
Luxurious Corner 1 Bedroom Suite W/ Locker With Wall To Ceiling Windows In Toronto's Iconic I-C-E Condos. Fully Renovated Floors. Located In The Heart Of Toronto's Waterfront Community- Right At The Centre Of It All! Walking Distance To The Rogers Centre C-N Tower, Union Station, Restaurants, The Harbourfront And So Much More! Experience The Downtown Ambience.*Direct Access To The P.A.T.H. & Grocery

JUST LISTED
Westney & Mcgill, Ajax


3 Bed, 4 Bath, W/O basement
Welcome To Your New Home! Located In The Central Part Of Ajax. Close To Schools, Transit, Restaurants, Plazas, Grocery Stores, Pharmacy, Highways Etc. Upgraded Kitchen With Stainless Steel Appliances, Quartz Countertops & Modern Backsplash. Laminate Floor All Throughout, Hardwood Staircase. Renovated Bathrooms Upstairs. Finished Walk-Out Basement To Fully Fenced And A Beautiful Deck Ideal For Gatherings.



New tower Fourme releasing. Completion 2025. This is your chance to book a unit in this super hot condo project in Scarborough.  Conveniently located at Markham and Ellesmere road. Minutes to Centennial College, University of Toronto,  STC, Hwy 401, Plaza, schools, parks etc. Call for further details!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!



Call or DM for further details on this both amazing projects.
You have Nothing  to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes  Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24'' * 24'' | 12'' * 24'' | 24'' * 48'' | 4'' * 8'' | 4'' * 12''

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474


**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com



Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE

**416.993.0826**
**24/7 # 905.305.8508**



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત **$595** એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com